Q.3 (26 Marks)
LRQ.
HRQ (30 Marks)

# ભારતનું રાજપત્ર

## અસાધારણ

ભાગ-૨ વિભાગ-૧

પ્રાધિકારથી પ્રકાશિત

નં.૪૦૧ નવી દિલ્હી, શુક્રવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩ / ૫ આસો, ૧૯૩૫ (શક)

અલગ સંકલન તરીકે ફાઇલ કરી શકાય તે માટે આ ભાગને અલગ પાના નંબર આપ્યા છે.

## કાયદા અને ન્યાય મંત્રાલય

(વિધાન વિભાગ)

નવી દિલ્હી, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩ / ૫ આસો, ૧૯૩૫ (શક)

340 (1-3)
347

# ભારતનું રાજપત્ર

## અસાધારણ

ભાગ-૨ વિભાગ-૧

પ્રાધિકારથી પ્રકાશિત

નં.૪૦૧ નવી દિલ્હી, શુક્રવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩ / ૫

આસો, ૧૯૩૫ (શક)

અલગ સંકલન તરીકે ફાઇલ કરી શકાય તે માટે આ ભાગને

અલગ પાના નંબર આપ્યા છે.

## કાયદા અને ન્યાય મંત્રાલય

## (વિધાન વિભાગ)

નવી દિલ્હી, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩ / ૫ આસો, ૧૯૩૫ (શક)

સંસદના નીચેના અધિનિયમને ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૩ ના રોજ રાષ્ટ્રપતિશ્રીની સંમતિ મળતાં. તેને આથી લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતાં અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો)

[૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૩]

ઉદ્યોગીકરણ. આવશ્યક આધારમાળખાની સગવડો અને શહેરીકરણ માટે જમીનના માલિક અને બીજા અસરગ્રસ્ત કુટુંબોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે રીતે અને જેમની જમીન સંપાદન કરવામાં આવી છે અથવા સંપાદન કરવા વિચાર્યું છે અથવા આવા સંપાદનથી જેમને અસર પહોંચી,

છે તેવી અસરગ્રસ્ત વ્યક્તિઓમાં પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અંગે પૂરતી જોગવાઈ કરવા અને ફરજિયાત સંપાદનનું સંચિત પરિણામ અસરગ્રસ્ત વ્યક્તિઓ તેમના સંપાદન પછીના સામાજિક અને આર્થિક દરજ્જા અને તેની સાથે જોડાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે વિકાસના સહભાગી બને અને જમીન સંપાદન માટે માનવીય, સહયોગી, જાણીતી, પરામર્શી પ્રક્રિયા નિશ્ચિત કરવા માટે આ અધિનિયમ છે.

સંસદ તેના પ્રજાસત્તાક ભારતના ૬૪મા વર્ષે નીચે મુજબ કાયદો ઘડે છે:

## પ્રકરણ - ૧

## પ્રારંભિક

ટૂંકું શીર્ષક- વ્યાપ અને શરૂઆત

૧. (૧) આ અધિનિયમ જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ તરીકે ઓળખાશે.

(૨) તે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય સમગ્ર ભારતને લાગુ પડે છે.

(૩) તે કેન્દ્ર સરકાર જાહેરનામું બહાર પાડીને સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરીને નિયત કરે તે તારીખથી અમલમાં આવશે.

પરંતુ જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર વિધેયક, ૨૦૧૩ ને રાષ્ટ્રપતિશ્રીની સંમતિ મળે તે તારીખથી ત્રણ મહિનાની અંદર કેન્દ્ર સરકાર આવી તારીખ નક્કી કરશે.

અધિનિયમ લાગુ પડવો.

૨. (૧) યોગ્ય સરકાર તેના પોતાના ઉપયોગ, કબજા અને નિયંત્રણ તેમજ જાહેર સેક્ટર ઉપક્રમો અને જાહેર હેતુ માટે સહિત જમીનનું

સંપાદન. વળતર. પુનઃસ્થાપન અને પુનર્વસવાટને લગતી આ અધિનિયમની જોગવાઇઓ નીચેના હેતુ માટે લાગુ પાડશે:

(ક) નૌસેના. લશ્કરી. હવાઇ દળ અને સંઘનાં સશસ્ત્ર દળો તેમજ કેન્દ્રીય અર્ધ-લશ્કરી દળો અથવા રાષ્ટ્રીય સુરક્ષા અથવા ભારતના અથવા રાજ્ય પોલીસની સલામતી અથવા સંરક્ષણ અને લોકોની સલામતીને લગતા વ્યૂહાત્મક હેતુઓ માટે.

(ખ) આધાર માળખા પ્રોજેક્ટો માટે. તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(૧) ભારત સરકારના આર્થિક બાબતોના વિભાગ (આધાર માળખા પ્રભાગ)ના તા. ૨૭મી માર્ચ ૨૦૧૨ ના નં.૧૩/૬/૨૦૦૯-આઇએનએફની યાદીમાં દર્શાવેલી બધી પ્રવૃત્તિઓ અથવા બાબતો. ખાનગી હોસ્પિટલો. ખાનગી શિક્ષણ સંસ્થાઓ અને ખાનગી હોટલ સિવાય:

(૨) યોગ્ય સરકાર અથવા ખેડૂત સહકારી મંડળી અથવા વિધાન નીચે રચાયેલી સંસ્થાએ રચેલા અથવા તેમની માલિકીના કૃષિ પ્રક્રિયાને સામેલ કરતા પ્રોજેક્ટ. કૃષિ માટે ઇનપુટ પૂરાં પાડવાં. વખાર કામગીરી. કોલ્ડ સ્ટોરેજ સગવડો. કૃષિ અને ડેરી. મત્સ્યોદ્યોગ અને માંસ પ્રક્રિયા જેવી આનુષંગિક પ્રવૃત્તિઓ માટે માર્કેટીંગ આધાર માળખા પ્રોજેક્ટ:

(3) રાષ્ટ્રીય ઉત્પાદન નીતિમાં નિયત કર્યા મુજબ ઔદ્યોગિક કોરિડોર અથવા ખાણકામ પ્રવૃત્તિઓ. રાષ્ટ્રીય મૂડી-રોકાણ અને ઉત્પાદક ઝોન માટે પ્રોજેક્ટ:

(૪) જળ સંચય, જળ સંરક્ષણ માળખાં, સ્વચ્છતા માટે પ્રોજેક્ટ:

(૫) સરકાર દ્વારા વહીવટ કરાતા, સરકાર સહાયિત શૈક્ષણિક અને સંશોધન યોજનાઓ અથવા સંસ્થાઓ માટે પ્રોજેક્ટ:

(૬) રમતગમત, આરોગ્ય સંભાળ, પ્રવાસન, પરિવહન અથવા અંતરીક્ષ કાર્યક્રમ માટે પ્રોજેક્ટ:

(૭) કેન્દ્ર સરકારે આ અંગે અધિસૂચિત કર્યા મુજબની કોઇ આધાર માળખા સગવડ અને સંસદમાં આવા જાહેરનામા રજૂ કર્યા પછી:

(ગ) પ્રોજેક્ટની અસર પામેલાં કુટુંબ માટે પ્રોજેક્ટ:

(ઘ) યોગ્ય સરકાર વખતોવખત નિર્દિષ્ટ કરે તે મુજબ આવાં આવક જૂથ માટે આવાસ માટે પ્રોજેક્ટ:

(ચ) આયોજિત વિકાસ માટે અથવા ગામઠાણની સુધારણા માટે અથવા શહેરી વિસ્તારના કોઇ સ્થળ માટે અને ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નબળા વિભાગના રહેઠાણના હેતુ માટે પ્રોજેક્ટ:

(છ) ગરીબ અથવા ભૂમિહીનો અથવા કુદરતી આફતોથી અસર પામેલા વિસ્તારની વ્યક્તિઓ અથવા સરકાર કે કોઇ સ્થાનિક સત્તાતંત્રે હાથ ધરેલી કોઇ યોજનાના અમલના હેતુસર અસર પામેલી અથવા વિસ્થાપિત વ્યક્તિઓ અથવા રાજ્યની માલિકીના અને રાજ્ય નિયંત્રિત નિગમની વ્યક્તિઓના રહેઠાણના હેતુ માટે પ્રોજેક્ટ:

(૨) જમીન સંપાદન, સંમતિ, વળતર, પુનઃસ્થાપન અને પુનર્વસવાટને લગતી આ અધિનિયમની જોગવાઇઓ, યોગ્ય સરકાર નીચેના હેતુઓ માટે જમીનનું સંપાદન કરે ત્યારે લાગુ પડે છે:

(ક) જાહેર ખાનગી ભાગીદારી પ્રોજેક્ટ માટે, તેમાં પેટા-કલમ (૧) માં વ્યાખ્યા કર્યા મુજબ જાહેર હેતુ માટે જમીનની માલિકી સરકારમાં નિહિત રહેવાનું ચાલુ રહે છે.

(ખ) પેટા-કલમ (૧) માં વ્યાખ્યા કર્યામુજબ જાહેર હેતુ માટે ખાનગી કંપનીઓ માટે-

(૧) કલમ ૩ ના ખંડ (ગ) ના પેટા-ખંડ (૧) અને (૫) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે તે અસરગ્રસ્ત કુટુંબોના ઓછામાં ઓછા ૮૦ (એંસી) ટકાની પૂર્વ સંમતિથી ખાનગી કંપનીઓના સંપાદન બાબતમાં; અને

(૨) કલમ ૩ ના ખંડ (ગ) ના પેટા-ખંડ (૧) અને (૫) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે, અસરગ્રસ્ત કુટુંબોના ઓછામાં ઓછા સિત્તેર ટકાની પૂર્વ સંમતિથી જાહેર-ખાનગી ભાગીદાર પ્રોજેક્ટના સંપાદન બાબતમાં – યોગ્ય સરકાર નિયત કરે તેવી પ્રક્રિયા મારફત મેળવવામાં આવશે.

પરંતુ વધુમાં એ શરતે કે કલમ ૪ માં ઉલ્લેખેલ સામાજિક અસર આકારણી અભ્યાસ સાથે સંમતિ મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

પરંતુ આવા અનુસૂચિત વિસ્તારમાં પ્રવર્તતા જમીનની તબદીલીને લગત્તા કોઇ કાયદા (આખરી બન્યા હોય તેવા કોર્ટના કોઇ હુકમ અથવા ચુકાદા

સહિત) નો ભંગ કરીને અનુસૂચિત વિસ્તારોમાં સંપાદન દ્વારા કોઇ જમીન તબદીલ કરવામાં નહિ આવે.

(3) આ અધિનિયમ હેઠળની પુનઃસ્થાપન અને પુનર્વસવાટને લગતી જોગવાઇઓ નીચેના કેસમાં લાગુ પડશેઃ

(ક) ખાનગી કંપની યોગ્ય સરકાર નિયત કરે તે ગ્રામીણ વિસ્તાર અથવા શહેરી વિસ્તારમાં મર્યાદા જેટલી અથવા વધારે જમીન, કલમ ૪૬ની જોગવાઇઓ અનુસાર જમીનના માલિક સાથે ખાનગી વાટાઘાટ કરીને જમીન ખરીદે છે ત્યાં;

(ખ) ખાનગી કંપની આમ જાહેર હેતુ માટે નિયત કરેલા વિસ્તારના ભાગના સંપાદન માટે યોગ્ય સરકારને વિનંતી કરે ત્યાં;

પરંતુ ખાનગી કંપની યોગ્ય સરકારને જાહેર હેતુ માટે જમીનના અંશતઃ સંપાદન માટે વિનંતી કરે ત્યાં દ્વિતીય અનુસૂચિ હેઠળની પુનઃસ્થાપન અને પુર્વસવાટ હકદારી સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. તેમાં ખાનગી કંપનીએ ખરીદેલી અને સરકારે પ્રોજેક્ટ માટે સમગ્રતયા સંપાદન કરેલી જમીનનો સમાવેશ થાય છે.

વ્યાખ્યાઓ. 3. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા જરૂરી બને તે સિવાય –

(ક) વહીવટકર્તા એટલે કલમ ૪૩ની પેટા કલમ (૧) હેઠળ અસરગ્રસ્ત કુટુંબોના પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટે નિમાયેલા અધિકારી;

(ખ) અસરગ્રસ્ત વિસ્તાર એટલે જમીન સંપાદનના હેતુ માટે યોગ્ય

સરકાર અધિસૂચિત કરે તેવો વિસ્તાર.

(ગ) 'અસરગ્રસ્ત કુટુંબ' માં નીચેનાનો સમાવેશ થાય છે:

(૧) જેમની જમીન અથવા બીજી સ્થાવર મિલકત સંપાદન કરવામાં આવી છે:

(૨) જે કુટુંબની માલિકીની કોઇ જમીન નથી. પરંતુ આવા કુટુંબના સભ્ય કે સભ્યો ખેતમજૂર. ગણોતિયા. ગણોતના કોઇ સ્વરૂપ અથવા ઉપભોગ હક ધરાવતા પાકના ભાગીદાર અથવા કારીગર જમીન સંપાદન અગાઉ ત્રણ વર્ષ માટે અસરગ્રસ્ત વિસ્તારમાં કામ કરતા હોય અને જેમના આજીવિકાના પ્રાથમિક સ્રોતને જમીન સંપાદનથી અસર પહોંચી હોય તેવું કુટુંબ:

(૩) જમીન સંપાદનના કારણે અનુસૂચિત આદિજાતિ અને બીજા પરંપરાગત વનવાસીઓએ (વન હકની માન્યતા) અધિનિયમ. ૨૦૦૬ (૨૦૦૭નો દ્વિતીય) તેમના કોઇ પરંપરાગત હક ગુમાવ્યા હોય તેવા આદિજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ.

(૪) જમીન સંપાદન અગાઉના ત્રણ વર્ષ માટે જેમનો પ્રારંભિક સ્રોત વન અથવા જળાશય પર આધારિત હોય અને જે વન પેદાશ એકઠી કરતા હોય. શિકારી. માછીમાર. હોડીવાળા હોય અને તેમની આવી આજીવિકાને જમીન સંપાદનને કારણે અસર પહોંચી હોય:

(૫) કુટુંબના સભ્યને રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારે તેની કોઇ યોજનાઓ નીચે જમીન આપી હોય અને તે સંપાદન હેઠળ હોય ત્યારે:

(ક) જમીન સંપાદન અગાઉના ત્રણ વર્ષ માટે શહેરી વિસ્તારમાં કોઇ પણ જમીન પર વસતા કુટુંબ, જેમની આજીવિકાના પ્રાથમિક સ્ત્રોતને જમીન સંપાદન અગાઉનાં ત્રણ વર્ષ માટે અસર પહોંચી હોય.

(ઘ) 'કૃષિ વિષયક જમીન' એટલે જે જમીનનો ઉપયોગ-

(૧) કૃષિ અથવા બાગાયત;

(૨) ડેરી વ્યવસાય, મરઘાં ઉછેર, મત્સ્ય ઉછેર, કોશેટા ઉછેર, બીજની ખેતી, પશુધન સંવર્ધન અથવા ઔષધીય છોડ ઉગાડતી નર્સરી;

(૩) પાક, વૃક્ષો, ઘાસ અને બગીચા પેદાશ ઉછેરવાં; અને

(૪) પશુઓને ચરવા માટે ઉપયોગમાં લેવાતી જમીન.

(ચ) 'યોગ્ય સરકાર' એટલે -

(૧) રાજ્યના પ્રદેશની અંદર આવેલી જમીનના સંપાદન સંબંધમાં રાજ્ય સરકાર;

(૨) સંઘ પ્રદેશની અંદર આવેલી જમીનના સંપાદન સંબંધમાં કેન્દ્ર સરકાર (પોંડીચેરી સિવાય);

(૩) પોંડીચેરી સંઘ પ્રદેશની અંદર આવેલી જમીનના સંપાદન સંબંધમાં પોંડીચેરી સંઘ પ્રદેશ સરકાર;

(૪) એક કરતાં વધારે રાજ્યોમાં જાહેર હેતુ માટે જમીન સંપાદન

સબંધમાં કેન્દ્ર સરકાર; અને

(૫) જાહેરનામાથી નિર્દિષ્ટ કર્યા મુજબ સંઘના હેતુ માટે જમીન સંપાદન સંબંધમાં કેન્દ્ર સરકાર.

પરંતુ યોગ્ય સરકારે અધિસૂચિત કર્યા મુજબ તેવા વિસ્તાર કરતાં વધે નહિ તેટલા વિસ્તાર માટે જાહેર હેતુ સંબંધમાં આવા જિલ્લાના કલેકટર યોગ્ય સરકાર તરીકે માનવામાં આવશે.

(છ) 'સત્તાતંત્ર' એટલે કલમ ૫૧ હેઠળ સ્થાપેલ જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ સત્તાતંત્ર.

(જ) 'કલેકટર' એટલે મહેસૂલી જિલ્લાના કલેકટર તેમાં નાયબ કમિશનર અને આ અધિનિયમ હેઠળ કલેકટરનાં કાર્યો કરવા માટે યોગ્ય સરકારે ખાસ પદનામિત કરેલ બીજા કોઇ અધિકારી.

(ઝ) 'કમિશનર' એટલે કલમ ૪૪ ની પેટા કલમ (૧) હેઠળ નિમાયેલ પુનઃસ્થાપન અને પુનઃવસવાટ કમિશનર.

(ટ) સંપાદન ખર્ચમાં નીચેનાનો સમાવેશ થાય છે:

(૧) વળતરની રકમમાં વળતર રાહતની રકમ (Solatium) જમીન સંપાદન અને પુનઃસ્થાપન અને પુનર્વસવાટ સત્તાતંત્રે અથવા કોર્ટે હુકમ કરેલા વધારે વળતર અને તેના પર ચૂકવવાપાત્ર વ્યાજ અને આવા સત્તાતંત્ર કે કોર્ટે અસરગ્રસ્ત કુટુંબોને ચૂકવવાપાત્ર તરીકે નક્કી કરેલી બીજી કોઇ રકમનો સમાવેશ થાય છે:

(૨) સંપાદન પ્રક્રિયામાં જમીન અને ઊભા પાકને થયેલ નુકશાન બદલ ચૂકવવાનું ડેમરેજ;

(૩) વિસ્થાપિતોને અથવા પ્રતિકૂળ અસર પામેલા લોકો માટે જમીન અને મકાનના સંપાદનનું ખર્ચ;

(૪) પુનર્વસવાટ વિસ્તારોમાં આધારમાળખાના વિકાસનું અને તેમાં સુવિધાનું ખર્ચ,

(૫) આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર નક્કી કર્યા મુજબ પુનઃસ્થાપન અને પુનર્વસવાટનું ખર્ચ;

(૬) વહીવટી ખર્ચ-

(ક) પ્રોજેકટના સ્થળમાં અને પ્રોજેકટ વિસ્તાર બહારના સ્થળમાં જમીનના સંપાદન માટે, યોગ્ય સરકાર નિર્દિષ્ટ કરે તે વળતરના ખર્ચની તેવી ટકાવારી કરતાં વધતી ન હોય;

(ખ) જમીનના માલિકોના અને જેમની જમીન સંપાદન કરાઇ છે અથવા કરવા માટે વિચારાઇ છે અથવા આવા સંપાદનથી અસર પામેલા બીજા કુટુંબોના પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટે;

(૭) 'સામાજિક અસર આકારણી અભ્યાસ' હાથ ધરવાનું ખર્ચ.

(૮) કંપની' એટલે -

(૧) કંપની અધિનિયમ, ૧૯૫૬ (૧૯૫૬નો પહેલો) ની કલમ ૩ માં

વ્યાખ્યા કરેલ સરકારી કંપની સિવાયની કંપની.

(૨) મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ (૧૮૬૦નો ૨૧મો) હેઠળ અથવા રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા અનુરૂપ કાયદા નીચે નોંધાયેલી મંડળી;

(ડ) 'વિસ્થાપિત કુટુંબ' એટલે જમીન સંપાદનના કારણે જેમને ફરી વસાવવાના છે તે અને અસરગ્રસ્ત વિસ્તારમાંથી પુનઃસ્થાપન વિસ્તારમાં ફરી વસાવવાના હોય તેવાં કુટુંબ;

(ઢ) 'કામ કરવા હકદાર' વ્યક્તિના સંબંધમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થતો હોવાનું માનવામાં આવશે:

(૧) આવા કોઇ કેસના સંદર્ભમાં હિતાધિકારી દૃષ્ટિએ હિત ધરાવતી બીજી વ્યક્તિઓ માટે ટ્રસ્ટી અને હિતાધિકારીની દૃષ્ટિએ હિત ધરાવતીતે જ પ્રમાણમાં અશક્તતાથી મુક્ત હોય, તો તે કામ કર્યું હોત;

(૨) સગીરોના વાલી અને સમિતિઓ અથવા પાગલના વ્યવસ્થાપક અને તેટલે અંશે પાગલ, સગીર અથવા અસ્થિર મગજની વ્યક્તિઓ અશક્તતાથી મુક્ત હોત તો કામગીરી કરી હોત.

પરંતુ દીવાની કાર્યવાહી સંહિતા, ૧૯૦૮ (૧૯૮૦નો પાંચમો) ની પ્રથમ અનુસૂચિના હુકમ નં.૩૨ ની જોગવાઇઓ, કલેકટર અથવા સત્તાતંત્ર સમક્ષ પછીના મિત્ર અથવા કેસના વાલી આ અધિનિયમ હેઠળની કાર્યવાહીમાં જરૂરી ફેરફાર સાથે લાગુ પડશે; અને

(ત) 'કુટુંબ' માં વ્યક્તિ, તેના અથવા તેના પતિ / પતની, સગીર બાળકો, સગીર ભાઇઓ અને સગીર બહેનો તેની આશ્રિત હોય તેનો સમાવેશ થાય છે.

પરંતુ વિધવાઓ, છૂટાછેડા લીધેલ અને કુટુંબોએ ત્યજી દીધેલી સ્ત્રીઓને અલગ કુટુંબ તરીકે ગણવામાં આવશે.

સ્પષ્ટીકરણ:- કોઇ પણ જાતિના પુખ્ત જાતિના પુખ્ત, પતિ / પત્ની અથવા બાળકો અથવા આશ્રિતોને સાથે કે સિવાય આ અધિનિયમના હેતુ માટે અલગ કુટુંબ તરીકે ગણવામાં આવશે.

(થ) 'જમીનનું ખાતું' એટલે માલિક,

ભોગવટાદાર અથવા ગણોતિયા કે અન્યથા ધારણ કરેલી કુલ જમીન.

(દ) આધારમાળખાના પ્રોજેકટ' માં કલમ ૨ ની પેટા-કલમ (૧) ના ખંડ (ખ) માં નિર્દિષ્ટ કરેલ કોઇ એક કે વધારે બાબતનો સમાવેશ થશે.

(ધ) 'જમીન' માં જમીનમાંથી ઊભા થતા લાભ અને જમીન સાથે જોડાયેલી વસ્તુઓ અથવા જમીન સાથે જોડાયેલી કોઇ વસ્તુ સાથે કાયમી જોડાયેલ વસ્તુઓનો સમાવેશ થાય છે.

(ન) 'ભૂમિહીન' એટલે આવી વ્યક્તિઓ અથવા વ્યક્તિઓનો વર્ગ, જે,

(૧) હાલ પૂરતું અમલમાં હોય તેવા રાજ્યના કોઇ કાયદા હેઠળ તેવા તરીકે વિચારાયેલ અથવા નિર્દિષ્ટ કરેલ;

(૨) પેટા-ખંડ (૧) નીચે નિર્દિષ્ટ ન કરેલ ભૂમિહીન માટે, યોગ્ય સરકાર નિર્દિષ્ટ કરે તે મુજબ

(પ) 'જમીન માલિક' માં નીચેનાનો સમાવેશ થાય છે:

(૧) સંબંધિત સત્તાતંત્રના રેકર્ડમાં જમીન અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગમાં જેનું નામ માલિક તરીકે નોંધાયેલું હોય તેવી વ્યક્તિ; અથવા

(૨) અનુસૂચિત આદિજાતિ અને બીજા પરંપરાગત વનવાસી (વનના હકની માન્યતા) અધિનિયમ, ૨૦૦૬ (૨૦૦૭નો દ્વિતીય) અથવાં હાલ પૂરતું અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળ વનના હક અપયા હોય તેવી વ્યક્તિ, અથવા

(૩) રાજ્યના કોઇ પણ કાયદા હેઠળ મુકરર કરેલી (assigned) જમીન સહિતની જમીન પર પટ્ટા હક મેળવવા હકદાર હોય તેવી વ્યક્તિ, અથવા

(૪) કોર્ટ અથવા સત્તાતંત્રના હુકમથી જેમને જમીન માલિક તરીકે જાહેર કરાઇ હોય તેવી વ્યક્તિ;

(ક) 'સ્થાનિક સત્તાતંત્ર' માં તે સમયમાં અમલમાં હોય તેવા કોઇ પણ કાયદા હેઠળ રચાયેલ સંવિધાનની કલમ ૨૪૩ માં વ્યાખ્યા કર્યા પ્રમાણે પંચાયત અને કલમ ૨૪૩-પી માં વ્યાખ્યા કર્યા મુજબ નગરપાલિકા (ગમે તે નામે કહેવાતી) નો સમાવેશ થાય છે.

(બ) 'સીમાંત ખેડૂત' એટલે જે ખેડૂત પાસે બિન-સિંચિત જમીન ખાતું એક હેક્ટર હોય અથવા સિંચિત જમીનનું અર્ધો હેક્ટર હોય તે.

(ભ) બજાર કિંમત એટલે કલમ ૨૬ અનુસાર નક્કી કરેલી જમીનની કિંમત.

(મ) 'જાહેરનામું' એટલે યથાપ્રસંગ ભારતના રાજપત્ર અથવા રાજ્યના રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ જાહેરનામું; શબ્દપ્રયોગ 'અધિસૂચિત કરવું' નો અર્થ તદનુસાર થશે.

(ય) 'પક્ષ' નો અર્થ પ્રસ્તુત કેન્દ્ર અથવા રાજ્યે અધિનિયમે અથવા તેની નીચે બનાવેલા નિયમો અથવા વિનિયમોમાં આપેલ અર્થ.

(૨) 'હિત ધરાવતી વ્યક્તિ' એટલે-

(૧) આ અધિનિયમ હેઠળ જમીનના સંપાદન અંગે આપવાના વળતરમાં હિતનો દાવો કરતી બધી વ્યક્તિઓ.

(૨) અનુસૂચિત આદિજાતિ અને બીજા પરંપરાગત વનવાસીઓ (વન હકને માન્યતા) અધિનિયમ, ૨૦૦૬ (૨૦૦૭ નો દ્વિતીય) હેઠળ જેમણે પરંપરાગત હક ગુમાવ્યા છે તે અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓ.

(૩) જમીનને અસરકર્તા પડોશ હકમાં હિત ધરાવતી વ્યક્તિ:

(૪) પ્રસ્તુત રાજ્ય કાયદા હેઠળ પાકના ભાગીદાર, ગમે તે નામે ઓળખાય તે સહિત ગણોત હક ધરાવતી વ્યક્તિ અને.

(૫) જેમની આજીવિકાના પ્રાથમિક સ્રોતને પ્રતિકૂળ અસર થવાનો સંભાવ હોય તેવી વ્યક્તિ.

(લ) 'નિયત' એટલે આ અધિનિયમ હેઠળ બનાવેલા નિયમોથી નિયત કરેલ:

(વ) 'પ્રોજેક્ટ' એટલે અસર પામેલી વ્યક્તિઓનીસંખ્યા ધ્યાનમાં લીધ સિવાય જેના માટે જમીન સંપાદન કરવામાં આવે છે તે પ્રોજેકટ:

(શ) 'જાહેર હેતુ' એટલે કલમ ૨ ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ પ્રવૃત્તિઓ.

(ષ) 'જમીન જરૂરી હોય તે સંસ્થા (Requiring body):

રિક્વાયરીંગ બોડી એટલે કંપની. કોર્પોરેટ બોડી. સંસ્થ ... યોગ્યસરકાર. જમીન સંપાદન કરવાની છે. તેમાં જમી ...નુ ... સરકાર માટે તેને પોતાના ઉપયોગ માટે અથવા જ ... કંપની. કોર્પોરેટ બોડી. સંસ્થા અથવા બીજી કોઇ ર ... પટા અથવા લાઇસન્સ અથવા બીજી કોઇ રીતે ક ...

(સ) 'પુનર્વસવાટ વિસ્તાર' એટલે જમીન ... થયેલા અસરગ્રસ્ત કુટુંબોનો યોગ્ય સરકાર ...

(હ) 'અનુસૂચિત વિસ્તાર' એટ ... વિસ્તરણ) અધિનિયમ. ૧૯૯૬ (૧૯૯૬ નો ૪૦મો) ... પ્રમાણે અનુસૂચિત વિસ્તાર.

(ળ) 'નાના ખેડૂત' એટલે બિન-સિંચાઇ જમીન ખાતું બે હેક્ટર જેટલું હોય

(ક્ષ ... કાયદ ... પંચાયત ... નામે કહેવાત ...

(જ્ઞ) 'સીમાંત ... હેક્ટર હોય અથવા ...

અને સિંચાઇ જમીન ખાતું એક હેક્ટર જેટલું હોય, પરંતુ સીમાંત ખેડૂતના ખાતા કરતાં વધારે હોય તે.

## પ્રકરણ – ૨

## સામાજિક અસર અને જાહેર હેતુ નક્કી કરવા

### ક. સામાજિક અસર અને જાહેર હેતુ નક્કી કરવા માટે પ્રારંભિક તપાસ

સામાજિક અસર આકારણી અભ્યાસ તૈયાર કરવો.

૪(૧) યોગ્ય સરકાર જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવાનો ઇરાદો રાખે ત્યારે ત્યારે અસરગ્રસ્ત વિસ્તારમાં એવી રીતે અને નિયત કરવામાં આવે તેટલા સમયની અંદર ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામ કક્ષાએ સંબંધિત પંચાયત અને શહેરી વિસ્તારોમાં વોર્ડ કક્ષાએ સંબંધિત નગરપાલિકા અને મહાનગરપાલિકા સાથે પરામર્શ કરીને સામાજિક અસર આકારણી અભ્યાસ હાથ ધરશે.

(૨) પેટા-કલમ (૧) નીચે પરામર્શ શરૂ કરવા અને સામાજિક અસર આકારણી અભ્યાસ માટે યોગ્ય સરકારે બહાર પાડેલું જાહેરનામું યથાપ્રસંગ પંચાયત, નગરપાલિકા અથવા મહાનગરપાલિકાને અને જિલ્લા કલેક્ટર, પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ, તાલુકાની કચેરીઓમાં સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવશે અને નિયત કરવામાં આવે તે રીતે અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને યોગ્ય સરકારની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.

પરંતુ સામાજિક અસર આકારણી અભ્યાસ હાથ ધરવાના તબક્કે યથાપ્રસંગ પંચાયત, ગ્રામસભા, નગરપાલિકા અથવા મહાનગરપાલિકાના પ્રતિનિધિઓને પૂરતું પ્રતિનિધિત્વ અપાયું હોય તેની યોગ્ય સરકાર ખાતરી

કરશે.

પરંતુ સામાજિક અસર આકારણી અભ્યાસ તેની શરૂ થયાની તારીખથી છ મહિનાની અંદર પૂરો થાય તેની યોગ્ય સરકાર ખાતરી કરશે.

(૩) પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ સામાજિક અસર આકારણી અભ્યાસ કલમ ૬ નીચે નિયત કરેલી રીતે લોકોને ઉપલભ્ય કરવામાં આવશે.

(૪) પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ સામાજિક અસર આકારણી અભ્યાસમાં બીજી બાબતોની સાથોસાથ નીચેનાનો સમાવેશ થશે:

(ક) સૂચિત સંપાદન જાહેર હેતુની ગરજ સારે છે કે કેમ તે અંગે આકારણી:

(ખ) અસરગ્રસ્ત કુટુંબોનો અંદાજ અને તેમનામાં વિસ્થાપિત થવાનો સંભવ હોય તેવાં કુટુંબની સંખ્યા:

(ગ) સૂચિત સંપાદનથી અસર થવાનો સંભવ હોય તે જમીન, જાહેર અને ખાનગી મકાનો, વસાહત અને બીજી સહિયારી મિલકત:

(ઘ) સંપાદન માટે સૂચિત જમીનનો વ્યાપ પ્રોજેક્ટ માટે જરૂરી ઓછામાં ઓછું પ્રમાણ છે?

(ચ) વૈકલ્પિક સ્થળે જમીન સંપાદન વિચારાયું છે અને તે અશક્ય જણાયું છે?

(છ) પ્રોજેક્ટના સામાજિક અસરનો અભ્યાસ અને તેને હલ કરવાના

પ્રકાર અને ખર્ચ અને પ્રોજેક્ટના સમગ્ર ખર્ચ અને લાભના મુકાબલે સામાજિક અને પર્યાવરણીય ખર્ચ.

પરંતુ પર્યાવરણીય અસર આકારણી અભ્યાસ હોય તો સાથોસાથ હાથ ધરવામાં આવશે અને તે સામાજિક અસર આકારણી અભ્યાસ પૂરો થવા પર આધારિત નહિ રહે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ સામાજિક અસર આકારણી અભ્યાસ હાથ ધરતી વખતે, યોગ્ય સરકાર, બીજી વસ્તુઓની સાથોસાથ, જાહેર અને સામુદાયિક મિલકતો, અસ્ક્યામતો જેવાં જુદાં જુદાં ઘટક, માર્ગો, જાહેર પરિવહન, ડ્રેનેજ, સ્વચ્છતા, પીવાના પાણીના સ્રોત, પશુઓ માટે પાણીના સ્રોત, સામૂહિક તલાવડી, ચરાણ જમીન, વાવેતર જેવાં આધારમાળખાં, પોસ્ટ ઓફિસ, વાજબી ભાવની દુકાનો, અનાજના સંગ્રહ માટે ગોદામ, વીજળી પુરવઠો, આરોગ્ય સંભાળ સગવડો, શાળાઓ, શિક્ષકોની અને તાલીમની સગવડો, આંગણવાડી, બાળ ઉદ્યાન, પૂજાનાં સ્થળો, પરંપરાગત આદિજાતિ સંસ્થાઓ અને કબ્રસ્તાન અને સ્મશાન ગૃહ માટે જમીન જેવી જાહેર ઉપયોગિતા વિચારણામાં લેશે.

(૬) પેટા-કલમ (૫) માં ઉલ્લેખેલ વિશિષ્ટ ઘટક માટે અસર દૂર કરવા હાથ ધરવાના ઉત્કર્ષનાં પગલાં યોગ્ય સરકાર નિર્દિષ્ટ કરે તે વિસ્તારમાં કામગીરીમાં યોજના અથવા કાર્યક્રમ હેઠળ જોગવાઇ કરી હોય તે કરતાં આવાં પગલાં ઓછાં રહેશે નહિ. અસરગ્રસ્ત વિસ્તારમાં કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર કામગીરી કરશે.

સામાજિક અસર આકારણી માટે જાહેર સુનાવણી.

૫. પેટા-કલમ ૪ નીચે સામાજિક અસર આકારણી તૈયાર કરવાની હોય ત્યારે યોગ્ય સરકાર, જાહેર સુનાવણી માટે તારીખ, સમય અને સ્થળ અંગે પૂરતો પ્રચાર કર્યા પછી, અસરગ્રસ્ત કુટુંબોનાં અભિપ્રાયની ખાતરી કરી સામાજિક અસર આકારણી અહેવાલમાં નોંધવામાં અને સમાવિષ્ટ કરવામાં આવશે.

૬.(૧) કલમ ૪ ની પેટા-કલમ (૬) માં ઉલ્લેખેલ સામાજિક અસર આકરણી અભ્યાસ અહેવાલ અને સામાજિક અસર વ્યવસ્થા યોજના પંચાયત, નગરપાલિકા અથવા મહાનગરપાલિકાને અને જિલ્લા કલેક્ટર, પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ અને તાલુકામાં સ્થાનિક ભાષામાં તૈયાર કરી આપવામાં આવે અને નિયત કરવામાં આવે તે રીતે અસરગ્રસ્ત વિસ્તારમાં તે પ્રસિદ્ધ થાય તેની યોગ્ય સરકાર ખાતરી કરશે અને યોગ્ય સરકારની વેબસાઇટ પર તે અપલોડ કરવામાં આવશે.

(૨) પર્યાવરણીય અસર આકારણી કરવામાં આવે ત્યારે, પર્યાવરણીય અસર આકારણી કરવા માટે કેન્દ્ર સરકાર અધિકૃત કરેલી અસર આકારણી એજન્સીને સામાજિક અસર આકારણીના અહેવાલની નકલ આપવામાં આવશે.

પરંતુ સિંચાઇ પ્રોજેકટો બાબતમાં પર્યાવરણ અસર આકારણીની પ્રક્રિયા તે સમયે અમલમાં હોય તેવાં બીજા કાયદાની જોગવાઇઓ હેઠળ જરૂરી છે, ત્યાં સામાજિક અસર આકારણીને લગતી આ અધિનિયમની જોગવાઇઓ લાગુ પડશે નહિ.

નિષ્ણાત જૂથ દ્વારાસામાજિક અસર આકારણી અહેવાલનું મૂલ્યાંકન.

ખ. નિષ્ણાત જૂથ દ્વારા સામાજિક અસર આકારણી અહેવાલનું મૂલ્યાંકન

૭(૧) સામાજિક અસર આકારણી અહેવાલનું મૂલ્યાંકન યોગ્ય સરકારે રચેલું સ્વતંત્ર બહુવિદ્યાશાખા નિષ્ણાત જૂથ કરે તેની યોગ્ય સરકાર ખાતરી કરશે.

(૨) નિષ્ણાત જૂથની રચના પેટા-કલમ (૧) નીચે કરવામાં આવે છે તેમાં નીચેનાનો સમાવેશ થશે:

(ક) બે બિન-સરકારી સામાજિક વિજ્ઞાની.

(ખ) યથાપ્રસંગ પંચાયત, ગ્રામસભા, નગરપાલિકા અથવા મહાનગરપાલિકાના બે પ્રતિનિધિ.

(ગ) પુનઃસ્થાપન અંગે બે નિષ્ણાત.

(ઘ) પ્રોજેકટને લગતા વિષયમાં ટેકનિકલ નિષ્ણાત.

(3) યોગ્ય સરકાર નિષ્ણાત જૂથના સભ્યોમાંથી જૂથના અધ્યક્ષ તરીકે નોમીનેટ કરી શકે.

(૪) પેટા-કલમ (૧) નીચે રચાયેલ નિષ્ણાત જૂથનો અભિપ્રાય એવો હોય કે –

(ક) પ્રોજેકટથી જણાવેલ જાહેર હેતુ સરતો નથી; અથવા

(ખ) પ્રોજેકટનું ખર્ચ અને પ્રતિકૂળ અસર શક્ય લાભ કરતાં વધે છે.

તો તે –

તેની રચનાની તારીખથી બે મહિનાની અંદર એવી ભલામણ કરશે કે પ્રોજેકટને તાત્કાલિક છોડી દેવામાં આવે અને તે અંગે જમીન સંપાદન કરવા વધુ પગલાં નહિ લેવાં.

પરંતુ આવી ભલામણ માટેનાં કારણો નિષ્ણાત જૂથ લેખિત નોંધશે અને આવા નિર્ણય માટેનાં કારણો અને વિગત આપશે.

પરંતુ વધુમાં આવી ભલામણો છતાં યોગ્ય સરકાર સંપાદન કામગીરીમાં આગળ વધે તો તેમ કરવા માટેનાં કારણો લેખિત નોંધવામાં આવે તેની ખાતરી કરશે.

(૫) પેટા-કલમ (૧) નીચે રચાયેલા નિષ્ણાત જૂથનો અભિપ્રાય એવો હોય કે—

(ક) પ્રોજેકટથી જણાવેલ જાહેર હેતુ સરશે.

(ખ) સંભવિત લાભ ખર્ચ અને પ્રતિકૂળ અસર કરતાં વધી જાય તો તેની રચનાની તારીખથી બે મહિનાની અંદર. પ્રોજેકટ માટે જરૂરી વિચારાયેલ જમીનનું પ્રમાણ પ્રોજેકટ માટે જરૂરી ઓછામાં ઓછું છે અને તે માટે બીજો કોઇ ઓછો વિસ્થાપિત વિકલ્પ નથી. તો તે વિશિષ્ટ ભલામણો કરશે.

પરંતુ આવી ભલામણ માટેનાં કારણો આના નિર્ણય માટેનાં વિગતો અને કારણો આપીને નિષ્ણાત જૂથ આવી ભલામણ માટેનાં કારણો લેખિત નોંધશે.

(૬) પેટા-કલમ (૪) અને (૫) માં દર્શાવેલ નિષ્ણાત જૂથની

ભલામણો, યથાપ્રસંગ પંચાયત, નગરપાલિકા અથવા મહાનગરપાલિકાને અને જિલ્લા કલેકટર, પેટા-વિભાગીય મેજિસ્ટ્રેટ અને તાલુકાને સ્થાનિક ભાષામાં આપવામાં આવશે અને નિયત કરવામાં આવે તે રીતે અસરગ્રસ્ત વિસ્તરણ પ્રસિદ્ધ કરવામાં આવશે અને યોગ્ય સરકારની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.

યોગ્ય સરકારે જમીન સંપાદન અને સામાજિક અસર આધારણી અહેવાલ માટેની દરખાસ્તો તપાસવી.

૮.(૧) યોગ્ય સરકાર ખાતરી કરશે કે

(ક) સૂચિત સંપાદન માટે કાયદેસર અને સાચા જાહેર હેતુ હોય તેનાથી મુકરર જમીનનું સંપાદન જરૂરી બન્યું છે.

(ખ) ખંડ (ક) માં ઉલ્લેખેલ જાહેર હેતુ કરેલ સામાજિક અસર આકારણીથી નક્કી કરેલ પ્રતિકૂળ સામાજિક અસર કરતાં સંભવિત લાભ અને જાહેર હેતુ વધારે છે.

(ગ) પ્રોજેક્ટ માટે જરૂરી જમીનનો ઓછામાં ઓછો વિસ્તાર સંપાદન કરવાનું વિચાર્યું છે.

(ઘ) તે વિસ્તારમાં અગાઉ સંપાદન કરેલા વિસ્તારમાં ન વપરાતી હોય તેવી જમીન નથી.

(ચ) અગાઉ સંપાદન કરેલી અને વપરાયા વગર રહેલી જમીનનો એવા જાહેર હેતુ માટે ઉપયોગ કર્યો છે કે તેની ભલામણ કરવામાં આવે છે.

(૨) યોગ્ય સરકાર કલેક્ટરનો અહેવાલ અને સામાજિક અસર આકરણી અંગે નિષ્ણાત સમિતિનો અહેવાલ તપાસશે અને બધા અહેવાલ

વિચારણામાં લઇને ઓછામાં ઓછા લોકોનું વિસ્થાપન કરવું પડે, આધારમાળખા, ઇકોલોજીને ઓછામાં ઓછી તકલીફ પહોંચે અને અસરગ્રસ્ત વ્યક્તિઓ પર ઓછામાં ઓછી વિપરીત અસર પડે તેવા વિસ્તારના સંપાદન માટે ભલામણ કરશે.

(૩) યોગ્ય સરકારનો નિર્ણય, યથાપ્રસંગ પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાને અને જિલ્લા કલેક્ટર, પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ અને તાલુકાને સ્થાનિક ભાષામાં આપવામાં અસરગ્રસ્ત વિસ્તારમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને યોગ્ય સરકારની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.

પરંતુ કલમ ૨ ની પેટા-કલમ (૨) ના નિર્દિષ્ટ કર્યા મુજબના હેતુ માટે સંપાદન કરવા વિચારી હોય ત્યાં યોગ્ય સરકાર કલમ ૨ ની પેટા-કલમ (૨) હેઠળના પરંતુક નીચે જરૂરી અસરગ્રસ્ત કુટુંબોની પૂર્વ સંમતિ છે કે નહિ તેની ખાતરી કરશે.

સામાજિક અસર આકારણીમાંથી મુક્તિ.

૯. કલમ ૪૦ હેઠળની તાકીદની જોગવાઇઓને વિચારીને જમીન સંપાદન કરવા વિચાર્યું હોય ત્યાં, યોગ્ય સરકાર સામાજિક અસર આકારણી અભ્યાસ હાથ ધરવાની મુક્તિ આપી શકે.

## પ્રકરણ – ૩

## આહારની સલામતીના રક્ષણ માટે ખાસ જોગવાઇઓ

આહારની સલામતી માટે ખાસ જોગવાઇ.

૧૦.(૧) પેટા-કલમ (૨) માં અન્યથા જોગવાઇ હોય તે સિવાય, બહુ પાકવાળી સિંચિત જમીન આ અધિનિયમ હેઠળ સંપાદન કરાશે નહિ.

(૨) આવી જમીન અપવાદરૂપ સંજોગોમાં અને નિદર્શન યોગ્ય છેલ્લા ઉપાય તરીકે કરાવવામાં આવે છે તે શરતને અધીન રહીને આવી જમીન સંપાદન કરી શકાય. પેટા-કલમ (૧) માં દર્શાવેલ જમીનનું સંપાદન જિલ્લામાં અથવા રાજ્યના બધા પ્રોજેક્ટ માટે એકંદર ગણતાં તે જિલ્લામાં પ્રસ્તુત રાજ્ય વિશિષ્ટ પરિબળો અને સંજોગો ધ્યાનમાં લેતાં કોઇપણ કેસમાં યોગ્ય સરકારે અધિસૂચિત કરેલી મર્યાદા કરતાં વધવી જોઇએ નહિ.

(૩) પેટા-કલમ (૨) હેઠળ બહુ-પાક સિંચિત જમીનનું સંપાદન કરવામાં આવે ત્યારે ખેડવાણ ખરાબાના તેટલા જ વિસ્તારને કૃષિના હેતુ માટે વિકસાવવામાં આવશે અથવા સંપાદન કરેલી જમીનની કિંમત જેટલી રકમ યોગ્ય સરકાર પાસે આહારની સલામતી વધારવા માટે કૃષિમાં મૂડી રોકાણ માટે જમા મૂકવામાં આવશે.

(૪) પેટા-કલમ (૧) નીચે ન આવતી જિલ્લા અથવા રાજ્યના બધા પ્રોજેક્ટ માટે એકંદર કૃષિ વિષયક જમીનનું સંપાદન યોગ્ય સરકાર અધિસૂચિત કરે તેવા જિલ્લા અથવા રાજ્યના બધા પ્રોજેક્ટ માટે. યોગ્ય સરકાર અધિસૂચિત કરે તેવા જિલ્લા અથવા રાજ્યના પાક ઉગાડાતા કુલ વિસ્તારની મર્યાદા કરતાં કોઇ પણ હિસાબે વધશે નહિ.

પરંતુ રેલવે, ધોરી માર્ગ, મુખ્ય જિલ્લા માર્ગ, સિંચાઇ, નહેર, વીજળીની લાઇન વગેરેને લગતા રેખીય પ્રકારના પ્રોજેક્ટ બાબતમાં આ કલમની જોગવાઇઓ લાગુ પડશે નહિ.

પ્રકરણ – ૪

## જાહેરનામું અને સંપાદન

પ્રારંભિક જાહેરનામું પ્રસિદ્ધ કરવું અને તે અંગે અધિકારીઓની સત્તા

૧૧(૧) યોગ્ય સરકારને એમ લાગે કે કોઇ વિસ્તારમાં જમીન કોઇ જાહેર હેતુ માટે જરૂરી છે અથવા જરૂરી બનવાનો સંભવ છે ત્યારે તે અંગે ગ્રામીણ ચાને શહેરી વિસ્તારોમાં સંપાદન કરવાની જમીનની વિગતો સાથે નીચેની રીતે જાહેરનામું (આમાં હવે પછી પ્રારંભિક જાહેરનામા તરીકે જણાવેલ) પ્રસિદ્ધ કરવામાં આવશે.

(ક) સરકારી રાજપત્રમાં:

(ખ) આવા વિસ્તારના સ્થળનાં બે સમાચારપત્રોમાં, તેમાંથી એક પ્રાદેશિક ભાષામાં રહેશે:

(ગ) યથાપ્રસંગ પંચાયત, નગરપાલિકા અથવા મહાનગરપાલિકામાં અને જિલ્લા કલેકટર, પેટા-વિભાગીય મેજિસ્ટ્રેટ અને તાલુકાની કચેરીઓમાં સ્થાનિક ભાષામાં:

(ઘ) યોગ્ય સરકારની વેબસાઇટ પર અપલોડ કરીને:

(ચ) અસરગ્રસ્ત વિસ્તારોમાં નિયત કરવામાં આવે તે રીતે.

(૨) પેટા-કલમ (૧) નીચે જાહેરનામું બહાર પાડ્યા પછી, તરત જ, સંબંધિત ગ્રામ સભા અથવા ગ્રામ કક્ષાએ સભા, નગરપાલિકા વિસ્તારો બાબતમાં નગરપાલિકાઓ અને સંવિધાનની છઠ્ઠી અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારો બાબતમાં સ્વાયત્ત પરિષદોને, ઉક્ત પેટા-કલમ નીચે હેઠળ બહાર પાડેલા જાહેરનામાની વિગતો, આ હેતુ માટે ખાસ બોલાવેલી બેઠકમાં જમીન સંપાદનના

બધા કેસમાં તેની વિગતો જણાવવામાં આવશે.

(૩) પેટા-કલમ (૧) નીચે બહાર પાડેલ જાહેરનામામાં સંકળાયેલ જાહેર હેતુના પ્રકાર અંગે નિવેદન. અસરગ્રસ્ત વ્યક્તિઓના વિસ્થાપનની જરૂરિયાત, સામાજિક અસર આકારણી અહેવાલનો સારાંશ અને કલમ ૪૩ નીચે પુનઃસ્થાપન અને પુનર્વસવાટના હેતુ માટે નિમાયેલ વહીવટકર્તાની વિગતોનો સમાવેશ પણ થશે.

(૪) કોઇ વ્યક્તિ પ્રારંભિક જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલી જમીનના કોઇ સોદા કરશે નહિ અથવા કરવા દેશે નહિ અથવા આવું જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આ પ્રકરણ હેઠળની કાર્યવાહીઓ પૂરી થતાં સુધી કોઇ બોજો ઊભો કરશે નહિ.

પરંતુ કલેકટર આમ અધિસૂચિત કરેલી જમીનના માલિકે કરેલી અરજી પરથી, કલેકટર આ પેટા-કલમની કામગીરીમાંથી આવા માલિકો ખાસ સંજોગોમાં મુક્તિ આપી શકે. તે સંજોગો લેખિત નોંધવાના રહેશે.

પરંતુ આ જોગવાઇનો ઇચ્છાથી ભંગ કરવાને કારણે કોઇ વ્યક્તિને નુકસાન અથવા ઇજા થાય, તો તે કલેકટર ભરપાઇ કરી આપશે નહિ.

(૫) પેટા-કલમ (૧) નીચે નોટિસ આપ્યા પછી, કલમ ૧૯ નીચે એકરાર આપ્યા પહેલાં, કલેકટર નિર્દિષ્ટ કર્યા મુજબ જમીન રેકર્ડ અદ્યતન કરવાની કામગીરી હાથ ધરી બે મહિનાની અંદર પૂરી કરશે.

જમીનની પ્રારંભિક

૧૨. યોગ્ય સરકાર સંપાદન કરવાની જમીનનું પ્રમાણ નક્કી કરવા

મોજણી અને મોજણી કરવા માટે અધિકારીઓની સત્તા.

માટે, આ અંગે આવી સરકારે સામાન્ય રીતે કે ખાસ અધિકૃત કરેલા અધિકારી અને તેના નોકર અને કામદારો માટે નીચેની બાબતો કાયદેસર રહેશે:

(ક) આવા વિસ્તારમાં કોઇ જમીનની સપાટી લેવા દાખલ થઇને મોજણી કરવી;

(ખ) નીચેની જમીનમાં ખોદવું અથવા શારકામ કરવું;

(ગ) જમીનને આવા હેતુ માટે અનુકૂળ કરાય કે કેમ તે નક્કી કરવા માટે જરૂરી બધાં કાર્યો કરવાં;

(ઘ) હાથ ધરવા વિચારેલાં જમીનની હદ નક્કી કરવી અને તેના પર કરવા વિચારેલ કોઇ કામની ઉદ્દિષ્ટ લાઇન આપવી;

(ચ) નિશાનીઓ મૂકીને આવી સપાટી, હદ અને લાઇનની નિશાની કરવી, ખાઇ કાપવી, અન્યથા મોજણી પૂરી કરી શકાય નહિ અને લીધેલી સપાટી અને હદ નિશાની કરેલી લાઇન, કોઇ ઊભા પાક, વાડ અથવા જંગલ કે કોઇ ભાગ કાપવો કે ચોખ્ખો કરવો.

પરંતુ જમીનના માલિકની ગેરહાજરીમાં અથવા માલિકે લેખિત અધિકૃત કરેલી કોઇ વ્યક્તિની ગેરહાજરીમાં જમીન અંગે ખંડ (ક) થી (ચ) નીચે કોઇ કાર્ય કરી શકાશે નહિ:

પરંતુ વધુમાં, આવી મોજણીના ઓછામાં ઓછા સાઠ દિવસની નોટિસ આપીને મોજણી દરમિયાન હાજર રહેવાની યોગ્ય તક માલિકને આપવામાં આવી હોય, તો જમીનના માલિકની ગેરહાજરીમાં પ્રથમ પરંતુક હેઠળ નિર્દિષ્ટ કરેલાં

કાર્યો હાથ ધરી શકાશે.

પરંતુ કોઇ વ્યક્તિ પોતાના ઇરાદાની ઓછામાં ઓછી સાત દિવસની લેખિત નોટિસ આવા ભોગવટાદારને અગાઉથી આપ્યા સિવાય અને ભોગવટાદારની સંમતિ સિવાયતેના રહેઠાણ સાથે જોડાયેલ કોઇ બંધ વાડા અથવા બગીચામાં દાખલ થશે નહિ.

વળતરની ચૂકવણી

૧૩. કલમ ૧૨ નીચે અધિકૃત કરાયેલ અધિકારી કલમ ૧૨ નીચે પ્રવેશતી વખતે તેને થયેલ કોઇ નુકસાન બદલ નાણાં ચૂકવશે અથવા ચૂકવણી કરશે અને આમ ચૂકવેલી અથવા રજૂ કરેલી રકમ પૂરતી હોવા અંગે તકરારની બાબતમાં તે તકરારને કલેકટર અથવા જિલ્લાના બીજા મુખ્ય મહેસૂલી અધિકારી સમક્ષ રજૂ કરશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

સામાજિક અસર આકારણી અહેવાલમાં ચૂક

૧૪. કલમ ૭ હેઠળ નિષ્ણાત સમિતિએ રજૂ કરેલ સામાજિક અસર આકારણી અહેવાલ આપ્યાની તારીખથી બાર મહિનાની અંદર કલમ ૧૧ હેઠળનું પ્રારંભિક જાહેરનામું બહાર પાડવામાં ન આવે તો તેવો અહેવાલ રદ થયેલો માનવામાં આવશે અને કલમ ૧૧ હેઠળની સંપાદન કાર્યવાહી અગાઉ નવેસર સામાજિક અસર આકારણી હાથ ધરવાની જરૂર રહેશે.

પરંતુ યોગ્ય સરકારને તેના મતે સંજોગો વાજબી ઠરાવતા હોય,તો બાર મહિનાનો સમય લંબાવી આપવાની સત્તા રહેશે:

પરંતુ વધારામાં સમય લંબાવી આપવાનો આવો નિર્ણય લેખિત નોંધવાનો રહેશે. તે અધિસૂચિત કરવામાં આવશે અને સંબંધિત સત્તાતંત્રની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.

વાંધાની સુનાવણી.

૧૫(૧) કલમ ૧૧ ની પેટા-કલમ (૧) હેઠળ અધિસૂચિત કરેલી કોઇ જમીનમાં કોઇ વ્યક્તિનું હિત હોય અને તે જાહેર હેતુ માટે જરૂરી હોય કે જરૂરી હોવાનોસંભવ હોય. તો પ્રારંભિક જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી સાઠ દિવસની અંદર નીચેની બાબતમાં વાંધો લઇ શકે:

(ક) સંપાદન કરવા વિચારેલી જમીનનો વિસ્તાર અને તેની યોગ્યતા:

(ખ) જાહેર હેતુ માટે પ્રસ્તાવિત વાજબી કારણો:

(ગ) સામાજિક અસર આંકારણી અહેવાલનાં તારણ.

(૨) પેટા-કલમ (૧) હેઠળનો દરેક વાંધો કલેકટરને લેખિત આપવામાં આવશે. કલેકટર વાંધો લેનારને રૂબરૂમાં અથવા તેણે આ અંગે અધિકૃત કરેલી કોઇ વ્યક્તિ અથવા એડવોકેટને રૂબરૂ સાંભળવાની તક આપશે. આવા બધા વાંધા સાંભળ્યા પછી અને આ અંગે આગળ તપાસ હોય તો તે કર્યા પછી તેમને જરૂરી જણાય તેમ કલમ ૧૧ ની પેટા-કલમ (૧) હેઠળ અધિસૂચિત કરેલી જમીન બાબતમાં અહેવાલ તૈયાર કરશે અથવા જમીનના જુદા જુદા ભાગ સંબંધમાં જુદા જુદા અહેવાલ તૈયાર કરશે અને યોગ્ય સરકારને વાંધા અંગે ભલામણો સાથે તેમણે કરેલી કાર્યવાહી સાથે જમીન સંપાદનનું અંદાજી ખર્ચ તે સરકારના નિર્ણયથી પુનઃસ્થાપન થનાર અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યાની વિગત પણ આપશે.

(૩) પેટા-કલમ (૨) નીચે કરેલા વાંધા અંગે યોગ્ય સરકારનો નિર્ણય આખરી રહેશે.

વહીવટકર્તાએ પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજના તૈયાર કરવી.

૧૬(૧) કલમ ૧૧ ની પેટા-કલમ (૧) હેઠળ કલેકટરે પ્રારંભિક જાહેરનામું પ્રસિદ્ધ કરતાં, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટેના વહીવટકર્તા મોજણી હાથ ધરશે અને અસરગ્રસ્ત કુટુંબોની વસતિ ગણતરી નિયત કરવામાં આવે તેવી રીતે અને તેટલા સમયમાં હાથ ધરશે. તેમાં નીચેનાનો સમાવેશ થશે.

(ક) આવા દરેક અસરગ્રસ્ત કુટુંબ માટે સંપાદન કરાતી જમીન અને સ્થાવર મિલકતની વિગતો;

(ખ) જમીન ગુમાવનાર અને ભૂમિહીન લોકો, જેમની આજીવિકા પ્રારંભિક રીતે સંપાદન થઇ રહેલી જમીન પર આધારિત હતી તે;

(ગ) અસરગ્રસ્ત કુટુંબોના પુનર્વસવાટની બાબત સંકળાયેલી હોય ત્યાં અસર પહોંચી હોય અથવા પહોંચવાનો સંભવ હોય તેવાં જાહેર ઉપયોગ અને સરકારી જમીનોની યાદી; અને

(ઘ) અસરગ્રસ્ત કુટુંબોના પુનર્વસવાટની બાબત સંકળાયેલી હોય ત્યાં અસર પામેલી અથવા અસર પહોંચવાનો સંભવ હોય તેવી સુવિધાઓ અને આધારમાળખારૂપ સગવડોની વિગત.

(ચ) સંપાદન થનાર મિલકતનાં કોઇ સહિયારો સંસાધનની વિગતો.

(૨) પેટા-કલમ (૧) હેઠળના મોજણી અને વસતિ ગણતરીના આધારે વહીવટકર્તા નિયત કર્યા મુજબ પુનઃસ્થાપન અને પુનર્વસવાટ દરેક જમીન માલિકની હકદારી અને જેમની આજીવિકા પ્રારંભિક રીતે સંપાદન થતી જમીન અને અસરગ્રસ્ત કુટુંબોનો પુનર્વસવાટ જ્યાં થતો હોય તેના પર આધાર રાખે છે

તેવા ભૂમિહીન અંગે પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજનાનો મુસદ્દો તૈયાર કરશે

(૧) પુનર્વસવાટ વિસ્તારમાં પૂરાં પાડવાનાં સરકારી મકાનોની યાદી.

(૨) પુનર્વસવાટ વિસ્તારમાં પૂરી પાડવાની જાહેર સુવિધાઓ અને આધારમાળખારૂપ સગવડોની વિગત.

(૩) પેટા-કલમ (૨) માં જણાવેલ મુસદ્દારૂપ પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજનામાં પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજનાના અમલ માટેની સમય મર્યાદાનો સમાવેશ થશે.

(૪) પેટા-કલમ (૨) માં જણાવેલી મુસદ્દારૂપ પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજના અસરગ્રસ્ત વિસ્તારમાં વ્યાપક પ્રસિદ્ધિથી સ્થાનિક રીતે જાણીતી થશે અને સંબંધિત ગ્રામ સભા અથવા નગરપાલિકાઓમાં તેની ચર્ચા થશે.

(૫) અસરગ્રસ્ત વિસ્તારમાં જાહેર સુનાવણીનાં તારીખ, સમય અને સ્થળ અંગે પૂરતી પ્રસિદ્ધિ આપ્યાં પછી નિયત કરવામાં આવે તેમ અને તેવી રીતે જાહેર સુનાવણી હાથ ધરવામાં આવશે.

પરંતુ અસરગ્રસ્ત વિસ્તાર એક ગ્રામ પંચાયત અથવા નગરપાલિકા કરતાં વધારે વિસ્તારનો સમાવેશ કરતો હોય ત્યાં જાહેર સુનાવણી પચીસ ટકા કરતાં વધારે જમીન ગ્રામ સભા અથવા નગરપાલિકાની હોય ત્યાં દરેક ગ્રામસભા અને નગરપાલિકામાં યોજવામાં આવશે.

પરંતુ અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામ સભા સાથેનો વિચાર વિમર્શ પંચાયત (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ, ૧૯૯૬ (૧૯૯૬નો ૪૦મો) ની જોગવાઇઓ અનુસાર રહેશે.

(૬) જાહેર સુનાવણી પૂરી થતાં વહીવટકર્તા કલેકટરની જાહેર સુનાવણીમાં ઉપસ્થિત કરેલા વાંધા અને દાવા અંગેના વિશિષ્ટ અહેવાલ સાથે પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટે મુસદ્દારૂપ યોજના રજૂ કરશે.

પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજનાની સમીક્ષા

૧૭.(૧) કલમ ૪૫ હેઠળ રચાયેલી પ્રોજેકટ કક્ષાની પુનઃસ્થાપન અને પુનર્વસવાટ સમિતિ સાથે વહીવટકર્તાએ કલમ ૧૬ ની પેટા-કલમ (૬) નીચે રજૂ કરાયેલ મુસદ્દારૂપ યોજનાની કલેકટર સમીક્ષા કરશે.

(૨) કલેકટર પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજનાનો મુસદ્દો પોતાનાં સૂચનો સાથે યોજનાની મંજૂરી માટે પુનઃસ્થાપન અને પુનર્વસવાટ કમિશનરને રજૂ કરશે.

મંજૂર કરેલી પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજના જાહેર બનાવવી.

૧૮. કમિશનર યથાપ્રસંગ પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાને અને જિલ્લા કલેકટર, પેટા-વિભાગીય મેજિસ્ટ્રેટની અને તાલુકા કચેરીઓને મંજૂર કરેલી પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજના સ્થાનિક ભાષામાં આપશે અને તે નિયત કરવામાં આવે તેવી રીતે અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને યોગ્ય સરકારની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.

એકરાર અને પુનઃસ્થાપન

નિયમ – ૨૧
ફોર્મ – ૯

૧૯(૧) કલમ ૧૫ ની પેટા-કલમ (૨) હેઠળ કોઇ અહેવાલને ગણતરીમાં

અને પુનર્વસવાટના સારાંશનું પ્રકાશન

લીધા બાદ યોગ્ય સરકારને ખાતરી થાય કે અમુક જમીન જાહેર હેતુ માટે જરૂરી છે. તો તે અંગે એકરાર કરવામાં આવશે અને આવી સરકારના સચિવની સહી અને સીલથી અસરગ્રસ્તોના પુનઃસ્થાપન અને પુનર્વસવાટના હેતુ માટે 'પુનર્વસવાટ વિસ્તાર' તરીકે મુકરર કર્યાના એકરારથી અને તેના હુકમને પ્રમાણિત કરવા યોગ્ય રીતે અધિકૃત અધિકારી વખતોવખત તે જ જાહેરનામાથી જમીનના જુદા જુદા ભાગ અંગે તે માટે જરૂરી હોય ત્યારે એક અહેવાલ કે વધારે અહેવાલ બનાવ્યા હોય. (જરૂરી હોય ત્યારે)

(૨) કલેકટર પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ એકરારના મુસદ્દા સાથે પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજનાનો સારાંશ પ્રસિદ્ધ કરશે. → નિયમ-૨૨

પરંતુ આવા એકરાર સાથે પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજનાનો સારાંશ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી આ પેટા-કલમ હેઠળ કોઇ એકરાર કરવામાં આવશે નહિ.

પરંતુ જમીનના સંપાદન ખર્ચ પેટે યોગ્ય સરકાર નિયત કરે તેટલી સંપૂર્ણ કે અંશતઃ રકમ જેને જમીનની જરૂર હોય તે મંડળ જમા ન મૂકે ત્યાં સુધી આ પેટા-કલમ નીચે કોઇ એકરાર કરવામાં આવશે નહિ. પરંતુ કલમ ૧૧ હેઠળ પ્રારંભિક જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી બાર મહિનાની અંદર એકરાર યોગ્ય સરકાર પ્રસિદ્ધ કરી શકે તે માટે જેમને જરૂર છે તે મંડળ ઝડપથી રકમ જમા કરશે.

(૩) જે પ્રોજેકટોમાં જમીન તબક્કાવાર સંપાદન કરવામાં આવતી હોય ત્યાં ખુદ સંપાદન માટેની અરજી પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટેના જુદા જુદા તબક્કા નિર્દિષ્ટ કરી શકે અને આમ નિર્દિષ્ટ કરેલ તબક્કા અનુસાર બધા

એકરાર કરવામાં આવશે.

(૪) પેટા-કલમ (૧) માં જણાવેલ દરેક એકરાર નીચેની રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે:

(ક) સરકારી રાજપત્રમાં;

(ખ) તે વિસ્તારમાં ફેલાવો ધરાવતા બે દૈનિક સમાચારપત્રોમાં. જેમાં એક તે વિસ્તારની પ્રાદેશિક ભાષામાં રહેશે;

(ગ) યથાપ્રસંગ પંચાયત. નગરપાલિકા અથવા મહાનગર પાલિકામાં અને જિલ્લા કલેક્ટર. પેટા-વિભાગીય મેજિસ્ટ્રેટની કચેરીઓમાં અને તાલુકામાં સ્થાનિક ભાષામાં:

(ઘ) યોગ્ય સરકારની વેબસાઇટ પર અપલોડ કરીને:

(ચ) અસરગ્રસ્ત વિસ્તારમાં. નિયત કરવામાં આવે તેવી રીતે.

(૫) પેટા-વિભાગ (૧) માં જણાવેલ દરેક એકરાર નીચેની બાબત દર્શાવશે:

(ક) જમીન જ્યાં આવેલી હોય તે જિલ્લો અથવા બીજો પ્રાદેશિક વિભાગ

(ખ) જે હેતુ માટે તે જોઇતી હોય તેનો અંદાજે વિસ્તાર: અને

(ગ) નકશો જમીન માટે બનાવ્યો હોય ત્યાં. આવો નકશાનું ક્યા સ્થળે કોઇ ખર્ચ કર્યા સિવાય નિરીક્ષણ કરી શકાય.

(૬) પેટા-કલમ (૧) માં જણાવેલ એકરાર, જમીન જાહેર હેતુ માટે જોઇએ છે તેનો તે સર્વગ્રાહી પુરાવો બની રહેશે અને આવો એકરાર કર્યા પછી, યોગ્ય સરકાર આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલી રીતે જમીનનું સંપાદન કરી શકશે.

(૭) પ્રારંભિક જાહેરનામાની તારીખથી બાર મહિનાનીઅંદર પેટા-કલમ (૧) હેઠળ કોઇ એકરાર કરવામાં ન આવે, તો આવું જાહેરનામું રદબાતલ થયું હોવાનું માનવામાં આવશે.

પરંતુ આ પેટા-કલમમાં ઉલ્લેખેલ સમય ગણવામાં કોર્ટના હુકમથી મનાઇ હુકમના કારણે જમીનની સંપાદનની કાર્યવાહી રોકવામાં આવી હોય ત્યાં તે દરમિયાનનો સમય બાકાત ગણવામાં આવશે.

પરંતુ યોગ્ય સરકારને તેના મતે સંજોગો વાજબી જણાય તો બાર મહિનાનો સમય લંબાવી આપવાની સત્તા રહેશે.

પરંતુ સમય લંબાવી આપવાનો આવો નિર્ણય લેખિત નોંધવાનો રહેશે અને તે અધિસૂચિત કરવામાં આવશે અને સંબંધિત સત્તાતંત્રની વેબસાઇટ પર તે અપલોડ કરવામાં આવશે.

નિર્દિષ્ટ વિસ્તાર તરીકે નિશાની સહિત જમીનને નિશાની કરવાની, માપવાની અને તેનું આયોજન કરવાની.

૨૦. તે પરથી કલેક્ટર કલમ ૧૨ નીચે નિશાની કરી દીધી હોય તે સિવાય નિશાની કરાવશે અને માપવામાં આવશે અને તેનો કોઇ નકશો ન બનાવ્યો હોય તો તેનો નકશો બનાવશે.

હિત ધરાવતી વ્યક્તિઓને નોટિસ

૨૧(૧) કલેકટર તેની વેબસાઇટ પર જાહેર નોટિસ પ્રસિદ્ધ કરશે અને લેવાની જમીન પર કે તેની નજીક કોઇ સુગમ સ્થળે જાહેર નોટિસ મુકાવશે. તેમાં જણાવશે કે સરકાર જમીનનો કબજો લેવા માટે છે અને વળતર પુનઃસ્થાપન અને પુનર્વસવાટના બધી હિત ધરાવતી વ્યક્તિઓના આવી જમીન માટેના દાવા તેમને આપવા.

(૨) પેટા-કલમ (૧) માં જણાવેલી જાહેર નોટિસ, આમ જરૂરી જમીનની વિગતો જણાવશે અને જમીનમાં હિત ધરાવતી બધી વ્યક્તિઓને જાહેર નોટિસમાં દર્શાવેલા સ્થળે અને સમયે, જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના ઓછામાં ઓછા ત્રીસ દિવસની અંદર અને વધુમાં વધુ ૬૦ દિવસની અંદર કલેકટર સમક્ષ જાતે અથવા એજન્ટ મારફત અથવા એડવોકેટ મારફત હાજર થવું અને જમીનમાં તેમના સંબંધિત હિતના પ્રકાર અને આવા હિત બદલ વળતરના દાવાની વિગતો અને કલમ ૨૦ નીચે કરેલાં માપ અંગે તેમના વાંધા સાથે જ તેમના પુનઃસ્થાપન અને પુનર્વસવાટના દાવા જણાવશે.

(૩) પેટા-કલમ (૨) માં ઉલ્લેખેઢલ તેમના નિવેદનમાં કલેકટરને પક્ષકારે અથવા તેના એજન્ટે લેખિતમાં સહી કરેલી હોવી જોઇએ.

(૪) કલેકટર ભોગવટાદારને અથવા તેવી જાણમાં હોય કે મનાતી હોય તેવી બધી હિત ધરાવતી વ્યક્તિઓને નોટિસ પણ બજાવશે અને આવી હિત ધરાવતી વ્યક્તિઓ માટે જે મહેસૂલી જિલ્લાની અંદર જમીન આવેલી હોય તેના વતી સેવા મેળવવા અધિકૃત એજન્ટો રાખશે.

(૫) આમ હિત ધરાવતી વ્યક્તિ અન્યત્ર રહેતી હોય અને તેની પાસે

કોઇ આવો એજન્ટ ન હોય તો તેના છેલ્લા જાણમાં હોય તેવા રહેઠાણના અથવા વેપારના સ્થળના સરનામે ટપાલથી નોટિસ મોકલાય તેની કલેકટર ખાતરી કરશે અને તે બાબત ઓછામાં ઓછા બે રાષ્ટ્રીય દૈનિક સમાચારપત્રમાં તેમજ તેની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરશે.

**નામ અને હિત અંગે નિવેદન કરવામાં જરૂરી હોવા અને અમલ કરવાની સત્તા.**

૨૨(૧) કલેકટરને આવી કોઇ વ્યક્તિ, દર્શાવેલા સમયે અને સ્થળે (આવો સમય સંપાદનની તારીખથી ઓછામાં ઓછો ત્રીસ દિવસનો હોય). વ્યવહારુ હોય ત્યાં સુધી, જમીન અથવા તેના કોઇ ભાગમાં સહ-માલિક. પેટા-માલિક. ગીરો લેનાર. ગણોતિયા અથવા કોઇ પણ હિત ધરાવતી અન્યથા વ્યક્તિ અને આવાં હિતનો પ્રકાર. ગણોત અને નફો. નિવેદનની અગાઉની તારીખથી ત્રણ વર્ષ માટે તે અંગે ગણોત અને નફો કોઇ મળ્યો હોય કે મળવાપાત્ર હોય તેનો અમલ કરશે.

(૨) આ કલમ હેઠળ નિવેદન કરવા કે સોંપવાનું હોય તેને ભારતીય દંડ સંહિતા (૧૮૬૦ ના ૪૫મા) ની કલમ ૧૭૫ અને ૧૭૬ ના અર્થની અંદર તેમ કરવા કાયદેસર બંધાયા હોવાનું માની લેવામાં આવશે.

**કલેકટર દ્વારા તપાસ અને સંપાદનનો એવોર્ડ**

૨૩. આમ નક્કી કરેલાં દિવસે અથવા તપાસ મુલતવી રખાઇ હોય તેવા બીજા કોઇ દિવસે કલમ ૨૧ હેઠળ આપેલી નોટિસ અનુસાર કલમ ૨૦ હેઠળ કરેલા માપ અને જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખે જમીનની કિંમત અને વળતર. પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટે દાવો કરતી વ્યક્તિઓના સંબંધિત હિતમાં કલેકટર નીચેના અંગે એવોર્ડ બનાવશે -

(ક) જમીનનો સાચો વિસ્તાર;

(ખ) કલમ ૨૭ હેઠળ નક્કી કરેલ વળતર અને કલમ ૩૧ હેઠળ નક્કી

કરેલ પુનઃસ્થાપન અને પુનર્વસવાટ એવોર્ડ તેમના મતે તે જમીન માટે મંજૂર કરવા જોઇએ;

(ગ) જમીનમાં હિત ધરાવતા હોવાનું જાણ અથવા માન્યતામાં હોય અને તેઓ તેમની સમક્ષ હાજર થયા હતા કે નહિ તેમાં ઉક્ત વળતરનું વિભાજન.

૧૮૯૪ નાં અધિનિયમ ૨.૧ હેઠળ જમીન સંપાદન પ્રક્રિયા કેટલીક બાબતોમાં નિરર્થક બની છે.

૨૪(૧) આ અધિનિયમમાં ગમે તે જણાવ્યું હોય તે છતાં જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ નીચે શરૂ કરેલી જમીન સંપાદન પ્રક્રિયામાં –

(ક) ઉક્ત જમીન સંપાદન અધિનિયમની કલમ (૧૧) હેઠળ કોઇ એવોર્ડ બનાવાયો ન હોય ત્યાં વળતર નક્કી કરવાને લગતી આ અધિનિયમની બધી જોગવાઇઓ લાગુ પડશે

(ખ) કલમ ૧૧ હેઠળ એવોર્ડ બનાવ્યો હોય ત્યાં જમીન સંપાદન અધિનિયમ રદ ન કરવામાં આવ્યો ન હોય તેમ આ અધિનિયમની જોગવાઇ હેઠળ આવી કાર્યવાહી ચાલુ રહેશે.

(૨) પેટા કલમ (૧) માં ગમે તે જણાવ્યું હોય તે છતાં જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ હેઠળ શરૂ કરેલી જમીન સંપાદનની કાર્યવાહીમાં આ અધિનિયમની શરૂઆતમાં પાંચ વર્ષ કે વધારે સમય અગાઉ એવોર્ડ બન્યો હોય પરંતુ જમીનનો પ્રત્યક્ષ કબજો ન લેવાયો હોય અથવા વળતર ન અપાયું હોય ત્યાં ઉક્ત કાર્યવાહીઓ રદ થયેલી માનવામાં આવશે અને યોગ્ય સરકારને પસંદ હોય તો આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર આવી સંપાદનની કાર્યવાહી નવેસર શરૂ કરવામાં આવશે.

પરંતુ એવોર્ડ આપવામાં આવ્યો હોય અને ઘણા ખરાં જમીન ખાતામાં વળતર હિતાધિકારીઓના ખાતામાં જમા ન કરાવ્યું હોય ત્યાં ઉક્ત જમીન સંપાદન અધિનિયમની કલમ ૪ હેઠળ સંપાદન માટે જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા બધા હિતાધિકારીઓ આ અધિનિયમની જોગવાઇ અનુસાર વળતર માટે હકદાર રહેશે.

પરંતુ યોગ્ય સરકારને વાજબી સંજોગો જણાય. તો તેને બાર મહિનાનો સમય લંબાવી આપવાની સત્તા રહેશે.

પરંતુ વધુમાં મુદત લંબાવી આપવાનો આવો નિર્ણય લેખિત નોંધવામાં આવશે.તે અધિસૂચિત કરવામાં આવશે અને સંબંધિત સત્તાતંત્રની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.

કલેકટરે જમીનની બજાર કિંમત નક્કી કરવી.

૨૬(૧) કલેકટર જમીનની બજાર કિંમત આકારના અને નક્કી કરવામાં નીચેના માપદંડ અપનાવશે: એટલે કે,

(ક) જમીન જ્યાં આવેલી હોય તે વિસ્તારમાં યથાપ્રસંગ વેચાણ ખતની નોંધણી માટે અથવા વેચાણના કરાર માટે ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯(૧૮૯૪ નો દ્વિતીય) માં નિર્દિષ્ટ કરેલી જમીન કિંમત; અથવા

(ખ) તદ્દન નજીકના ગામ અથવા તદ્દન નજીકના વિસ્તારમાં આવેલી જમીનના તેવા પ્રકાર સરેરાશ વેચાણ કિંમત.

(ગ) ખાનગી કંપનીઓ અથવા જાહેર ખાનગી ભાગીદારી પ્રોજેકટ માટે જમીન સંપાદન બાબતમાં કલમ ૨ ની પેટા-કલમ (૨) હેઠળ કબૂલ કરેલી

વળતરની સંમત રકમ, એ બેમાં જે વધારે હોય તે.

પરંતુ બજારકિંમત નક્કી કરવાની તારીખ, કલમ ૧૧ હેઠળ જે તારીખે જાહેરનામું ઇસ્યુ થયું હોય તે તારીખ રહેશે.

<u>સ્પષ્ટીકરણ-૧:</u> જે વર્ષમાં જમીનનું સંપાદન કરવા વિચાર્યું હોય તે વર્ષની તરત અગાઉનાં ત્રણ વર્ષ દરમિયાન નજીકનાં ગામડાંમાં અથવા નજીકના વિસ્તારમાં સમાન પ્રકારના વિસ્તાર માટે વેચાણ ખત અથવા વેચાણ માટેના કરાર ગણતરીમાં લઇ ખંડ (ખ) માં જણાવેલ સરેરાશ વેચાણ કિંમત નક્કી કરવામાં આવશે.

<u>સ્પષ્ટીકરણ-૨:</u> સ્પષ્ટીકરણ-૧ માં જણાવેલ સરેરાશ વેચાણ કિંમત નક્કી કરવા માટે, જેમાં સૌથી ઊંચી વેચાણ કિંમત દર્શાવી હોય તે વેચાણના કરાર અથવા કુલ વેચાણ ખતના અર્ધા ગણતરીમાં લેવામાં આવશે.

<u>સ્પષ્ટીકરણ-૩:</u> આ કલમ હેઠળ બજાર કિંમત નક્કી કરતી વખતે સ્પષ્ટીકરણ - ૧ અથવા સ્પષ્ટીકરણ - ૨ માં જણાવેલી સરેરાશ વેચાણ કિંમત અથવા આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ સંપાદન કરેલી જમીન બદલ વળતર તરીકે ચૂકવેલી કોઇ પણ કિંમત જિલ્લામાં અગાઉના પ્રસંગે ચૂકવેલી કિંમત વિચારણામાં લેવામાં નહિ આવે.

<u>સ્પષ્ટીકરણ-૪:</u> આ કલમ હેઠળ બજાર કિંમત નક્કી કરતી વખતે સ્પષ્ટીકરણ - ૧ અથવા સ્પષ્ટીકરણ- ૨ માં જણાવેલી સરેરાશ વેચાણ કિંમત ચૂકવેલી કોઇ પણ કિંમત કલેકટરના મતે ખરેખર પ્રવર્તતી વેચાણ કિંમતના સૂચક ન હોય તો બજાર કિંમત ગણવાના હેતુ માટે કિંમત ઓછી ગણવામાં આવશે.

(૨) પેટા-કલમ (૧) અનુસાર ગણેલી બજાર કિંમતને પ્રથમ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા અવયવથી ગુણવામાં આવશે.

(૩) નીચેનાં કારણોસર પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) નીચે બજાર કિંમત નક્કી ન કરી શકાય ત્યાં.

(ક) જમીન એવા વિસ્તારમાં આવેલી છે જ્યાં જમીનના સોદા તે વિસ્તારમાં હાલ પૂરતું અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળ મર્યાદિત થયા છે;

(ખ) સમાન પ્રકારની જમીન માટે પેટા-કલમ (૧) ના ખંડ (ક) માં દર્શાવ્યા મુજબ નોંધાયેલા વેચાણ ખત અથવા વેચાણના કરાર તરત અગાઉના ત્રણ વર્ષ માટે ઉપલબ્ધ નથી; અથવા

(ગ) યોગ્ય સત્તાતંત્રે ભારતીય સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ (૧૮૯૯નો દ્વિતીય) હેઠળ જમીનની બજાર કિંમત નિર્દિષ્ટ કરી નથી.

તરત નજીકના વિસ્તારોમાં આવેલી જમીનના સમાન પ્રકાર બાબતમાં પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ રીતે ગણેલી કિંમત પર આધારિત સંબંધિત રાજ્ય સરકાર એકમ દીઠ ભોયતળિયા કિંમત અથવા ન્યૂનતમ કિંમત નિર્દિષ્ટ કરશે.

પરંતુ જમીન સંપાદન માટે વળતરના ભાગ તરીકે જરૂર હોય તે મંડળ જમીનના માલિકોને (જેમની જમીન સંપાદન કરવામાં આવી છે) તેનો હિસ્સો આપવાની દરખાસ્ત કરે ત્યાં, આવો હિસ્સો કોઇ પણ ભોગે યથાપ્રસંગ પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૩) હેઠળ ગણેલી કિંમતના ૨૫

(પચીસ) ટકા કરતાં વધશે નહિ.

પરંતુ જરૂર હોય તે મંડળ, પેટા-કલમ (૧) હેઠળ ગણતરી કરેલ જમીનની કિંમતમાં જેની કિંમત કપાતપાત્ર છે તેને જમીનના માલિક (જેમની જમીન સંપાદન કરવામાં આવી છે) ને તેનો હિસ્સો લેવા કોઇ પણસંજોગોમાં ફરજ પાડી શકશે નહિ.

પરંતુ કોઇ પણ વિસ્તારમાં કોઇ જમીન સંપાદન કાર્યવાહી શરૂ કરતાં પહેલાં, કલેક્ટર તે વિસ્તારમાં પ્રવર્તતા બજાર ભાવના આધારે જમીનની વેચાણ કિંમત સુધારવા અને અદ્યતન કરવા જરૂરી પગલાં લેશે.

પરંતુ ધાર્મિક અથવા ભાષાકીય લઘુમતી દ્વારા સ્થપાયેલ અને વહીવટ કરાતી શિક્ષણ સંસ્થાની કોઇ જમીન અથવા મિલકતના સંપાદન માટે બજાર કિંમત એવી રીતે નક્કી કરવામાં આવે કે તેમની પસંદગીની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવા અને તેનો વહીવટ કરવા તેમના હકને મર્યાદિત કે રદબાતલ કરશે નહિ.

વળતરની રકમ નક્કી કરવી.

૨૭. સંપાદન કરવાની જમીનની બજાર કિંમત નક્કી કર્યા પછી કલેક્ટર જમીન સાથે જોડાયેલી બધી અસ્ક્યામતો સહિત જમીન માલિક (જેમની જમીન સંપાદન કરવામાં આવી છે) ને ચૂકવવાના વળતરની કુલ રકમ ગણી કાઢશે.

એવોર્ડ નક્કી કરવામાં કલેક્ટરે પારિમિતિઓ વિચારણામાં લેવી.

૨૮. આ અધિનિયમ હેઠળ સંપાદન કરેલી જમીન બદલ આપવાની વળતરની રકમ નક્કી કરવામાં કલેક્ટર નીચેની બાબતો વિચારણામાં લેશે:

- પ્રથમ, કલમ ૨૬ હેઠળ નક્કી કરેલી બજાર કિંમત અને પ્રથમ અને દ્વિતીય અનુસૂચિ અનુસાર એવોર્ડની રકમ;

- દ્વિતીય. કલેક્ટરને જમીનનો કબજો લેતી વખતે તે જમીન પર હોય તે ઊભા પાક અને વૃક્ષો લઇ જવાને કારણે હિત ધરાવતી વ્યક્તિને થયેલું નુકસાન.
- તૃતીય. આવી જમીનને બીજી જમીનથી અલગ પાડવાના કારણે કલેક્ટરે જમીનનો કબજો લેતી વખતે હિત ધરાવતી વ્યક્તિને થયેલું નુકસાન.
- ચોથું, કલેક્ટરે જમીનનો કબજો લેતી વખતે. તેની બીજી સ્થાવર અને જંગમ મિલકતને સંપાદનને કારણે નુકસાન પહોંચ્યું હોય અને બીજી કોઇ રીતે હિત ધરાવતી વ્યક્તિને નુકસાન પહોંચ્યું હોય;
- પાંચમું. કલેક્ટરે જમીનનું સંપાદન કરવાથી. હિત ધરાવતી વ્યક્તિને તેનું રહેઠાણ અથવા વેપારનું સ્થળ બદલવાની ફરજ પડતાં તે માટે યોગ્ય ખર્ચ થયું હોય.
- છઠ્ઠું. કલમ ૧૯ હેઠળ એકરાર પ્રસિદ્ધ થવાના સમય અને કલેક્ટરે જમીનનો કબજો લીધાના સમય દરમ્યે જમીનના નફાનો ખરેખર ઘટાડો નુકસાન થયો થયું હોય.
- સાતમું, અસરગ્રસ્ત કુટુંબોને સમાનતા. ન્યાય અને લાભના હિતમાં બીજું જે કારણ હોય તે.

જમીન અથવા મકાન સાથે જોડાયેલી વસ્તુઓની કિંમત નક્કી કરવી.

૨૯(૧) સંપાદન કરવાની જમીન અથવા મકાન સાથે જોડાયેલ મકાન અને બીજી સ્થાવર મિલકત અથવા અસ્ક્યામતની બજાર કિંમત નક્કી કરવામાં. કલેક્ટર તેમને જરૂરી લાગે તેમ સક્ષમ ઇજનેર અથવા પ્રસ્તુત ક્ષેત્રના બીજા કોઇ તકિદની સેવાનો ઉપયોગ કરશે.

(૨) સંપાદન કરેલી જમીન સાથે જોડાયેલ વૃક્ષો અને છોડની કિંમત

નક્કી કરવા માટે કલેક્ટર કૃષિ, વન નિર્માણ, બાગાયત, કોશેટા ઉછેર અથવા તેમને જરૂરી લાગે તેવા ક્ષેત્રની અનુભવી વ્યક્તિઓની સેવાઓનો ઉપયોગ કરશે.

(૩) જમીન સંપાદનની પ્રક્રિયા દરમિયાન નુકસાન પામેલા ઊભા પાકની કિંમત આકારવા, કલેક્ટર તેમને જરૂરી જણાય તેવા કૃષિ ક્ષેત્રની અનુભવી વ્યક્તિઓની સેવાઓનો ઉપયોગ કરશે.

વળતર રાહતનો એવોર્ડ

૩૦(૧) કુલ ચૂકવવાનું વળતર નક્કી કરીને, આખરી એવોર્ડ પર આવવા માટે કલેક્ટર વળતર રાહત (solution) ની રકમ નાખશે. તે રકમ વળતરની રકમના ૧૦૦ ટકા જેટલી હશે.

<u>સ્પષ્ટીકરણ:</u> શંકા નાબૂદ કરવા માટે આથી જાહેર કરવામાં આવે છે કે જેમની જમીન સંપાદન કરવામાં આવી હોય તેવી કોઇ વ્યક્તિને ચૂકવવાપાત્ર વળતર ઉપરાંત વળતર રાહત (solution) ની રકમ રહેશે.

(૨) કલેક્ટર વ્યક્તગત એવોર્ડ ઇસ્યુ કરશે. તેમાં ચૂકવવાપાત્ર વળતરની વિગતો અને પ્રથમ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબ વળતરની ચૂકવણીની વિગત દર્શાવશે.

(૩) કલમ ૨૬ હેઠળ પૂરી પાડેલી જમનની બજાર કિંમત ઉપરાંત, કલેક્ટર દરેક કેસમાં, કલમ ૪ ની પેટા-કલમ (૨) હેઠળ સામાજિક અસર આકારણી અભ્યાસનું જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી શરૂ થતા સમય માટે આવી બજાર કિંમત પર વાર્ષિક બાર ટકાના દરે ગણેલી રકમનો એવોર્ડ આવી જમીન અંગે કલેક્ટરના એવોર્ડની તારીખ અથવા જમીનનો કબજો લીધાની તારીખ, એ બેમાં જે વહેલો હોય તેટલો રહેશે.

પ્રકરણ – ૫

## પુનઃસ્થાપન અને પુનર્વસવાટ એવોર્ડ

૩૧(૧) કલેકટર, દરેક અસરગ્રસ્ત કુટુંબ માટે દ્વિતીય અનુસૂચિમાં જોગવાઇ કરેલ હકદારીની બાબતમાં પુનઃસ્થાપન અને પુનર્વસવાટ એવોર્ડ પસાર કરશે.

(૨) કુટુંબને ચૂકવવાપાત્ર પુનઃસ્થાપન અને પુનર્વસવાટ એવોર્ડમાં નીચેનાનો સમાવેશ થશે:

(ક) કુટુંબને ચૂકવવાપાત્ર પુનઃસ્થાપન અને પુનર્વસવાટની રકમ;

(ખ) જેમના ખાતામાં પુનઃસ્થાપન અને પુનર્વસવાટ એવોર્ડની રકમ તબદીલ કરવાની હોય તે વ્યક્તિનો બેંક ખાતા નંબર;

(ગ) વિસ્થાપિત કુટુંબો બાબતમાં ફાળવવાની ઘરથાળ અને મકાનની વિગતો;

(ઘ) વિસ્થાપિત કુટુંબોને ફાળવેલ જમીનની વિગત;

(ચ) વિસ્થાપિત કુટુંબો બાબતમાં એક સમયના નિર્વાહ ભથ્થા અને પરિવહન ભથ્થાની વિગતો;

(છ) પશુ-છાપરી અને નાની દુકાનો માટે ચૂકવણીની વિગત;

(જ) કારીગરો અને નાના વેપરીઓને એક સમયની રકમની વિગતો;

(ઝ) અસરગ્રસ્ત કુટુંબોના સભ્યોને પૂરી પાડવાની ફરજિયાત રોજગારની વિગતો:

(ટ) આમાં સંકળાયેલા કોઇ મચ્છીમારીના હકની વિગત:

(ઠ) પૂરી પાડવાની વાર્ષિકી અને હકદારીની વિગત:

(ડ) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે પૂરી પાડવાની ખાસ જોગવાઇઓની વિગત:

પરંતુ ખંડ (ક) થી (ડ) હેઠળ નિર્દિષ્ટ કરેલી બાબત કોઇ અસરગ્રસ્ત કુટુંબને લાગુ ન પડતી હોય, તેવી બાબતમાં તેને લાગુ પડતી નથી તરીકે દર્શાવવામાં આવશે.

પરંતુ યોગ્ય સરકાર જાહેરનામાથી કિંમત સુચકાંકમાં વધારો ધ્યાનમાં રાખીને અસરગ્રસ્ત કુટુંબોને ચૂકવવાપાત્ર પુનઃસ્થાપન અને પુનર્વસવાટ રકમનો દર વધારી શકશે.

પુનર્વસવાટ વિસ્તારમાં આધારમાળખાની સુવિધાની જોગવાઇ

૩૨. પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ દરેક પુનર્વસવાટ વિસ્તારમાં કલેક્ટર ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બધી આધારમાળખારૂપ અને મૂળભૂત સુવિધાઓની જોગવાઇની ખાતરી કરશે.

એવોર્ડમાં કલેક્ટર દ્વારા સુધારા

૩૩(૧) કલેક્ટર કોઇ પણ સમયે પરંતુ એવોર્ડની તારીખથી ઓછામાં ઓછું છ મહિના સુધીમાં અથવા તેણે આ અધિનિયમની જોગવાઇઓ નીચે સત્તાતંત્રને કલમ ૬૪ હેઠળ પુછાવવાની જરૂર હોય ત્યાં, આવું પુછાણ કરતાં

પહેલાં હુકમ કરીને કોઇ કારકુની અથવા ગાણિતિક ભૂલો કોઇ પણ એવોર્ડમાં અથવા પોતાના પ્રસ્તાવથી અથવા હિત ધરાવતી કોઇ વ્યક્તિની અરજી પરથી અથવા સ્થાનિક સત્તાતંત્ર સુધારી શકશે.

પરંતુ કોઇ વ્યક્તિને પ્રતિકૂળ અસર કરે તેવી બાબતમાં રજૂઆત કરવાની વાજબી તક આપી હોય તે સિવાય કોઇ સુધારો કરાશે નહિ.

(૨) એવોર્ડમાં કોઇ સુધારો કર્યા અંગે કલેકટર આવો સુધારો કર્યાની તાત્કાલિક નોટિસ આપશે. જેથી હિત ધરાવતા બધા તેમાં સુધારો કરી શકે.

(૩) પેટા-કલમ (૧) નીચે કરેલા સુધારાના પરિણામે કોઇ વ્યક્તિને વધારે રકમ આપી હોવાનું સાબિત થાય ત્યાં આમ આપેલી વધારે રકમ રિફંડ આપવાની થશે અને તેમાં કોઇ કસૂર થાય અથવા ચૂકવવાની ના પાડે. તેને યોગ્ય સરકારે નિયત કર્યા મુજબ તે વસૂલ કરી શકાશે.

તપાસ મોકૂફ રાખવી.

૩૪. કલેકટર પોતાને યોગ્ય લાગે તે કારણસર પોતે નક્કી કરે તે દિવસે વખતોવખત તપાસ મુલતવી રાખી શકશે.

સમન્સ મોકલવાની સત્તા તેમજ સાક્ષીને હાજર રાખવાની તેમજ દસ્તાવેજ રજૂ કરાવવાની સત્તા.

૩૫. આ અધિનિયમ હેઠળ તપાસ માટે કલેકટરને સમન્સ જારી કરી. જે પક્ષકારોનું હિત હોય તે સહિતના સાક્ષીઓ પૈકીના કોઇને પણ સમન્સ જારી કરવાની અને તેમને હાજર રહેવા માટે ફરજ પાડવાની અને તે જ પ્રકારે દસ્તાવેજો રજૂ કરવાની અને (શક્ય હોય ત્યાં સુધી) જે પ્રકારે દીવાની અદાલતની બાબતમાં દીવાની કાર્યરીતિ સંહિતા ૧૯૦૮ (૧૯૦૮ ની પાંચમી) ની જોગવાઇ કરવામાં આવી છે. તે અનુસાર તેમની પાસે દસ્તાવેજો રજૂ કરાવવાની સત્તા રહેશે.

રેકર્ડ રજૂ કરવાની સત્તા.

૩૬. યોગ્ય સરકાર, ગમે ત્યારે, કલેક્ટર કલમ ૩૦ નીચે એવોર્ડ આપે તે પહેલાં, (તપાસ દ્વારા કે અન્યથા), કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ તપાસ સંબંધિત કાયદેસરના અથવા યોગ્યતા સંબંધિત સંતોષ થાય તે હેતુથી મંગાવશે; અને તે પોતાને યોગ્ય લાગે તે પ્રકારે હુકમ કરશે અથવા સૂચના આપશે.

પરંતુ, યોગ્ય સરકાર, કોઇપણ વ્યક્તિને બાધ આવે તેમને કોઇ આદેશ અથવા સૂચના, તે વ્યક્તિને સાંભળવાની વાજબી તક આપ્યા સિવાય, આપશે નહિ અથવા જારી કરશે નહિ.

કલેક્ટરનો એવોર્ડ ક્યારે આખરી ગણાશે.

૩૭(૧) આ અંગેના એવોર્ડ (દાવા) કલેક્ટર કચેરીમાં રજૂ કરવામાં આવશે અને અહીં જોગવાઇ કરી હોય તે સિવાય કલેક્ટર અને હિત ધરાવતી વ્યક્તિઓ વચ્ચે પછી ભલે તેઓ કલેક્ટર સમક્ષ ઉપસ્થિત રહ્યા હોય કે નહિ. ચોક્કસ વિસ્તાર તેમજ જમીન અને તેની સાથે જોડાયેલી મિલકતોની બજાર કિંમત અંગે નક્કી કરવામાં આવેલું વળતર તેમજ હિત ધરાવતી વ્યક્તિઓ વચ્ચે વહેંચાયેલ વળતરની યોગ્યતા બાબતમાં તે આખરી અને નિર્ણયાત્મક પુરાવા ગણાશે.

(૨) કલેક્ટર: જે વ્યક્તિઓ અંગત રીતે અથવા પોતાના પ્રતિનિધિઓ મારફત એવોર્ડ જાહેર થતી વખતે ઉપસ્થિત ના રહી હોય તેમને પોતાના એવોર્ડ સંબંધી તાત્કાલિક નોટિસ મોકલશે.

(3) કલેક્ટર. જમીન સંપાદનના કિસ્સામાં હાથ ધરાયેલી સમગ્ર કાર્યવાહી તેમજ દરેક વ્યક્તિને ચૂકવવાપાત્ર ઠરાવેલ વળતરની રકમ અને આ

અધિનિયમ હેઠળ અને સંપાદન કરેલ જમીનની વિગતો જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખશે અને સમગ્ર કાર્યવાહીનો સારાંશ, આ હેતુ માટે ખોલેલી વેબસાઇટ પર પણ મૂકશે.

સંપાદન કરવાની જમીનનો કબજો લેવાની સત્તા.

૩૮(૧) કલેક્ટર એ સુનિશ્ચિત કરશે કે પાત્રતા ધરાવતી વ્યક્તિઓને વળતરની પૂરેપૂરી રકમની ચુકવણી તેમજ પુનઃસ્થાપન અને પુનર્વસવાટની બીજી અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના મળવાપાત્ર નાણાકીય લાભ આ અધિનિયમની કલમ ૩૦ નીચે જાહેર કરવામાં આવેલ એવોર્ડની તારીખથી વળતર માટે ત્રણ મહિનાની અંદર અને પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અંગે છ મહિનાની અંદર ચૂકવવામાં આવે અથવા તે માટે દરખાસ્ત રજૂ કરવામાં આવે.

પરંતુ, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ પેકેજ સંબંધિતઘટક, જે બીજી અને ત્રીજી અનુસૂચિમાં માળખાકીય સવલતોની પાત્રતા અંગે છે, તે એવોર્ડ જાહેર થયાની તારીખથી અઢાર મહિનાની અંદર ચૂકવવામાં આવશે.

વિશેષમાં, જે જમીનનું સંપાદન સિંચાઇ પ્રોજેક્ટ અથવા હાઇડલ પ્રોજેક્ટ માટે કરવામાં આવતું હોય તે કિસ્સામાં, તે જાહેર હેતુ હોઇ, પુનઃસ્થાપન અને પુનર્વસવાટનું કાર્ય સંપાદન કરવાની દરખાસ્તવાળી જમીન ડૂબમાં જાય તેના છ માસ પહેલાં પૂરું કરી દેવાનું રહેશે.

(૨) પુનઃસ્થાપન અને પુનર્વસવાટની પ્રક્રિયા અસરગ્રસ્ત કુટુંબોનું વિસ્થાપન કરતાં પહેલાં તમામ પ્રકારે પૂરી થાય તે સુનિશ્ચિત કરવા માટે કલેક્ટર જવાબદાર રહેશે.

અનેક વિસ્થાપન બાબતમાં વધારાનું વળતર

૩૯. આ અધિનિયમની જોગવાઇ નીચે સંપાદનના હેતુ માટે યોગ્ય સરકારે વિસ્થાપિત કરેલા કોઇ કુટુંબને કલેકટર શક્ય હોય ત્યાં સુધી વિસ્થાપન કરશે નહિ. તે વિસ્થાપન કરે, તો દ્વિતીય અને ઉપરાઉપરી વિસ્થાપન માટે અધિનિયમ નીચે નક્કી કરેલા જેટલું વધારાનું વળતર ચૂકવશે.

અમુક કિસ્સામાં તાકીદની જરૂરિયાત હોય ત્યારે જમીન સંપાદન કરવા માટેની ખાસ સત્તા.

૪૦(૧) તાકીદની જરૂરિયાતના કિસ્સામાં યોગ્ય સરકાર સૂચના આપે ત્યારે કલેકટર. તેવો કોઇ એવોર્ડ જાહેર ન કર્યો હોય તો પણ. કલમ ૨૧ માં જણાવ્યા પ્રમાણેની નોટિસ જાહેર કર્યાના ત્રીસ દિવસ પૂરાં થયા બાદ. જાહેર હેતુ માટે આવશ્યક એવી કોઇપણ જમીનનો કબજો લેશે અને તત્પશ્ચાત્ તે જમીન કોઇપણ બોજાથી મુક્ત રીતે સરકારમાં સંપૂર્ણ રીતે નિહિત કરશે.

(૨) ઉપરની પેટા કલમ (૧) નીચે યોગ્ય સરકારની સત્તા ભારતની સુરક્ષાના હેતુ માટે અથવા રાષ્ટ્રીય સલામતીના હેતુ માટે અથવા સંસદની મંજૂરીથી કુદરતી આપત્તિઓ અને બીજી કટોકટીને કારણે ઊભી થતી કોઇપણ તાકીદની પરિસ્થિતિ પૂરતી મર્યાદિત રહેશે.

પરંતુ. આ પેટા-કલમ નીચે કલેકટર કોઇ મકાનનો અથવા મકાનના કોઇ ભાગનો કબજો લેવાનો પોતાનો ઇરાદો હોવાનું જણાવતી. તે મકાનના કબજેદારને ઓછામાં ઓછી અડતાલીસ કલાકની નોટિસ અથવા તેવા કબજેદારને પોતાની જંગમ મિલકત કોઇપણ પ્રકારની બિનજરૂરી અગવડ વિના ખસેડી લેવા માટે વાજબી લાગે તેવી પૂરતી વધારાની નોટિસ આપ્યા વિના. કબજો લેશે નહિ.

(3) ઉપરના પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) નીચે કોઇપણ

જમીનનો કબજો લેતાં પહેલાં કલેકટર, તેવી જમીન માટે પોતે અંદાજ મૂકેલી વળતરની રકમના ૮૦ ટકાની ચૂકવણી તેમાં હિત ધરાવતી અને પાત્રતા ધરાવતી વ્યક્તિને અગાઉથી કરશે.

(૪) યોગ્ય સરકારને પોતાના અભિપ્રાય અનુસાર કોઇપણ જમીન અંગેની પેટા-કલમ (૧), પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૩) ની જોગવાઇ લાગુ પડે છે એમ લાગે, તે યોગ્ય સરકાર એમ સૂચના આપી શકશે કે પ્રકરણ - ૨ થી પ્રકરણ- ૬ ની કોઇપણ કલમ અથવા તમામ કલમો લાગુ પડશે નહિ. અને જો તે એવી સૂચના જારી કરે તો, તે જમીન અંગેની કલમ ૧૧ ની પેટા કલમ (૧) નું પ્રાથમિક જાહેરનામું બહાર પડયાની તારીખ પછી કોઇપણસમયે કલમ ૧૯ નીચે નિવેદન જારી કરશે.

(૫) જે જમીન અને મિલકતના સંપાદનને લગતી કાર્યવાહી આ કલમની પેટા કલમ (૧) નીચે શરૂ કરવામાં આવી હોય તેમાં આ અધિનિયમની કલમ ૨૭ હેઠળ નક્કી કરવામાં આવેલ કુલ વળતરના પંચોતેર ટકા વધારાની ચુકવણી કલેકટર કરશે.

પરંતુ પ્રોજેકટ ભારતનાં સાર્વભૌમત્વ અને અખંડિતતાને, દેશની સલામતી અને વ્યૂહાત્મક હિતને અથવા વિદેશી રાજ્યો સાથેના સંબંધને અસર કરતો હોય, તો કોઇ વધારાનું વળતર આપવાનું રહેશે નહિ.

અનુસૂચિત જાતિઓ અને આદિજાતિઓ માટે ખાસ જોગવાઇ

૪૧(૧) શક્ય હોય ત્યાં સુધી અનુસૂચિત વિસ્તારોમાં જમીનનું સંપાદન કરવામાં આવશે નહિ.

(૨) આવું સંપાદન થઇ જાય, તો તે નિદર્શન યોગ્ય છેલ્લા ઉપાય

તરીકે કરવામાં આવશે.

(૩) અનુસૂચિત વિસ્તારના કોઇ જમીનના સંપાદન અથવા સ્વત્વાર્પણ બાબતમાં યથાપ્રસંગ સંવિધાનની પાંચમી અનુસૂચિ હેઠળ અનુસૂચિત વિસ્તારોમાં યોગ્ય તબક્કે સંબંધિત ગ્રામ સભા અથવા પંચાયત અથવા સ્વાયત્ત જિલ્લા પરિષદની પૂર્વ સંમતિ. તાકીદની બાબતમાં સંપાદન સહિત આવા વિસ્તારોમાં જમીન સંપાદનના બધા કેસમાં આ અધિનિયમ નીચે અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કેન્દ્રીય કાયદા અથવા રાજ્ય કાયદા નીચે જાહેરનામું પ્રસિદ્ધ કરતાં પહેલાં મેળવવામાં આવશે.

પરંતુ પંચાયત અથવા સ્વાયત્ત જિલ્લા પરિષદની સંમતિ. ગ્રામ સભા હોય નહિ અથવા રચવામાં ન આવી હોય તેવી બાબતમાં લેવાની રહેશે.

(૪) જરૂર હોય તે મંડળ વતી જમીન સંપાદન કરવાનું હોય તેવા પ્રોજેક્ટમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ કુટુંબોનું અસ્વૈચ્છિક વિસ્થાપન થઇ જતું હોય તેવી બાબતમાં. જમીનના લેણાં થતા હક નિશ્ચિત કરવા. જમીન સંપાદન સાથે ખાસ ઝુંબેશ હાથ ધરીને સ્વાત્વાર્પણ કરેલી જમીન પર અનુસૂચિત આદિજાતિ અથવા અનુસૂચિત જાતિના હક પુનઃસ્થાપન કરીને વિકાસ યોજના તૈયાર કરવામાં આવશે.

(૫) વિકાસ યોજનામાં અનુસૂચિત જાતિ તેમજ આદિજાતિ કોમોની જરૂરિયાતોને પહોંચી વળવા. પાંચ વર્ષની અંદર પૂરતો વૈકલ્પિક બળતણ. ઘાસચારો અને બિન-ઇમારતી લાકડાનાં ઉત્પન્નનાં સંસાધનોના વિકાસ માટેના કાર્યક્રમનો પણ સમાવેશ થશે.

(૬) અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના સભ્યો માટે જમીન સંપાદન કરાતી હોય તેવા કેસમાં પ્રારંભમાં પ્રથમ હપ્તા તરીકે અસરગ્રસ્ત કુટુંબોને લેણા થતા વળતરની રકમમાંથી ઓછામાં ઓછું ૧/૩ વળતર ચૂકવવામાં આવશે અને બાકીનો ભાગ જમીનનો કબજો લીધા પછી ચૂકવવામાં આવશે.

(૭) અનુસૂચિત આદિજાતિનાં અસરગ્રસ્ત કુટુંબોને તે જ અનુસૂચિત વિસ્તારમાં સઘન બ્લોકમાં ફરી વસાવવામાં આવશે, જેથી તે તેમની વંશીય, ભાષાકીય અને સાંસ્કૃતિક ઓળખ જાળવી શકે.

(૮) મુખ્યત્વે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ વસતા હોય તેવા પુનઃવસવાટ વિસ્તારમાં સમુદાય અને સામાજિક મેળાવડા માટે યોગ્ય સરકાર નક્કી કરે તેટલા પ્રમાણમાં વિના મૂલ્યે જમીન આપશે.

(૯) તત્સમયે અમલમાં હોય તેવા કાયદા અને વિનિયમોને અવગણીને અનુસૂચિત જાતિઓના સભ્યોની જમીન અને આદિજાતિ જમીનનું સ્વાત્વાર્પણ નિરર્થક ગણવામાં આવશે. આવી જમીનના સંપાદન બાબતમાં પુનઃસ્થાપન અને પુનર્વસવાટના લાભ મૂળ આદિજાતિ જમીન માલિક અથવા અનુસૂચિત જાતિના જમીન માલિકને આપવામાં આવશે.

(૧૦) અસરગ્રસ્ત અનુસૂચિત આદિજાતિઓ, બીજા પરંપરાગત વનવાસી અને અનુસૂચિત જાતિઓ અસરગ્રસ્ત વિસ્તારની નદી અથવા તળાવ અથવા બંધમાં મચ્છીમારીના હક ધરાવતા હોય તેમને સિંચાઇ અથવા હાઇડલ પ્રોજેક્ટના જળાશય વિસ્તારમાં મચ્છીમારીના હક આપવામાં આવશે.

(૧૧) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિનાં અસરગ્રસ્ત

કુટુંબોને જિલ્લા બહાર વસાવવામાં આવે ત્યારે પચાસ હજાર રૂપિયાની એક સમયની હકદારી સાથે નાણાકીય બાબતમાં તે હકદાર હોય તેવા વધારાના પચીસ ટકા પુનઃસ્થાપન અને પુનર્વસવાટના આપવામાં આવશે.

અનામત અને અન્ય લાભ. ૪૨(૧) અસરગ્રસ્ત વિસ્તારમાં અનુસૂચિત આદિજાતિઓ અને અનુસૂચિત જાતિઓને મળતા અનામતના લાભ સહિત બધા લાભ પુનર્વસવાટ વિસ્તારમાં ચાલુ રહેશે.

(૨) સંવિધાનની પાંચમી અનુસૂચિમાં જણાવેલ અનુસૂચિત વિસ્તારોમાં અથવા છઠ્ઠી અનુસૂચિમાં જણાવેલ આદિજાતિ વિસ્તારોમાં રહેતા અનુસૂચિત આદિજાતિનાં અસરગ્રસ્ત કુટુંબોને તે વિસ્તારોની બહાર ફરી વસાવવામાં આવે ત્યારે આ અધિનિયમ હેઠળ ભોગવતા તમામ વૈધાનિક સલામતી હકદારી અને લાભ તે વિસ્તાર પાંચમી અનુસૂચિમાં જણાવેલ અનુસૂચિત વિસ્તાર છે કે છઠ્ઠી અનુસૂચિમાં જણાવેલ આદિજાતિ વિસ્તાર છે કે કેમ તે ધ્યાનમાં લીધા સિવાય તેમનો પુનર્વસવાટના વિસ્તારમાં લંબાવી આપવામાં આવશે.

(3) અનુસૂચિત આદિજાતિ અને બીજા પરંપરાગત વનવાસી (વન હકને માન્યતા) અધિનિયમ ૨૦૦૬ (૨૦૦૭ નો દ્વિતીય) ની જોગવાઇ નીચે સામુહિક હક અપાયા હોય ત્યાં આ સામૂહિક હકમાં તેના હિસ્સાના પ્રમાણમાં જમીન સંપાદનના કારણે વિસ્થાપિત થઇ હોય નાણાકીય રકમમાં પ્રમાણ ગણીને સંબંધિત વ્યક્તિને ચૂકવવામાં આવશે.

## પ્રકરણ – ૬

## પુનઃસ્થાપન અને પુનર્વસવાટની પ્રક્રિયા અને પદ્ધતિ

વહીવટદારનીનિમણૂક

૪૩(૧) જ્યારે યોગ્ય સરકારને સંતોષ થાય કે જમીન સંપાદન કરવાને કારણે લોકોનું અનૈચ્છિક સ્થળાંતર થવાની શક્યતા છે ત્યારે રાજ્ય સરકાર જાહેરનામું બહાર પાડીને તે પ્રોજેક્ટ માટે સંયુક્ત કલેકટર કે અધિક કલેકટર અથવા નાયબ કલેકટર અથવા મહેસૂલ વિભાગના સમકક્ષ અધિકારીથી નીચા દરજ્જાના નહિ તેવા અધિકારીને પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટેના વહીવટદાર તરીકે નિયુક્ત કરશે.

(૨) વહીવટદાર ખાસ સમયમર્યાદા જાળવી શકે અને કાર્યક્ષમતાપૂર્વક કામ કરી શકે તે માટે તેમને યોગ્ય સરકાર સૂચવે તે મુજબ એવી સત્તાઓ, ફરજો અને જવાબદારીઓ આપવી અને તેમને કચેરીનું માળખું પૂરું પાડવું તેમજ યોગ્ય સરકાર નક્કી કરે તેવા અધિકારીઓ અને કર્મચારીઓ તેમની સહાયમાં મૂકવા. તેઓ તેમના હાથ નીચે કામ કરશે.

(૩) યોગ્ય સરકારની તથા પુનઃસ્થાપન અને પુનર્વસવાટ કમિશનરનીદેખરેખ માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને અમલ અને સુનિયંત્રણ વહીવટદારમાં નિહિત કરશે.

પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટેના કમિશનર

૪૪(૧) રાજ્ય સરકાર પોતાની સરકારના કમિશનર અથવા સચિવ કક્ષાના અધિકારીને આ અધિનિયમ હેઠળ અસરગ્રસ્ત કુટુંબોના પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટેના કમિશનર તરીકે નીમશે.

(૨) કમિશનર, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટેના નકશા અગર યોજનાઓ રચવા પર દેખરેખ માટે તેમજ આવી યોજનાઓઅને નકશાના યોગ્ય અમલ માટે જવાબદાર ગણાશે.

(૩) કમિશનર, ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામ પંચાયતો અને શહેરી વિસ્તારોમાં નગરપાલિકાના પરામર્શમાં રહી અમલ પછીના સામાજિક ઓડિટ માટે જવાબદાર રહેશે.

પ્રોજેક્ટ કક્ષાએ પુનઃસ્થાપન અને પુનર્વસવાટ સમિતિ

૪૫(૧) જ્યાં સંપાદન કરવામાં સૂચવવામાં આવેલી જમીન એકસો એકર જેટલી અથવા તેથી વધારે હોય ત્યાં, યોગ્ય સરકાર પુનઃસ્થાપન અને પુનર્વસવાટની યોજનાના સુનિયંત્રણ માટે અને તેના અમલમાં થતી પ્રગતિની સમીક્ષા કરવા માટે, તેમજ ગ્રામીણ વિસ્તારો માટે ગ્રામ પંચાયત અને શહેરી વિસ્તારો માટે નગરપાલિકાની સાથે પરામર્શ કરીને યોજનાના અમલ પછીનું સામાજિક ઓડિટ હાથ ધરવા માટે કલેકટરના અધ્યક્ષસ્થાને પુનઃસ્થાપન અને પુનર્વસવાટ સમિતિ તરીકે ઓળખાતી સમિતિની રચના કરશે.

(૨) પુનઃસ્થાપન અને પુનર્વસવાટ સમિતિમાં યોગ્ય સરકારના અધિકારીઓ ઉપરાંત નીચેના સભ્યોનો સમાવેશ થશે;

(ક) અસરગ્રસ્ત વિસ્તારમાં રહેતી મહિલાઓના પ્રતિનિધિ.

(ખ) અસરગ્રસ્ત વિસ્તારમાં રહેતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના એક-એક પ્રતિનિધિ.

(ગ) તે વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ.

(ઘ) રાષ્ટ્રીયકૃત બેંકના પ્રતિનિધિ.

(ચ) પ્રોજેકટના જમીન સંપાદન અધિકારી.

(છ) અસરગ્રસ્ત વિસ્તારમાં આવેલી પંચાયતો અથવા નગરપાલિકાઓના અધ્યક્ષો અથવા તેમના પ્રતિનિધિઓ.

(જ) જિલ્લા આયોજન સમિતિના અધ્યક્ષ અને તેમના નોમિની.

(ઝ) સંબંધિત વિસ્તારના સાંસદ અથવા વિધાનસભ્ય અથવા તેમના પ્રતિનિધિ.

(ટ) જરૂર હોય તે સંસ્થાના પ્રતિનિધિ.

(ઠ) પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટે વહીવટકર્તા સભ્ય સચિવ તરીકે.

(૩) આ કલમમાં આપેલી પ્રક્રિયાના નિયંત્રણને લગતી પદ્ધતિ તેમજ પુનઃસ્થાપન અને પુનર્વસવાટને લગતી અન્ય બાબતો રાજ્ય સરકાર નિયત કરે તે પ્રમાણે રહેશે.

પુનઃસ્થાપન અને પુનર્વસવાટને લગતી જોગવાઇઓ નિર્દિષ્ટ કરેલી વ્યક્તિઓ સિવાયની કેટલીક વ્યક્તિઓને લાગુ પાડવી.

૪૬(૧) નિર્દિષ્ટ વ્યક્તિ સિવાયની કોઇ વ્યક્તિ રાજ્યના પ્રસ્તુત વિશિષ્ટ પરિબળો અને સંજોગો ધ્યાનમાં લઇ યોગ્ય સરકાર અધિસૂચિત કરે તે મર્યાદા કરતાં વધારે વિસ્તારવાળી જમીન ખાનગી વાટાઘાટ કરીને ખરીદતી હોય ત્યાં આ અધિનિયમ હેઠળ પુનઃસ્થાપન અને પુનર્વસવાટના

ખર્ચની ચુકવણી જરૂરી હોય ત્યાં તે જિલ્લા કલેકટરને નીચેની વિગત દર્શાવતી અરજી કરશે.

(ક) ખરીદવાનો ઇરાદો.

(ખ) સીધી ખરીદી શા કારણથી કરવામાં આવી રહી છે?

(ગ) જે જમીન ખરીદ કરવાની છે તેની વિગતો.

(૨) કલેકટરની એ ફરજ બનશે કે આ બાબત પુનઃસ્થાપન અને પુનર્વસવાટને લગતા આ અધિનિયમ હેઠળની તમામ જોગવાઇઓ સંતોષાય તે હેતુથી કમિશનરને રજૂ કરવી.

(૩) આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર મંજૂર કરવામાં આવેલ પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજનાના આધારે કલેકટર, આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર પુનઃસ્થાપન અને પુનર્વસવાટને આવરી લઇને વ્યક્તિગત એવોર્ડ પસાર કરશે.

(૪) જો પુનઃસ્થાપન અને પુનર્વસવાટનું સંપૂર્ણપણે પાલન ન થયું હોય તો જમીનના ઉપયોગના હેતુ ફેર માટે મંજૂરી આપવામાં આવશે નહિ.

(૫) નિર્દિષ્ટ સિવાયની વ્યક્તિ દ્વારા પુનઃસ્થાપન અને પુનર્વસવાટની યોજનાની જોગવાઇઓનું પાલન કર્યા વિના જમીનની કરવામાં આવેલી ખરીદી પ્રારંભથી જ રદબાતલ ગણાશે.

પરંતુ યોગ્ય સરકાર તેના રાજ્યમાં જમીનના વેચાણ અથવા ખરીદી અંગે પુનઃસ્થાપન અને પુનર્વસવાટની જોગવાઇઓ પૂરી પાડે અને

ઉક્ત હેતુ માટે મર્યાદા અથવા તોચ મર્યાદા પણ નિશ્ચિત કરી શકે.

(૬) કોઇ વ્યક્તિને ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૧ ના રોજ કે તે પછી ખાનગી વાટાઘાટ કરીને કોઇ જમીન ખરીદી હોય અને તે પેટા કલમ (૧) માં જણાવેલી મર્યાદા કરતાં વધારે હોય અને આ અધિનિયમની શરૂઆતની તારીખથી ત્રણ વર્ષની અંદર તે જ જમીનનું સંપાદન કરવામાં આવે, તો આવી સંપાદન કરેલી જમીન માટે જે વળતર ચુકવાયું હોય તેના ચાળીસ ટકા મૂળ જમીન માલિકો સાથે વહેંચી લેવાના રહેશે;

સ્પષ્ટીકરણ: આ કલમના હેતુસર -

(ક) 'મૂળ જમીન માલિક' એટલે ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૧ ના રોજ હોય તે જમીન માલિક દર્શાવે છે.

(ખ) 'નિર્દિષ્ટ વ્યક્તિઓ' માં નીચેના સિવાયની કોઇ વ્યક્તિનો સમાવેશ થાય છે.

(ક) યોગ્ય સરકાર.

(ખ) સરકારી કંપની.

(ગ) વ્યક્તિઓની બનેલી મંડળી અથવા ટ્રસ્ટ અથવા મંડળીની નોંધણી, મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ નોંધાયેલ સંસ્થા, જેને યોગ્ય સરકાર દ્વારા સંપૂર્ણ કે અંશતઃ સહાય મળતી હોય અથવા યોગ્ય સરકાર દ્વારા નિયંત્રિત હોય.

પુનઃસ્થાપન અને પુનર્વસવાટની રકમનું પ્રમાણ અને તે જમા મૂકવી.

૪૭. કલેકટરનો અભિપ્રાય એવો હોય કે જમીનની જરૂરવાળી સંસ્થાના પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અંગેના ઉપકારનું નાણાકીય રકમમાં પ્રમાણ કાઢી શકાય, તો આવો ઉપકાર સંપૂર્ણ સંતોષાઇ જાય તેમ ખાતામાં ચુકવણી કરવા દેશે તે કલેકટરની દેખરેખ હેઠળ કલમ ૪૩ નીચે નિમાયેલા વહીવટકર્તા તેનો વહીવટ કરશે.

## પ્રકરણ – ૭

## પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટેની રાષ્ટ્રીય સુનિયંત્રણ સમિતિ

પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટે રાષ્ટ્રીય સુનિયંત્રણ સમિતિની રચના.

૪૮(૧) કેન્દ્ર સરકાર આ અધિનિયમ હેઠળની પુનઃસ્થાપન અને પુનર્વસવાટની યોજનાઓના અમલની સમીક્ષા અને સુનિયંત્રણ કરવા માટે જરૂરી હોય ત્યાં રાષ્ટ્રીય અથવા આંતર રાજ્ય પ્રોજેકટ માટે રાષ્ટ્રીય સુનિયંત્રણ સમિતિની રચના કરશે.

(૨) આ સમિતિમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સંબંધિત મંત્રાલયો અને વિભાગોના પ્રતિનિધિત્વ ઉપરાંત પ્રસ્તુત ક્ષેત્રોના અગ્રણી નિષ્ણાતોને તેની સાથે જોડશે.

(૩) આ સમિતિએ અનુસરવાની પદ્ધતિ અને નિષ્ણાતોને ચૂકવવાના ભથ્થા નિયત કર્યા મુજબ રહેશે.

(૪) આ સમિતિના કાર્યક્ષમ સંચાલન માટે કેન્દ્ર સરકાર જરૂરી અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ સમિતિને પૂરાં પાડશે.

જણાવવાની જરૂરિયાત.

૪૯. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો આ અધિનિયમ હેઠળ આવરી લેવામાં આવેલી બાબતોને લગતી તમામ માહિતી રાષ્ટ્રીય સુનિયંત્રણસમિતિને નિયમિતપણે અને સમયસર તેમજ જ્યારે જરૂર જણાય તેમ અને ત્યારે મોકલશે.

પુનઃસ્થાપન અને પુનર્વસવાટ માટે રાજ્ય સુનિયંત્રણ સમિતિની સ્થાપના

૫૦(૧) આ અધિનિયમ હેઠળ પુનઃસ્થાપન અને પુનર્વસવાટ યોજનાઓના અમલની સમીક્ષા કરવા અને તેના પર સુનિયંત્રણ માટે રાજ્ય સરકાર રાજ્ય સુનિયંત્રણ સમિતિની રચના કરશે.

(૨) આ સમિતિમાં સંબંધિત મંત્રાલયો અને રાજ્ય સરકારના વિભાગોના પ્રતિનિધિઓ ઉપરાંત પ્રસ્તુત ક્ષેત્રના ખ્યાતનામ નિષ્ણાતો રહેશે.

(૩) સમિતિએ અનુસરવાની કાર્યપદ્ધતિ અને નિષ્ણાતોને ચૂકવવાની ભથ્થાં રાજ્યે નિયત કર્યા મુજબ રહેશે.

(૪) રાજ્ય સરકાર સમિતિની કાર્યક્ષમ કામગીરી માટે જરૂરી હોય તેવા અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ પૂરા પાડશે.

## પ્રકરણ – ૮

## જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ સત્તાતંત્રની સ્થાપના

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ સત્તાતંત્રની સ્થાપના

૫૧(૧) યોગ્ય સરકાર, જમીન સંપાદન, વળતર, પુનઃસ્થાપન અને પુનર્વસવાટને લગતી તકરારોના ઝડપી નિકાલ માટે જાહેરનામું બહાર પાડી "જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ સત્તાતંત્ર" તરીકે ઓળખાતાં એક કે બે સત્તાતંત્ર, આ અધિનિયમ અન્વયે અથવા તેની નીચે નિહિત થયેલા ક્ષેત્રાધિકાર અને સત્તાનો ઉપયોગ કરવા સ્થાપશે.

(૨) યોગ્ય સરકાર પેટા-કલમ (૧) માં જણાવેલા જાહેરનામામાં કલમ ૬૪ હેઠળ કરેલાં પુછાણ અથવા કલમ ૬૪ ની પેટા-કલમ (૧) ના દ્વિતીય પરંતુક હેઠળ અરજદારે કરેલી અરજીઓનાં પુછાણ વિચારવા અને નક્કી કરવા માટેજે વિસ્તારની અંદર સત્તાતંત્ર ક્ષેત્રાધિકાર નક્કી કરશે.

સત્તાતંત્રની રચના

૫૨(૧) આ સત્તાતંત્ર માત્ર એક જ વ્યક્તિનું બનેલું હશે. (જેનો હવે પછી પ્રમુખ અધિકારી તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) યોગ્ય સરકાર જાહેરનામાથી તેમની નિમણૂક કરશે.

(૨) ઉપરની પેટા-કલમ (૧) માં ગમે તે દર્શાવાયું હોય તો પણ યોગ્ય સરકાર એક સત્તાતંત્રના પ્રમુખ અધિકારીને અન્ય સત્તાતંત્રના પ્રમુખ અધિકારી તરીકેનાં કાર્યો બજાવવા અધિકૃત કરી શકશે.

પ્રમુખ અધિકારીની નિમણૂક માટેની લાયકાત

૫૩(૧) સત્તાતંત્રમાં પ્રમુખ અધિકારી તરીકે નિમણૂક માટે વ્યક્તિ નીચેની લાયકાત ધરાવતા નહિ ધરાવતી હોય તો તે પ્રમુખ અધિકારી તરીકે લાયક ગણાશે નહિ:

(ક) તે જિલ્લા જજ હોય અથવા રહી ચૂકેલ હોય;

(ખ) તે ઓછામાં ઓછા પાંચ વર્ષથી લાયકાત ધરાવતા કાનૂની વ્યવસાયી હોય અથવા રહી ચૂક્યા હોય.

(૨) પ્રમુખ અધિકારીની નિમણૂક યોગ્ય સરકાર. પ્રમુખ અધિકારી જેમના કાર્યક્ષત્રમાં ફરજ બજાવવા માટે નિયુક્ત કરવામાં આવનાર હોય તે ક્ષેત્રાધિકારના હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શમાં કરવામાં આવશે.

**પ્રમુખ અધિકારીના હોદ્દાની મુદત.**

૫૪. સત્તાતંત્ર માટેના પ્રમુખ અધિકારી પોતાનો હોદ્દો ધારણ કરે તે દિવસથી ત્રણ વર્ષની મુદત માટે અથવા તેઓ પાંસઠ વર્ષની ઉંમરના થાય તે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી, હોદ્દો ધરાવશે.

**સત્તાતંત્ર માટે કર્મચારીઓ.**

૫૫(૧) યોગ્ય સરકાર, સત્તાતંત્રને યોગ્ય જણાય તે એક રજિસ્ટ્રાર તેમજ અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ પૂરા પાડશે.

(૨) સત્તાતંત્રના રજિસ્ટ્રાર અને અન્ય અધિકારીઓ તથા કર્મચારીવર્ગ પ્રમુખ અધિકારીની સામાન્ય દેખરેખ નીચે પોતાનાં કાર્યો બજાવશે.

(૩) રજિસ્ટ્રાર, અન્ય અધિકારીઓ અને અન્ય કર્મચારીઓનાં પગાર ભથ્થાં અને નોકરીની અન્ય શરતો નિયત કર્યા મુજબના રહેશે.

**પ્રમુખ અધિકારીની સેવાઓ માટે પગાર ભથ્થા અને નોકરીની અન્ય શરતો.**

૫૬. સત્તાતંત્રના પ્રમુખ અધિકારીને ચૂકવવાનાં થતાં પગાર અને ભથ્થાં અને (પેન્શન, ગ્રેજ્યુટી અને અન્ય નિવૃત્તિ લાભ) સહિતની સેવાની અન્ય શરતો નિયત કર્યા મુજબ રહેશે.

પરંતુ, નિમણૂક કર્યા બાદ પ્રમુખ અધિકારીનાં પગાર અને ભથ્થાં તેમજ નોકરીની અન્ય શરતોમાં તેમને નુકસાન થાય તે પ્રકારે કોઇ ફેરફાર કરી શકાશે નહિ.

**ખાલી જગ્યાઓ ભરવી**

૫૭. કામચલાઉ ગેરહાજરી સિવાયના કોઇ કારણસર સત્તાતંત્રના પ્રમુખ અધિકારીની કચેરીમાં ખાલી જગ્યા પડે, તો યોગ્ય સરકાર તે ખાલી જગ્યા ભરવા આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર બીજી વ્યક્તિને નીમશે અને જે તબક્કે ખાલી જગ્યા ભરવામાં આવી તે તબક્કાથી સત્તાતંત્ર સમક્ષ કાર્યવાહી ચાલુ રહેશે.

૫૮(૧) સત્તાતંત્રના પ્રમુખ અધિકારી લેખિતમાં પોતાની સહીથી સરકારને નોટિસ આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે.

પરંતુ પ્રમુખ અધિકારી, યોગ્ય સરકારે તેમને વહેલો હોદ્દો છોડવા મંજૂરી ન આપી હોય તો, આવી નોટિસ મળ્યાની તારીખથી ત્રણ મહિના પૂરા થતાં સુધી અથવા તેમના ઉત્તરાધિકારી તરીકે જેમની યોગ્ય પ્રકારે નિમણૂક કરાઇ હોય તે ઉત્તરાધિકારી હોદ્દા પર પ્રવેશ કરે અથવા પોતાના હોદ્દાની મુદ્દત પૂરી થતાં સુધી - આ બધામાં જે વહેલું હોય ત્યાં સુધી પોતાનો હોદ્દો સંભાળવાનું ચાલુ રાખશે.

(૨) સત્તાતંત્રના પ્રમુખ અધિકારીને જ્યાં સુધી તેમની સામે ગેરવર્તન અથવા અક્ષમતાના આરોપ સંબંધમાં હાઇકોર્ટના ન્યાયાધીશે તપાસ પૂરી ના થાય, જેમાં સંબંધિત પ્રમુખ અધિકારીને તેમની સામેના આરોપોની જાણ કરવામાં આવી હોય તેમજ આ આરોપો અંગે તેમને સાંભળવાની તક પૂરી પાડવામાં આવી હોય અને તેમાં ગેરવર્તન અગર અક્ષમતા સાબિત થઇ હોવાના કારણોસર યોગ્ય સરકાર હુકમ કરે તે સિવાય તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહિ.

(૩) ઉપર જણાવેલ પ્રમુખ અધિકારી સાથેના ગેરવર્તન અગર અક્ષમતા અંગે તપાસ માટેની પદ્ધતિનું યોગ્ય સરકાર નિયમોથી વિનિયમન કરશે.

સત્તાતંત્રમાં રચવાના હુકમો આખરી ગણાશે અને તેની કાર્યવાહી રદબાતલ કરી શકાશે નહિ.

૫૯. કોઇપણ વ્યક્તિને સત્તાતંત્રના પ્રમુખ અધિકારી તરીકે નિમણૂક આપવાના યોગ્ય સરકારના હુકમને કોઇપણ પ્રકારે પડકારી શકાશે નહિ. સત્તાતંત્ર સાથેના કોઇ કાર્ય અથવા કાર્યવાહીને, સત્તાતંત્રની રચનામાં રહેલ કોઇ ખામીના કારણોસર પડકારી શકાશે નહિ.

સત્તાતંત્રના અધિકાર

૬૦(૧) આ અધિનિયમ હેઠળના હેતુઓ માટે સત્તાતંત્રમાં દીવાની કાર્યવાહી સંહિતા, ૧૯૦૮ (૧૯૦૮ નો પાંચમો) હેઠળ દીવાની અદાલતોને આપવામાં આવેલ નીચેની બાબતોને લગતી સત્તા નિહિત કરવામાં આવશે.

(ક) કોઇપણ વ્યક્તિને સમન્સ પાઠવવાનો અને તેને કાર્યવાહીમાં હાજર રાખવાનો અને સોગંદ પર તેમને તપાસવાની.

(ખ) પુરાવા તરીકે રજુ કરવાપાત્ર કોઇ દસ્તાવેજ અથવા અન્ય મહત્વની વસ્તુ શોધવાનો અને રજૂ કરવાની.

(ગ) સોગંદનામા પર પુરાવા મેળવવાની.

(ઘ) કોઇ જાહેર રેકર્ડ મેળવવાની.

(ચ) સાક્ષીની તપાસ માટે કમિશન ઇસ્યુ કરવાની.

(છ) તેના નિર્ણયો. સૂચનાઓ અને હુકમોની સમીક્ષા કરવાની.

(જ) નિયત કરવામાં આવે તેવી અન્ય કોઇ બાબત.

(૨) સત્તાતંત્રને કલમ ૬૪ નીચે તેને પુછાવવામાં આવેલી તમામ બાબતોનો ન્યાય નિર્ણય કરવા મૂળ કાર્યક્ષેત્ર રહેશે.

(૩) સત્તાતંત્ર દીવાની કાર્યવાહી સંહિતા, ૧૯૦૮ (૧૯૦૮ નો પાંચમો) માં નિયત કરેલી કાર્યપદ્ધતિને અનુસરવા માટે બંધાયેલ નથી; પરંતુ તે આ અધિનિયમની અન્ય જોગવાઇઓને તથા તેની નીચેઘડવામાં આવેલા કોઇપણ નિયમોને અધીન રહીને કુદરતી ન્યાયના સિદ્ધાંતોને અનુસરશે. સત્તાતંત્રને પોતાની આગવી કાર્યપ્રણાલિનું વિનિયમન કરવાનો અધિકાર રહેશે.

(૪) સત્તાતંત્ર, અધિનિયમનીકલમ ૬૪ નીચે તેમને પુછાવવામાં આવેલસંદર્ભ પ્રાપ્ત કર્યા બાદ. તેમજ આ સંદર્ભ નીચે સંબંધિત તમામ પક્ષકારોને નોટિસ આપ્યા બાદ અને તમામ પક્ષકારોને સાંભળવાની તક ઉપલબ્ધ કર્યા બાદ. તેમને પુછાણ મળ્યાની તારીખથી છ મહિનાની અંદર તે પુછાણનો નિકાલ કરશે અને તદ્દનુસાર એવોર્ડ જારી કરશે.

(૫) સત્તાતંત્ર, આવા એવોર્ડની તારીખથી પંદર દિવસની અંદર લાગતા વળગતા પક્ષકારોને તેની નકલ પહોંચાડવાની વ્યવસ્થા કરશે.

સત્તાતંત્ર સમક્ષ ચાલતી કાર્યવાહી ન્યાયિક કાર્યવાહી ગણાશે.

૬૧. સત્તાતંત્ર સમક્ષ ચાલતી તમામ કાર્યવાહી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૯૩ અને ૨૨૮ ના અર્થમાં ન્યાયિક પ્રકારની કાર્યવાહી ગણાશે અને સત્તાતંત્ર પણ ફોજદારી કાર્યવાહી સંહિતા. ૧૯૭૩. ૧૯૭૪ ની દ્વિતીય) ની કલમ ૩૪૫ અને ૩૪૬ ના હેતુ માટે દીવાની કોર્ટ હોવાનું ગણાશે.

સત્તાતંત્રના સભ્યો અને અધિકારીઓને જાહેર સેવક તરીકે ગણવા બાબત.

૬૨. સત્તાતંત્રના સભ્યો અને અધિકારીઓ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૧ ના અર્થમાં જાહેર સેવક હોવાનું ગણાશે.

દીવાની અદાલતના અધિકાર ક્ષેત્રને બાકાત રાખવા

૬૩. (ભારતના સંવિધાનની કલમ ૨૨૬ અને કલમ ૨૨૭ નીચે હાઇકોર્ટ તથા ભારતની સુપ્રિમ કોર્ટ સિવાય) અન્ય કોઇ દીવાની કોર્ટને જમીન સંપાદન અંગે કલેકટર અથવા સત્તાતંત્રને જે સત્તાઆ અધિનિયમ હેઠળ સુપરત કરવામાં આવી છે કોઇ તકરાર અંગે કામગીરી કરવાની સત્તા નથી અને તે અંગેની કોઇ પણ બાબતે કોઇ અદાલત દ્વારા મનાઇ હુકમ આપશે નહિ.

સત્તાતંત્રને પુછાણ

૬૪(૧) કોઇપણ વ્યક્તિ. જેણે એવોર્ડ સ્વીકાર્યો નથી તે. કલેકટરને લેખિત અરજી મોકલીને. તેનો વાંધો જમીનની માપણી અંગે હોય. વળતરની રકમને લગતો હોય. તે વળતર કઇ વ્યક્તિને ચૂકવવું તે અંગે હોય. પ્રકરણ – ૫ અને ૬ નીચે પુનઃસ્થાપન અને પુનર્વસવાટના હક અંગે હોય અથવા હિત ધરાવતી વ્યક્તિઓ વચ્ચે વળતરની વહેંચણી અંગે હોય, સત્તાતંત્ર નક્કી કરવા કલેકટરને બાબત પુછાવી શકશે.

પરંતુ. કલેકટર આવી અરજી મળ્યાના ત્રીસ દિવસની અંદર યોગ્ય સત્તાતંત્રને પુછાણ કરશે.

પરંતુ વિશેષમાં. કલેકટર નિર્દિષ્ટ કરેલ સમયમર્યાદામાં પુછાણ ન કરે. તો તે અરજદાર. સંબંધિત સત્તાતંત્રને અરજી કરીને વિનંતી કરશે કે સત્તાતંત્ર કલેકટરને સૂચના આપે કે તે ત્રીસ દિવસની અંદર પુછાણ કરે.

(૨) અરજીમાં શા માટે એવોર્ડ અંગે વાંધો ઉઠાવે છે તેનાં કારણો દર્શાવશે.

પરંતુ આવી દરેક અરજી ત્યારે જ મોકલશે.

(ક) જ્યારે તે અરજી મોકલનાર વ્યક્તિ કલેકટરના એવોર્ડની તારીખથી છ અઠવાડિયાની અંદર કલેકટર સમક્ષ પોતે અથવા પોતાના પ્રતિનિધિ મારફત. એવોર્ડ અપાયો તે સમયે હાજર હતી.

(ખ) અન્ય કિસ્સાઓમાં. કલેકટર તરફથી કલમ ૨૧ નીચે મોકલાયેલ

નોટિસ મળ્યાના છ અઠવાડિયાંની અંદર. અથવા કલેક્ટરના એવોર્ડની તારીખથી છ મહિનાની અંદર બે પૈકી જે મુદત વહેલી પૂરી થતી હોય તેની અંદર:

પરંતુ વિશેષમાં. કલેક્ટરને સંતોષ થાય કે પ્રથમ પરંતુકમાં જણાવેલ સમયગાળા દરમિયાન અરજી રજૂ નહિ કરવા માટે પૂરતું કારણ હતું તો. આ સમયગાળાને પૂરો થયા પછી વધુ એક વરસની અંદર પણ તે અરજી સ્વીકારી શકે.

સત્તાતંત્રને કલેક્ટરનું નિવેદન.

૬૫(૧) પુછાણ કરવામાં, સત્તાતંત્રની જાણ માટે કલેક્ટર નીચેની બાબતો લેખિતમાં જણાવશે.

(ક) જમીનની પરિસ્થિતિ અને તેનો વિસ્તાર. તેમાં તે પર કોઇ ઝાડ. મકાન અથવા ઊભો પાક આવેલો હોય તે:

(ખ) આવી જમીનમાં જે વ્યક્તિઓનું હિત હોવાનું કારણ હોવાનું પોતાને લાગતું હોય તે વ્યક્તિઓનાં નામ:

(ગ) કલમ ૧૩ નીચે નુકસાન માટે એવોર્ડમાં જાહેર કરેલ અને ચુકવેલી રકમ અને આ અધિનિયમની જોગવાઇ હેઠળ નક્કી કરવામાં આવેલી વળતરની રકમ.

(ઘ) આ અધિનિયમની અન્ય કોઇ જોગવાઇઓ હેઠળ ચુકવેલી અથવા જમા મુકેલી રકમ:

(ચ) વાંધો વળતરની રકમ સામે હોય તો. જે કારણોસર વળતરની

રકમ નક્કી કરવામાં આવી હતી તે કારણો;

(૨) પેટા-કલમ (૧) નીચેના નિવેદનની સાથે અનુસૂચિ જોડવી. તેમાં બજવેલી નોટિસની વિગતો આપતી અનુસૂચિ તેમજ હિત ધરાવતી વ્યક્તિઓએ લેખિતમાં કરેલા અગર રજૂ કરેલાં નિવેદનોની વિગતો જોડવી.

સત્તાતંત્રે નોટિસ બજવવી.

૬૬. તે પરથી સત્તાતંત્ર આ વાંધાનો નિકાલ કરવા માટે સત્તાતંત્રે કઇ તારીખ નક્કી કરી છે તેની નોટિસ બજવે તે દિવસે તેઓને હાજર રહેવા માટેની સૂચનાની નોટિસ નીચેની વ્યક્તિઓને બજવશે:

(ક) અરજદાર:

(ખ) વાંધામાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓ. સિવાય કે જેમણે કોઇ પણ વિરોધ વિના વળતરની ચુકવણી સ્વીકારવા માટે સંમતિ આપી છે તેવી વ્યક્તિઓ અને

(ગ) આ વાંધો જમીનના વિસ્તાર અંગે અથવા વળતરની રકમ અંગે હોય તો. કલેકટર.

કાર્યવાહીના વ્યાપ પર નિયંત્રણ.

૬૭. આવી દરેક કાર્યવાહીમાં તપાસનો વ્યાપ. વાંધાને કારણે જે વ્યક્તિઓના હિતને અસર થતી હોય તેની વિચારણા પૂરતો મર્યાદિત રહેશે.

કાર્યવાહી જાહેરમાં યોજવી

૬૮. આવી તમામ કાર્યવાહી જાહેરમાં યોજાશે અને રાજ્યમાં દીવાની કોર્ટમાં જેઓ પ્રેક્ટિસ કરવા માટે પાત્રતા ધરાવે છે તેઓ હાજર રહી શકશે.

સત્તાતંત્રે એવોર્ડ નક્કી કરવો

૬૯(૧) પુનઃસ્થાપન અને પુનર્વસવાટ હકદારી સહિત સંપાદન કરેલી

જમીન માટે આપવાના વળતરની રકમ નક્કી કરવામાં, કલેક્ટર કલમ ૨૬ થી કલમ ૩૦ માં નિયત કરેલી પરિમિતિને અને આ અધિનિયમના પ્રકરણ – ૫ હેઠળની જોગવાઇઓને અનુસર્યા છે કે કેમ, તે સત્તાતંત્ર વિચારણામાં લેશે.

(૨) ઉપર જોગવાઇ કર્યા મુજબ જમીનની બજાર કિંમત ઉપરાંત, આવી જમીન બાબતમાં કલમ ૧૧ નીચે પ્રારંભિક જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખે અને તે તારીખથી શરૂ થતા સમય માટે આવી બજાર કિંમત પર વાર્ષિક ૧૨ (બાર) ટકાના દરે ગણી કાઢેલી રકમ અથવા કલેક્ટરના એવોર્ડની તારીખ સુધી અથવા જમીનનો કબજો લીધાની તારીખ સુધી, તેમાં જે વહેલું હોય ત્યાં સુધી રકમ ચૂકવશે.

સ્પષ્ટીકરણ: આ પેટા-કલમમાં જણાવેલી મુદત ગણવામાં, કોર્ટના હુકમથી મનાઇ હુકમના કારણે જમીનના સંપાદનની કાર્યવાહી અટકાવવામાં આવી હતી તેવો કોઇ સમય બાદ કરવામાં આવશે.

(૩) ઉપર જોગવાઇ કર્યા મુજબ દરેક કેસના એવોર્ડમાં જમીનની બજાર કિંમત ઉપરાંત વળતરની કુલ રકમ પર એકસો ટકા વળતર (સોલેટિયમ) આપવામાં આવશે.

એવોર્ડનું સ્વરૂપ

૭૦(૧) આ પ્રકરણ હેઠળનો દરેક એવોર્ડ લેખિત રહેશે અને સત્તાતંત્રના પ્રમુખ અધિકારીએ તેના પર સહી કરી હશે. તે કલમ ૨૮ ના પ્રથમ ખંડ હેઠળ આપેલી રકમ નિર્દિષ્ટ કરશે અને તે જ પેટા-કલમના દરેક અન્ય ખંડ હેઠળ આપેલી રકમ (હોય તો) અનુક્રમે લખશે તેમજ તે દરેક રકમ આપવાનાં કારણો પણ જણાવશે.

(૨) આવો દરેક એવોર્ડ હુકમનામું (ડિક્રી) હોવાનું માનવામાં આવશે અને આવા દરેક એવોર્ડના ચુકાદા દીવાની કાર્યવાહી સંહિતા, ૧૯૦૮ (૧૯૦૮ ની પાંચમી) ના અનુક્રમે ખંડ (૨) અને ખંડ (૯) ના અર્થની અંદર બનશે.

ખર્ચ.

૭૧(૧).આવા તમામ એવોર્ડમાં, આ પ્રકરણ નીચેની કાર્યવાહીમાં કરવામાં આવેલ ખર્ચની રકમ પણ દર્શાવાશે અને કઇ વ્યક્તિઓએ કેટલા પ્રમાણમાં તે ચૂકવવાનું છે તે પણ દર્શાવાશે.

(૨) જે કિસ્સામાં કલેકટરના એવોર્ડને બહાલ રાખવામાં ન આવ્યો હોય તેમાં સામાન્ય રીતે કલેકટરે ખર્ચ ચૂકવવાનો રહે. સિવાય કે સંબંધિત સત્તાતંત્રનો એવો અભિપ્રાય થાય કે અરજદારનો દાવો વધુ પડતો હતો અથવા તો તે પોતાના કેસ કલેકટર સમક્ષ રજૂ કરવામાં એટલો બધો બેદરકાર હતો જેને કારણે તેની ખર્ચની રકમમાં કાપ મૂકવો જોઇએ અથવા કલેકટરે ચૂકવવાના વળતરનાં ખર્ચમાં તેણે હિસ્સો આપવો જોઇએ.

કલેકટરને વધારાના વળતરની રકમ ઉપર વ્યાજ ચૂકવવા સૂચના આપવી.

૭૨. સંબંધિત સત્તાતંત્રના અભિપ્રાય અનુસાર કલેકટરે એવોર્ડ તરીકે જે રકમ મંજૂર કરી તે કરતાં વધુ રકમ કલેકટરે મંજૂર કરવી જોઇતી હતી; તો વધારાની વળતરની રકમ ઉપર સંબંધિત સત્તાતંત્ર એવો એવોર્ડ મંજૂર કરી શકે કે આવી વધારાની રકમ ઉપર કલેકટરે નવ ટકાના વાર્ષિક દરે વ્યાજની રકમ તેમણે જમીનનો કબજો લીધો તે તારીખથી આવી વધારાની રકમની ચુકવણી થઇ તે તારીખ સુધી ચુકવવી જોઇએ.

પરંતુ, સંબંધિત સત્તાતંત્રના એવોર્ડમાં એવી પણ સૂચના આપી શકાય કે આવી વધારાની રકમ અથવા તેનો અમુક હિસ્સો સત્તાતંત્રને, જમીનનો કબજો

લીધો તે તારીખથી એક વર્ષના સમયગાળા બાદ ચુકવાયો છે. તો એક વરસના સમયગાળાની તારીખથી વાર્ષિક પંદર ટકાના વ્યાજના દરે. એક વર્ષની મુદત પૂરી થવાની તારીખથી આવી મુદત પૂરી થયાની તારીખ સુધી સત્તાતંત્રને ન ચૂકવાઇ હોય તેટલી રકમ અથવા તેનો ભાગ ચૂકવવાનો રહેશે.

સત્તાતંત્રનાં એવોર્ડના આધારે વળતરની રકમ ફરી નક્કીકરવી

૭૩(૧) આ પ્રકરણ નીચે સંબંધિત સત્તાતંત્ર એવોર્ડમાં કલેકટર અરજદારને કલમ ૨૩ નીચે મંજૂર કરેલ વળતરની રકમ કરતાં વધુ વળતરની રકમ મંજૂર કરે. તો કલમ ૧૧ નીચેના પ્રાથમિક જાહેરનામાથી આવરી લેવાતી તમામ જમીનમાં હિત ધરાવતી તમામ જે વ્યક્તિઓ કલેકટરના એવોર્ડથી નારાજ થઇ હતી તેમણે કલેકટરને અરજી કરી હતી કે કેમ. તે ધ્યાનમાં લીધા સિવાય તેઓ પણ હવે સંબંધિત સત્તાતંત્રના એવોર્ડની તારીખથી ત્રણ મહિનાની અંદર કલેકટરને લેખિત અરજી કરીને તેમને મળવાપાત્ર વળતરની રકમ સત્તાતંત્રે આપેલા વળતરની રકમના આધારે ફરી નક્કી કરાવવી જોઇએ.

પરંતુ. આ પેટા-કલમ નીચે કલેકટરને કરવાની અરજી માટેની ત્રણ મહિનાની મુદતની ગણતરી કરવામાં. જે દિવસે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો તે દિવસ તેમજ એવોર્ડની નકલ મેળવવામાં લીધેલો સમય બાદ કરવાનો રહેશે.

(૨) કલેકટર ઉપરની પેટા-કલમ (૧) નીચે આવી અરજી મળતાં. હિત ધરાવતી તમામ વ્યક્તિઓને નોટિસ આપીને તેમજ તેમને સાંભળવાની વાજબી તક પૂરી પાડીને તપાસ હાથ ધરશે અને અરજદારોને ચૂકવવાપાત્ર થતી વળતરની રકમ નક્કી કરીને એવોર્ડ જાહેર કરશે.

(૩) ઉપરની પેટા-કલમ (૨) નીચે જે વ્યક્તિએ એવોર્ડનો સ્વીકાર કર્યો

નથી તેમણે કલેકટરને લેખિત અરજી કરીને કલેકટર આ બાબત સંબંધિત સત્તાતંત્રને નિર્ણય માટે મોકલશે.

હાઇકોર્ટમાં અપીલ.

૭૪(૧) જેને જરૂર હોય તે સંસ્થા અથવા કલમ ૬૯ હેઠળ સત્તાતંત્રે પસાર કરેલા એવોર્ડથી નારાજ થઇને કોઇ વ્યક્તિ એવોર્ડની તારીખથી ૬૦ (સાઇઠ) દિવસની અંદર હાઇકોર્ટમાં અપીલ કરી શકશે.

પરંતુ હાઇકોર્ટને સંતોષ થાય કે અરજદારને નિયત સમયમર્યાદામાં અપીલ દાખલ કરવામાં પૂરતાં કારણસર અવરોધ થયેલ છે તો બીજા વધારાના આઠ દિવસના સમયગાળામાં તે દાખલ કરવા માટે મંજૂરી આપી શકશે.

(૨) પેટા-કલમ (૧) નીચે કરવામાં આવેલી દરેક અપીલને જે તારીખે અપીલ હાઇકોર્ટમાં રજૂ કરાઇ તે તારીખથી છ મહિનાની અંદર આવી અપીલનો નિકાલ કરવા માટે તેને શક્ય તેટલી વહેલી સાંભળવામાં આવશે.

સ્પષ્ટીકરણ: આ કલમના હેતુ માટે 'હાઇકોર્ટ' એટલે જમીન સંપાદન કરવામાં આવી હોય અથવા તેમ કરવાની દરખાસ્ત કરવામાં આવી હોય તેનું અધિકારક્ષેત્ર ધરાવતી હાઇકોર્ટ.

## પ્રકરણ – ૯

## વળતરની વહેંચણી

હિસ્સાની વિગતો સ્પષ્ટ દર્શાવવા બાબત.

૭૫. જે કિસ્સામાં વધારે વ્યક્તિઓ હિત ધરાવતી હોય તેવા કિસ્સામાં જો તેવી વ્યક્તિઓ વળતરના હિસ્સા સંબંધે સંમત થાય તો તે પ્રકારે હિસ્સાનો ઉલ્લેખ એવોર્ડમાં કરવામાં આવશે: અને તેવી વ્યક્તિઓ વચ્ચે એવોર્ડ હિસ્સાની સચ્ચાઇ બાબતનો નિર્ણાયક પૂરાવો ગણાશે.

હિસ્સા સંબંધી વિવાદ

૭૬. જ્યારે વળતરની રકમ નક્કી થાય અને તે રકમના હિસ્સા સંબંધિત અથવા તો તેના કોઇ ભાગ સંબંધિત કોઇ વિવવાદ ઉપસ્થિત થાય અથવા તો તે હિસ્સો અથવા તેનો કોઇપણ ભાગ કઇ વ્યક્તિને ચૂકવવો તે સંબંધી વિવાદ ઉપસ્થિત થાય તો કલેકટર આવા વિવાદને સત્તાતંત્રને સોંપી શકે.

## પ્રકરણ - ૧૦
## ચુકવણી

વળતરની ચુકવણી અથવા તે રકમની સત્તાતંત્રમાં ડિપોઝીટ

૭૭. (૧) કલમ ૩૦ નીચે એવોર્ડ આપતી વખતે કલેકટર જાહેર કરેલ વળતરની ચુકવણી માટે પાત્રતા ધરાવતી હિતધારક વ્યક્તિઓને એવોર્ડ અનુસાર ચૂકવણું કરશે અને તેમના બેંકના ખાતામાં ડિપોઝીટ રીતે ચુકવશે સિવાય કે તેવું કરવામાં પેટા કલમ (૨) માં દર્શાવવામાં અન્ય એક કે તેથી વધુ સંજોગોને કારણે તેમ કરવામાં અવરોધ હોય.

(૨) જો કોઇ વ્યક્તિ વળતર માટે પાત્રતા ધરાવતી હોય અને તે લેવા માટે ઇન્કાર કરે અથવા કોઇ વ્યક્તિ જમીનને છોડવા માટે સક્ષમ ન હોય અથવા વળતર મેળવવાની સાથે અથવા તેનો હિસ્સો મેળવવા સાથે જમીનના કબજા સંબંધિત કોઇ વિવવાદ હોય; તો કલેકટર જેમને અધિનિયમની કલમ ૬૪ નીચે રેફરન્સ કરી શકાય તેવા સત્તાતંત્રમાં વળતરની રકમ ડિપોઝીટ કરશે.

પરંતુ કોઇ વ્યક્તિ વળતર મેળવવા માટે હકદાર ઠરાવવામાં આવી હોય તેવી હિતધારક વ્યક્તિ વળતરની રકમની પર્યાપ્તતા બાબતે વાંધા સહિત આવું ચૂકવણું સ્વીકારી શકશે.

વિશેષમાં જે વ્યક્તિએ કોઇપણ વાંધાવિના આવી વળતરની રકમનો

સ્વીકાર કર્યો હશે તેઓ કલમ ૬૪ ની પેટા કલમ (૧) નીચે કોઇપણ અરજી કરવા માટે પાત્ર બનશે નહિ.

ઉપરાંત. આમાં દર્શાવેલ કોઇપણ બાબત. એવી કોઇપણ વ્યક્તિ. જે આ અધિનિયમની જોગવાઇ હેઠળ મંજૂર થયેલ વળતરની આખી રકમ કે તેના હિસ્સાનો સ્વીકાર કરી તેને આવા વળતર માટે કાયદેસરની પાત્રતા ધરાવતી વ્યક્તિને ચૂકવણું કરવાની જવાબદારીમાંથી મુક્તિ મળતી નથી.

જે વ્યક્તિ જમીનનો કબજો છોડાવવા માટે સક્ષમ ન હોય તેની જમીન માટે ડિપોઝીટ કરવામાં આવેલી રકમનું રોકાણ.

૭૮.(૧) કલમ ૭૭ ની પેટા કલમ (૨) નીચે કોઇપણ રકમ સંબંધિત સત્તાતંત્રને ડિપોઝીટ કરવામાં આવી હોય અને એમ જણાય કે જે જમીનના હેતુ માટે આ એવોર્ડ મંજૂર કરવામાં આવ્યો હતો તે જમીન એવી વ્યક્તિની પાસે છે. જેને જમીન છોડવાની કોઇ સત્તા નથી તો સંબંધિત સત્તાતંત્ર-

(ક) જે જમીનને માટે આ રકમ ડિપોઝીટ કરવામાં આવી હતી તેની સમાન માલિકી-હક અને માલિકીની શરતો ધરાવતી વ્યક્તિની અન્ય જમીનની ખરીદી માટે આ રકમનું રોકાણ કરવામાં આવે અથવા

(ખ) જો આવી કોઇ ખરીદી તાત્કાલિક ન થઇ શકે તો તે રકમ સરકારી કે સરકાર માન્ય સિક્યોરીટીઝમાં. સત્તાતંત્રને યોગ્ય લાગે તે પ્રકારે તેનું રોકાણ કરવામાં આવે -

અને. સત્તાતંત્ર. આવા રોકાણમાંથી ઉદ્દભવતા વ્યાજ કે તેની કોઇ ઊપજનું ચૂકવણું હાલના સમય પૂરતું તે જમીનનો કબજો ધરાવતા માટે પાત્રતા ધરાવે છે તે વ્યક્તિ કે વ્યક્તિઓને ચૂકવવા ફરમાન કરશે: અને આવાં નાણાં મૂળ રકમ ડિપોઝીટમાં અને રોકાણમાં તે સમય સુધી ચાલુ રહેશે જ્યાં સુધી -

(i) ઉપર જણાવ્યા મુજબની અન્ય જમીનની ખરીદીમાં; અથવા

(i) કોઇ વ્યક્તિ કે વ્યક્તિઓ જેઓ તેને માટે સંપૂર્ણ પાત્રતા ધરાવતા હોય તેમને ચૂકવણું કરવામાં તેનો ઉપયોગ ન કરવામાં આવે.

(૨) જેને આ કલમ લાગુ પડે છે તે ડિપોઝીટ કરવામાં આવેલ રકમની તમામ હિસ્સામાં સંબંધિત સત્તાતંત્ર નીચેની બાબતો સંબંધિત ખર્ચ, જેમાં તમામ વાજબી ખર્ચા અને આનુસાંગિક ખર્ચ સમાવિષ્ટ છે તેની કલેકટર દ્વારા ચુકવણી માટે આદેશ કરશે; જેમ કે,

(ક) આવા રોકાણ માટે કરવામાં આવેલ ખર્ચ.

(ખ) જેના વતી આ રકમનું રોકાણ કામચલાઉ ધોરણે કરવામાં આવ્યું છે તેમને રોકાણમાંથી મળતા વ્યાજ તથા અન્ય ઉપજની ચુકવણી માટે કરવામાં આવતા હુકમ અંગેનું ખર્ચ તેમજ સંબંધિત સત્તાતંત્ર દ્વારા આ રકમની મુદ્દલ તથા તેમાંથી થતી તમામ ઊપજ. સિવાય કે વિરૂદ્ધ દાવેદારો વચ્ચે કાનૂની દાવાની કાર્યવાહી ઉપસ્થિત થતી હોય.

અન્ય કિસ્સાઓમાં ડિપોઝીટની રકમનું રોકાણ.

૭૯. આ અધિનિયમ હેઠળ સત્તાતંત્રમાં ઉપર કલમ ૭૮ માં દર્શાવ્યા સિવાયના કારણોસર કોઇપણ રકમ ડિપોઝીટ કરવામાં આવી હોય ત્યારે સત્તાતંત્ર, હિત ધરાવતા કોઇ પક્ષકારો અથવા દાવેદારો આવી રકમ ઉપર વ્યાજનો દાવો કરે ત્યારે. તે રકમ સરકારની અથવા સરકાર માન્ય અન્ય સિક્યોરીટીઝમાં પોતાને યોગ્ય લાગે ત્યાં રોકાણ કરવા હુકમ કરશે અને હિત ધરાવતા પક્ષકારોને આ રોકાણમાંથી મળતા લાભ. જાણે તેમને સદર જમીન.

જેને માટેની આ રકમ ડિપોઝીટ કરીહોત અથવા એનું કંઇક કર્યું હોત અને તેમાંથી લાભ મળતા હોત. તે પ્રકારે ચૂકવશે.

વ્યાજની ચુકવણી

૮૦. જ્યારે આવી વળતરની રકમનું ચૂકવણું કે ડિપોઝીટ જમીનનો કબજો લેતી વખતે અથવા તે પહેલાં કરવામાં ન આવ્યું હોય ત્યારે કલેકટર કબજો લીધાની મુદતથી વાર્ષિક ૯ ટકાના દરે વ્યાજ સહિત વળતરની રકમ આ રીતે ચૂકવવામાં કે ડિપોઝીટ કરવામાં આવે ત્યાં સુધી ચૂકવણું કરશે.

પરંતુ આવું વળતર કે તેનો કોઇ ભાગ કબજો લીધાની તારીખથી એક વર્ષની અંદર ચૂકવવામાં કે ડિપોઝીટ કરવામાં ન આવે તો દર વર્ષે પંદર ટકાના દરે વ્યાજ વળતર કે તેના કોઇ ભાગ પર એક વર્ષની ઉક્ત મુદત પૂરી થયાની તારીખથી કે પૂરી થતાં આવી મુદત પૂરી થતાં પહેલાં ચૂકવાયેલ કે ડિપોઝીટ કરાયેલ ન હોય તો ચૂકવવાપાત્ર બનશે.

## પ્રકરણ – ૧૧

પડતર અથવા ખેતીલાયક જમીનનો કામચલાઉ કબજો. જ્યારે વળતરની રકમ અંગે મતભેદ ઉદભવે ત્યારે કાર્યપદ્ધતિ

૮૧.(૧) યોગ્ય સરકારને જ્યારે એમ જણાય કે કોઇ પડતર અથવા ખેતીલાયક જમીનનો કોઇ જાહેર હેતુ માટે કામચલાઉ કબજો અથવા તેને ઉપયોગ કરવાનું જરૂરી છે તો યોગ્ય સરકાર કલેકટરને સૂચના કરી. પોતાને યોગ્ય લાગે તે શરતોએ તેવી જમીનનો કબજો અને ઉપયોગ કરવા માટે આવો કબજો લીધાની તારીખથી ત્રણ વરસના સમયગાળા માટે સંપાદન કરવા જણાવશે.

(૨) તે પછી કલેકટર લેખિતમાં નોટીસ મોકલી આવી જમીનમાં હિત

ધરાવતી વ્યક્તિને જે હેતુ માટે આ જમીનની જરૂર છે તેની જાણ કરી અને ઉપર પ્રમાણેની શરતોએ તેના કબજા અને ઉપયોગ માટે તેની ઉપરથી જો કોઇ સામગ્રી હોય તો લઇ લેવા માટે જણાવશે અને તેમને એક જ તબક્કે અથવા માસિક અથવા જે સમયગાળો લેખિતમાં તેમની અને સંબંધિત વ્યક્તિઓની વચ્ચે નક્કી થાય તે પ્રમાણે વળતર ચૂકવશે.

(૩) જે કિસ્સામાં કલેકટર અને હિત ધરાવતી વ્યક્તિઓ વચ્ચે વળતરની કે તેના હિસ્સાની પર્યાપ્તતા સંબંધી મતભેદ થાય ત્યારે કલેકટરતે મતભેદના નિવારણ માટે સત્તાતંત્રના નિર્ણય માટે રીફર કરશે.

પુનઃ સોંપણી પ્રવેશ કરવાનો અને કબજો લેવા અને વળતરનો અધિકાર.

૮૨.(૧) વળતરનું આવું ચૂકવણું કરીને અથવા આવો કોઇ કરાર કરીને અથવા કલમ ૬૪ નીચે રેફરન્સ કરીને કલેકટર જમીનમાં પ્રવેશ કરીને તેનો કબજો સંભાળી શકશે અને નોટીસમાં દર્શાવ્યા મુજબની શરતોએ તે જમીનનો ઉપયોગ કરી શકશે અથવા ઉપયોગ કરવાની મંજૂરી આપી શકશે.

(૨) તે મુદત પૂરી થતાં કલેકટર હિત ધરાવતી વ્યક્તિઓને તે જમીન ઉપર જો કંઇ નુકસાન થયું હોય અને તે માટે કરારમાં કોઇ જોગવાઇ ન કરી હોય તો તેની સાથે વળતર ચૂકવશે અને પછી હિત ધરાવનાર વ્યક્તિઓને તે જમીનનો પુનઃ કબજો સોંપશે.

પરંતુ જેટલા સમયગાળા માટે તે જમીનનો ઉપયોગ કરવામાં આવ્યો તેની બરાબર પહેલાં તે જમીનનો જે હેતુ માટે ઉપયોગ કરવામાં આવતો હતો તે હેતુ માટે હવે તે કાયમી સ્વરૂપે નકામી થઇ ગઇ હોય અને હિત ધરાવતી વ્યક્તિઓ જો તે મુજબ માંગણી કરે તો યોગ્ય સરકાર આ અધિનિયમ હેઠળ

કાર્યવાહી કરીને જાણે જાહેર હેતુ માટે તેની કાયમી જરૂરિયાત છે એમ માનીને તે જમીનનું સંપાદન કરશે.

જમીનની સ્થિતિ અંગે મતભેદ

૮૩. જો જમીન વપરાશની મુદત પૂરી થયા બાદ તેની સ્થિતિ પરત્વે અથવા તે કરાર સંબંધિત કોઇપણ બાબત પરત્વે કલેકટર અને હિત ધરાવતી વ્યક્તિઓ વચ્ચે મતભેદ પ્રવર્તે તો કલેકટર તે મતભેદના નિવારણ અર્થે સંબંધિત સત્તાતંત્રના નિર્ણય માટે પુછાવશે.

## પ્રકરણ – ૧૨

## ગુનો અને શિક્ષા

ખોટી માહિતી માટે દુર્બુદ્ધિથી કરેલ કાર્યવાહી માટે શિક્ષા.

૮૪.(૧) આ અધિનિયમની જરૂરિયાતો અને સૂચનાઓ પરત્વે કોઇ વ્યક્તિ ખોટી માહિતી કે ગેરમાર્ગે દોરનારી માહિતી અથવા એવો દસ્તાવેજ રજૂ કરે કે તે વ્યક્તિ છ મહિના સુધીની કેદની સજા અથવા રૂપિયા એક લાખ સુધીનો દંડ અથવા તે બંને માટે પાત્ર ઠરશે.

(૨) કોઇપણ ખોટો દાવો રજૂ કરીને અથવા દયાપૂર્ણ સાધનથી મેળવેલ પુનઃસ્થાપન અને પુનઃવસવાટના લાભને યોગ્ય સરકાર નિયત કરેલ રીતે પરત મેળવી શકશે.

(૩) જે કોઇ સરકારી નોકર આ અધિનિયમની કોઇ પણ જોગવાઇ અંતર્ગત દુર્બુદ્ધિયુક્ત વર્તનનો ગુનો સાબિત થાય તો તેની સામે શિસ્ત સત્તાતંત્ર દ્વારા શિસ્ત ભંગની કાર્યવાહી કરી શકાશે અને શિસ્ત સત્તાતંત્ર નક્કી કરે તે પ્રકારના દંડ સહિતની શિક્ષાને પાત્ર થશે.

અધિનિયમની જોગવાઇના ભંગ બદલ દંડ

૮૫. જો કોઇ પણ વ્યક્તિ, અધિનિયમની વળતર ચૂકવવાની જોગવાઇ અથવા પુનઃસ્થાપન અને પુનઃવસવાટ સંબંધિત જોગવાઇનો ભંગ કરે તો તેવી દરેક વ્યક્તિ છ મહિનાથી ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંનેને પાત્ર થશે.

કંપની દ્વારા ગુનો

૮૬.(૧) જ્યારે આ અધિનિયમની નીચે કોઇ કંપની દ્વારા કોઇ ગુનો આચરવામાં આવે ત્યારે તે ગુનો આચરવામાં આવ્યો હોય ત્યારે જે કોઇ વ્યક્તિ તે કંપનીના ચાર્જમાં હોય. અને કંપનીનું કામકાજનું સંચાલન સંભાળવા માટે જવાબદાર હોય તે વ્યક્તિ આ ગુના માટે તકસીરવાર ગણાશે અને તેમની સામે કાર્યવાહી કરી શકાશે અને તે અનુસાર શિક્ષાને પાત્ર બનશે.

પરંતુ આ પેટા-કલમમાં દર્શાવેલ કોઇપણ બાબત એવી કોઇ એવી વ્યક્તિને શિક્ષાને પાત્ર નહિ ગણે. જો તે વ્યક્તિ એમ પુરવાર કરે કે ગુનો તેમની જાણ બહાર આચરવામાં આવ્યો હતો અથવા આવો ગુનો થતો અટકાવવા માટે તેઓએ તમામ વાજબી કાળજી લીધી હતી.

(૨) પેટા-કલમ (૧) માં ગમે તે દર્શાવ્યું હોય તો પણ આ અધિનિયમ હેઠળનો કોઇપણ ગુનો કોઇ કંપની દ્વારા આચરવામાં આવ્યો હોય અને એમ સાબિત થાય કે તે ગુનો કંપનીના ડાયરેકટર, મેનેજર, સેક્રેટરી અથવાં અન્ય અધિકારીની સંમતિથી અથવા તેમના દ્વારા જાણીબુઝીને આંખ આડા કાન કરવા દ્વારા કરવામાં આવ્યો છે અથવા ગુનો કરવામાં તેમની બેદરકારી કારણભૂત છે તો તેઓ આ ગુના માટે તકસીરવાર ગણાશે અને તેમની સામે કાર્યવાહી હાથ ધરાશે અને તદનુસાર શિક્ષાને પાત્ર થશે.

સમજૂતી:    આ કલમના હેતુ માટે

(ક) કંપની એટલે કોઇ કોર્પોરેટ તંત્ર જેમાં પેઢી વ્યક્તિઓની મંડળી અને જરૂરિયાતવાળી સંસ્થાનોસમાવેશ થાય છે, અને

(ખ) 'ડાયરેક્ટર' એ પેઢી સંબંધિત એટલે તે પેઢીનો ભાગીદાર.

સરકારી ખાતા દ્વારા ગુના

૮૭.(૧)આ અધિનિયમ હેઠળ જ્યારે સરકારના કોઇ ખાતા દ્વારા આચરવામાં આવ્યો હોય તો તે ખાતાના વડા આ ગુના માટે તકસીરવાર ગણાશે અને તેમની સામે કાર્યવાહી કરી શકાશે અને તદનુસાર શિક્ષાને પાત્ર બનશે.

પરંતુ આ કલમમાં દર્શાવેલ કોઇપણ બાબત કોઇ એવી વ્યક્તિને કોઇપણ શિક્ષાને માટે પાત્ર ઠરાવશે નહિ. જો તે વ્યક્તિ એમ પૂરવાર કરે કે ગુનો તેમની જાણ બહાર આચરવામાં આવ્યો છે અથવા તેમણે આવો ગુનો થતો અટકાવવા માટે તમામ પૂરતી કાળજી લીધી હતી.

(૨)   ઉપરની પેટા-કલમ (૧) માં જે કંઇ દર્શાવાયું હોય પરંતુ આ અધિનિયમ હેઠળ જ્યારે ગુનો સરકારનાં કોઇ ખાતા દ્વારા આચરવામાં આવ્યો હોય અને એમ પૂરવાર થાય તે ગુનો તે ખાતાનાવડા સિવાયના કોઇ અધિકારીની સંમતિથી અથવા તેમના દ્વારા આંખ આડા કાન કરવાથી અથવા તે અધિકારીની બેદરકારીને કારણે કરવામાં આવ્યો છે તો તે અધિકારીને તે ગુના માટે તકસીરવાર ઠરાવશે અને તેમની સામે કાર્યવાહી થઇ શકશે અને તદનુસારની શિક્ષાને પાત્ર થશે.

અદાલત દ્વારા ગુનાની નોંધ લેવી

૮૮. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસથી ઉતરતી નહિ તેવી કોઇ અદાલત આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનો કેસ ચલાવી શકશે.

ગુના નોન-કોગ્નિઝેબલ હોવા બાબત.

૮૯. ક્રિમિનલ પ્રોસીજર કોડ. ૧૯૭૩ માં જે કંઇપણ દર્શાવવામાં આવ્યું હોય તો પણ આ ૧૯૭૪ નો બીજો અધિનિયમ હેઠળનો કોઇપણ ગુનો નોન-કોગ્નિઝેબલ ગણાશે. ૧૯૭૪નો બીજો

અમુક વ્યક્તિઓ દ્વારા ફરિયાદ થતાં ગુનો કોગ્નિઝેબલ ગણવા બાબત.

૯૦. આ અધિનિયમ હેઠળ કોઇ અદાલત જરૂરી તંત્ર દ્વારા થયો હોવાનું મનાતા કોઇપણ ગુનાનું કોગ્નાઇઝન્સ લેશે નહિ. સિવાય કે કલેકટર દ્વારા અથવા યોગ્ય સરકાર દ્વારા અધિકૃત કરાયેલ અધિકારી દ્વારા અથવા અસરગ્રસ્ત કુટુંબના કોઇ સભ્ય દ્વારાલેખિતમાં ફરિયાદ કરવામાં આવી હોય.

## પ્રકરણ – ૧૩

## પ્રકીર્ણ

મેજિસ્ટ્રેટે જમીનનો કબજો લેવા બાબત.

૯૧. આ અધિનિયમ નીચે કોઇ જમીનનો કબજો લેવામાં કલેકટરનો જો વિરોધ કરવામાં આવે અગર તેની સામે અવરોધ ઊભો કરવામાં આવે તો, જો તે પોતે મેજિસ્ટ્રેટ હોય તો જમીન પોતાને હસ્તગત કરવાની ફરજ પાડશે અને જો તે પોતે મેજિસ્ટ્રેટ ન હોય તો, તે મેજિસ્ટ્રેટ અથવા પોલિસ કમિશ્નરને અરજી કરશે અને તે મેજિસ્ટ્રેટ અથવા પોલિસ કમિશ્નર. જે લાગુ પડતુંહોય તેમ. કલેકટરને જમીન હસ્તગત કરાવશે.

નોટીસની બજવણી.

૯૨.(૧) કલમ ૬૬ માં અન્યથા જોગવાઇ કરાઇ હોય તેમ સિવાયના

કિસ્સામાં આ અધિનિયમ હેઠળ જ્યારે તેમાં દર્શાવેલ કોઇ અધિકારી દ્વારા જે કોઇ નોટીસની બજવણી કરવામાં આવે તો આપીને કે તેની નકલમાં સહી લઇને તે જારી કરી શકાશે: જ્યારે અન્ય કોઇ કિસ્સામાં કલેકટરના હુકમથી જે જારી કરી શકાશે.

(૨) જ્યાં શક્ય હોય ત્યાં, નોટીસની બજવણી તેમાં દર્શાવેલ નામની વ્યક્તિને કરવી.

(૩) જ્યારે આવી કોઇ વ્યક્તિ મળી ન આવે ત્યારે તેના કુટુંબમાં તેની સાથે રહેતી પુખ્ત વયની વ્યક્તિને બજવણી કરવી અને જ્યારે આવી કોઇ પુખ્ત વયની વ્યક્તિ ન મળી આવે ત્યારે નોટીસ તે વ્યક્તિ સામાન્ય રીતે જે ઘરમાં રહેતી હોય તે વ્યક્તિના ઘરના બહારના દરવાજે અથવા તેમના કામકાજના સ્થળે દરવાજે ચોંટાડી, તેમજ ઉપર જણાવેલ અધિકારીની કચેરીના જાણીતા ધ્યાનાકર્ષક સ્થાન પર અથવા કલેકટર કચેરીના કે અદાલતના મકાનના સ્થાને તેમજ જે સંપાદન કરવાની જમીનના ધ્યાનાકર્ષક સ્થાને લગાવીને બજાવવી.

પરંતુ, જો કલેકટર અથવા જજ એ પ્રમાણે સૂચના આપે તો નોટીસ પોસ્ટ મારફતે પણ મોકલી શકાય. જેમાં પત્ર, નોટીસમાં જણાવેલ વ્યક્તિને ઉદ્દેશીને લખવો અને તેમના રહેઠાણના આખરી સ્થાનની ઉપલબ્ધ માહિતીના સરનામે મોકલવો અથવા તેમના ધંધાના સ્થાને મોકલવો તેમજ ઓછામાં ઓછા બે રાષ્ટ્રીય દૈનિક અખબારોમાં તેમજ તેમની વેબસાઇટ પર પણ પ્રસિદ્ધ કરવી.

જમીનના સંપદદનું આખરીકરણ

૯૩.(૧) યોગ્ય તે સરકારને, જેમાં જમીનનો કબજો લેવામાં આવ્યો નથી એવા કિસ્સામાં તેમને જમીનની સંપદનમાંથી પાછા હટવાની છૂટ છે.

ફરજીયાત નથી પરંતુ જ્યારે ચૂકવવાની વળતરની ક્રિયા પૂરી ન થાય ત્યારે.

(૨) જ્યારે કોઇ યોગ્ય તે સરકાર, જમીન સંપાદનમાંથી પાછા હઠે છે ત્યારે, જમીન માલિકને નોટીસ જારી કરવાને કારણે અથવા તે સંબંધિત જરૂરી કાર્યવાહી કરવાને કારણે, નુકસાન સહન કરવું પડયું હોય તેની સામે વળતર ચૂકવવા માટે કલેકટર રકમ નક્કી કરશે અને હિત ધરાવતી વ્યક્તિને તે વળતરની રકમ તેમજ તેણે આ જમીન સંબંધિત જે કંઇ કાર્યવાહી આ અધિનિયમ અંતર્ગત કેસ દાખલ કરવામાં જે કંઇ ખર્ચ વાજબી રીતે કરેલ હોય તેનું પણ ચૂકવણું કરશે.

મકાન કે ઘરનો ભાગ સંપાદન કરવો.

૯૪.(૧) જે કિસ્સામાં માલિકની એવી ઇચ્છા હોય કે પોતાના મકાન, ઘર કે કારખાનાનો સમગ્ર કબજો લેવો જોઇએ તો આ અધિનિયમની જોગવાઇઓ તે મકાન, ઘર કે કારખાનાનો અમુક હિસ્સો સંપાદન કરવા માટે લાગુ પડશે નહિ.

પરંતુ જ્યારે કોઇ જમીનનો આ કલમ અંતર્ગત કબજો લેવાનો છે તે આ કલમના અર્થ અનુસાર કોઇ ઘર, મકાન કે ફક્ટરીનો હિસ્સો છે કે નહિ તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે કલેકટર આવા પ્રશ્નના નિર્ણય માટે સંબંધિત સત્તાતંત્રને આ બાબત રીફર કરશે અને જ્યાં સુધી આ પ્રશ્ન પરત્વે કોઇ નિર્ણય ન આવે ત્યાં સુધી તે જમીનનો કબજો લેવામાં આવશે નહિ.

(૨) ઉપરના પરંતુક (૧) નીચે કરવામાં આવેલ રેફરન્સનો નિર્ણય કરતાં પહેલાં સંબંધિત સત્તાતંત્ર એ બાબત ઉપર ખાસ ધ્યાન આપશે કે સદર જમીન, જેનો કબજો લેવાની દરખાસ્ત છે તેવું મકાન, ઘર કે કારખાનાના સંપૂર્ણ અને અખંડ ઉપયોગ માટે વાજબી રીતે આવશ્યક છે.

(૩) આ અધિનિયમ હેઠળના દાવા સંબંધિત કોઇપણ કિસ્સામાં, કોઇ હિત ધરાવતી વ્યક્તિની અન્ય જમીનમાંથી જમીનનો કબજો લેવાનો હોય ત્યારે યોગ્ય તે સરકારનો એવો અભિપ્રાય થાય કે તે વ્યક્તિનો દાવો ગેરવાજબી છે અથવા વધારે પડતો છે તો તે. કલેકટર પોતાનો એવોર્ડ જાહેર કરે તે પહેલાં ગમે તે સમયે, સુચિત જમીનમાં હિસ્સો સંપાદન કરવાની દરખાસ્ત હતી તે સમગ્ર જમીન સંપાદન કરવાના હુકમો જારી કરશે.

(૪) આ પ્રકારે જમીન સંપાદન કરવાની જરૂર પડે ત્યારે અધિનિયમની કલમ ૧૧ થી ૧૯ (તે બંને કલમો સહિત) અનુસાર નવેસરથી જાહેરનામું બહાર પાડવાની જરૂર રહેતી નથી. પરંતુ કલેકટર કોઇપણ વિલંબ વિના યોગ્ય તે સરકાર દ્વારા જમીન સંપાદન કર્યાની હુકમની નકલ હિત ધરાવતી વ્યક્તિને બજાવશે અને તે પછી કલમ ૨૩ નીચે પોતાના એવોર્ડ અંગેની કાર્યવાહી કરશે.

સ્થાનિક સત્તાતંત્ર અથવા જરૂરિયાતવાળી સંસ્થાનાખર્ચે જમીનનું સંપાદન.

૯૫.(૧)જ્યારે આ અધિનિયમની જોગવાઇઓનો અમલ સ્થાનિક તંત્ર અથવા જરૂરીયાતવાળી કોઇ સંસ્થા દ્વારા જેનું સંચાલન અથવા નિયંત્રણ કરાઇ રહ્યું હોય તેવા કોઇ ફંડના ખર્ચે જમીન સંપાદન કરવા માટે કરવામાં આવે ત્યારે આવા જમીન સંપાદન માટેના વાજબી ખર્ચ તે આવા ફંડમાંથી અથવા જરૂરિયાતવાળી સંસ્થામાંથી મેળવવામાં આવશે.

(૨) કલેકટર સમક્ષ અથવા સંબંધિત સત્તાતંત્ર સમક્ષ ચાલતી કોઇપણ કાર્યવાહી સમક્ષ ચાલતી હોય ત્યારે તેવા કિસ્સાઓમાં સ્થાનિક તંત્ર અથવા સંબંધિત જરૂરીયાતવાળી સંસ્થા વળતરની રકમ નક્કી કરવાના હેતુ માટે

ઉપસ્થિત રહી શકે અને પુરાવાઓ ટાંકી શકે.

પરંતુ, આવી કોઇ સ્થાનિક સંસ્થા કે જરૂરીયાતવાળી સંસ્થાને કલમ ૬૪ નીચે સંબંધિત સત્તાતંત્રનો રેફરન્સ માગવાનો હક નથી.

આવકવેરા, સ્ટેમ્પ ડ્યુટીઅને ફીમાંથી મુક્તિ

૯૬. આ અધિનિયમ હેઠળ જાહેર કરાયેલા એવોર્ડકે કરારને કલમ ૪૬ ના અપવાદ સિવાય, કોઇ આવક વેરો કે સ્ટેમ્પ ડ્યુટી લાગવાપાત્ર નથી; તેમજ આવા એવોર્ડ અથવા કરાર અંતર્ગત દાવો કરનાર કોઇપણ વ્યક્તિ તેની નકલ મેળવવા માટે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાને પાત્ર નથી.

પ્રમાણિક નકલનો પુરાવા તરીકે સ્વીકાર

૯૭. આ અધિનિયમ હેઠળની કોઇપણ કાર્યવાહીમાં ૧૯૦૮ના નોંધણી અધિનિયમ હેઠળ નોંધણી કરાવેલ દસ્તાવેજની પ્રમાણિત નકલ, જેમાં આ અધિનિયમની કલમ ૫૭ હેઠળ અપાયેલ નકલ સમાવિષ્ટ છે. નો તેવા દસ્તાવેજમાં નોંધાયેલ વ્યવહારના પુરાવા તરીકે સ્વીકાર કરી શકાશે.

અધિનિયમ અનુસાર કરવામાં આવેલ દાવાના કિસ્સામાં નોટીસ

૯૮. આ અધિનિયમના પાલન માટે કંઇપણ કાર્ય કરનાર વ્યક્તિની સામે કોઇપણ દાવો અથવા કોઇપણ પ્રકારની કાર્યવાહી. તેવી વ્યક્તિને તેવી કાર્યવાહીનો ઇરાદો અને તે માટેનું કારણ દર્શાવતી એક માસની પૂર્વ નોટીસ આપ્યા વિના તેમજ પૂરતા સુધારા રજૂ કર્યા બાદ પણ શરૂ કરી શકાશે નહિ.

હેતુફેર માટે મંજૂરી નહિ

૯૯. જમીન જે હેતુ અથવા સંબંધિત હેતુ માટે પ્રારંભિક તબક્કે પ્રાપ્ત કરવામાં આવી હોય તે હેતુમાં કોઇ ફેરફાર મંજૂર કરાશે નહિ.

પરંતુ, કોઇ અગાચ્ય કારણોસર મહત્વના ફેરફારને કારણે જે હેતુસર જમીન સંપાદન કરવામાં આવી હોય તે માટે ઉપયોગ કર્યા વિના જમીન રહી હોય

તો યોગ્ય સરકાર બીજા કોઇ જાહેર હેતુસર આવી જમીનનો ઉપયોગ કરી શકે.

**પરવાનગી વિના માલિકીમાં ફેરફારની મંજૂરી નહિ**

૧૦૦. યોગ્ય સરકાર પાસેથી ખાસ પરવાનગી મેળવ્યા વિના માલિકીમાં કોઇ ફેરફાર મંજૂર કરાશે નહિ.

**વપરાશમાં નહિ લેવાયેલ જમીન પરત કરવા બાબત.**

૧૦૧. જ્યારે કોઇપણ જમીન કે તેનો કોઇ હિસ્સો આ અધિનિયમ હેઠળ સંપાદિત કરવામાં આવ્યો હોય અને તેનો કબજો લીધા તારીખથી પાંચ વરસના સમયગાળા સુધી કોઇપણ વપરાશ વિના પડી રહે તો તેને તે યથાપ્રસંગ તેના મૂળ માલિક કે માલિકો કે તેના કાયદેસર વારસોને અથવા યોગ્ય સરકારની જમીન વિકાસ બેંકમાં પરત મળે તે રીતે યોગ્ય સરકાર નિયત કરે તેમ કરવામાં આવશે.

સમજૂતી: આ કલમના હેતુસર, 'જમીન બેંક' એટલે સરકારની માલિકીની ખાલી, છોડી દીધેલી, વપરાશ વિનાની સંપાદિત જમીનો અને ઉત્પાદીત ઉપયોગમાં કર-બેદરકાર મિલ્કતોના ફેરફાર અંગે ધ્યાન કેન્દ્રીત કરતી સરકારી વસ્તુ.

**ઉંચા અવેજ માટે તબદીલ કરાયેલી જમીનના મૂલ્યનો તફાવત વહેંચી આપવા બાબત.**

૧૦૨. જ્યારે આ અધિનિયમ હેઠળ સંપાદિત કરવામાં આવેલ જમીનની માલિકી કોઇ અવેજ માટે કોઇ વ્યક્તિને, તે જમીન ઉપર કોઇ વિકાસલક્ષી પ્રવૃત્તિ હાથ ધર્યા વિના, તબદીલ કરવામાં આવે તો તે જમીનના વધેલા મૂલ્યના ચાળીસ ટકા તે જમીન જેમની સંપાદિત કરવામાં આવી હતી તે વ્યક્તિઓને અથવા તેમના વારસદારોની વચ્ચે સંપાદિત કર્યાના પાંચ વર્ષની અંદર જમીન જે મૂલ્યે સંપાદિત કરવામાં આવી હતી તે પ્રમાણસર વહેંચવામાં આવશે.

પરંતુ સંપાદન કાર્યવાહીના નિર્ણય બાદ થયેલ પ્રથમ વેચાણ કે તબદિલી અંગે જ લાભ મળશે.

અધિનિયમની જોગવાઇઓ પ્રવર્તમાન કાયદાઓથી વધારામાં હોવા બાબત.

૧૦૩. આ અધિનિયમ હેઠળની જોગવાઇઓ હાલમાં જે કાયદા તત્કાલિન ધોરણે અમલમાં હોય તે કરતાં વધારાની છે અને અનાદરમાં નથી.

ભાડાપટ્ટાનો યોગ્ય સરકારને વિકલ્પ.

૧૦૪. આ અધિનિયમમાં દર્શાવેલ કોઇપણ બાબત હોવા છતાં શક્ય હોય ત્યારે યોગ્ય સરકારને કલમ ૨ ની પેટા-કલમ (૧) માં દર્શાવેલ કોઇ જાહેર હેતુ માટે સંપાદન કરવાને બદલે ભાડાપટ્ટે જમીન લેવાના વિકલ્પનો અમલ કરવાની છૂટ છે.

આ અધિનિયમ ની જોગવાઇઓ અમુક કિસ્સાઓમાં લાગુ ન હોવા બાબત અથવા અમુક ફેરફારો સાથે લાગુ હોવા બાબત.

૧૦૫.(૧) નીચેની પેટા-કલમ (૩) ની જોગવાઇઓને આધીન રહીને, આ અધિનિયમની જોગવાઇઓ ચોથી અનુસૂચિમાં સૂચવાયેલ જમીન સંપાદનને લગતા કાયદાઓનું લાગુ પડશે નહિ.

(૨) કલમ ૧૦૬ ની પેટા-કલમ (૨) ને આધીન રહીને, કેન્દ્ર સરકાર જાહેરનામું બહાર પાડીને ચોથી અનુસૂચિમાં જણાવેલ કાયદા-કાનૂનો રદ કરી શકશે અથવા તેમાં વધારો કરી શકશે.

(૩) કેન્દ્ર સરકાર જાહેરનામું બહાર પાડીને આ અધિનિયમની શરૂઆતની તારીખથી એક વર્ષની અંદર સૂચના આપી શકશે કે તે પહેલી અનુસૂચિ અનુસાર આ અધિનિયમની વળતર નક્કી કરવા સંબંધિત જોગવાઇઓ

પૈકીની કોઇપણ જોગવાઇ તેમજ બીજી અને ત્રીજી અનુસૂચિમાં સૂચવાયેલ પુનઃસ્થાપન અને પુનઃવસવાટ સંબંધિત જોગવાઇઓ પૈકીની કોઇપણ જોગવાઇ જો અસરગ્રસ્ત પરિવારોના લાભ માટે હોય તો તે જોગવાઇઓ ચોથી અનુસૂચિમાં સૂચવવામાં આવેલા કાયદાઓ હેઠળના જમીન સંપાદન અંગેના કિસ્સાઓને પણ લાગુ પડશે જે વળતર ઘટાડતા નથી અથવા વળતર કે પુનઃસ્થાપન અને પુનઃવસવાટ સંબંધી જોગવાઇ કમજોર કરે નહિ તેવા અમુક અપવાદો અથવા ફેરફારો જે પ્રકારે જાહેરનામામાં સૂચવવામાં આવે તેની સાથે યથાપ્રસંગે લાગુ પડશે.

(૪) ઉપરની પેટા-કલમ (૩) નીચે જે કોઇ જાહેરનામું જારી કરવાનું વિચારણામાં આવે તેની નકલ સંસદના બંને ગૃહોમાં જ્યારે તેની બેઠક કુલ ૩૦ દિવસ માટે ચાલુ હોય, જે એક સત્રમાં અથવા તો બે કે તેથી વધુ સત્ર દરમિયાન મુસદ્દામાં વહેંચાયેલ હોય ત્યારે રજુ કરવાનો રહેશે અને જો તે પહેલાં સત્ર સમાપ્તિ થઇ જાય તો તે પછી તરત જ મળતા સત્ર અથવા ક્રમિક સત્રો પૂરા થાય તે પહેલાની બેઠકમાં રજૂ કરવાના રહેશે. જો બંને ગૃહો જાહેરનામું જારી કરવાનું નામંજૂર કરે અથવા જો બંને ગૃહો જાહેરનામામાં ફેરફાર કરવા માટે સંમત થાય તો તે જાહેરનામું બહાર પાડવામાં આવશે નહિ અથવા સંસદના બંને ગૃહો દ્વારા જે પ્રકારે ફેરફાર કરવા માટે સંમત થયા હોય તે ફેરફાર સાથે જ બહાર પાડવાનું રહેશે.

અનુસૂચિમાં ફેરફાર કરવાની સત્તા.

૧૦૬.(૧) કેન્દ્ર સરકાર, જાહેરનામું બહાર પાડીને આ અધિનિયમ હેઠળની અનુસૂચિમાં ફેરફાર અથવા કોઇ રીતે વળતર ઘટાડ્યા કે વળતર કે પુનઃસ્થાપન અને પુનઃવસવાટને લગતી આ અધિનિયમની જોગવાઇ કમજોર

કર્યા વિના સુધારો કરી શકશે.

(૨) ઉપરની પેટા-કલમ (૧) નીચે જે કોઇ જાહેરનામું જારી કરવાનું વિચારવામાં આવે તેનો મુસદ્દો સંસદના બે ગૃહોમાં જ્યારે તેની બેઠક કુલ ૩૦ દિવસ માટે ચાલુ હોય. જે એક સત્રમાં અથવા તો બે કે તેથી વધુ સત્રોની બેઠકમાં તરત મળતી કે ઉપર્યુક્ત ક્રમિક સત્રો પૂરા થાય તે પહેલાં રજૂ કરવાની રહેશે. જો બંને ગૃહો જાહેરનામામાં ફેરફાર કરવા માટે સંમત થાય તો તે જાહેરનામું બહાર પાડવામાં આવશે નહિ. સંસદના બંને ગૃહો સંમત થયા હોય તે ફેરફાર સાથે જ બહાર પાડવાનું રહેશે.

રાજ્યોની વિધાનસભાને અસરગ્રસ્ત કુટુંબોને વધુ લાભ થાય તેવા કાયદા ઘડવાની સત્તા

૧૦૭(૧) કેન્દ્ર સરકાર જાહેરનામું બહાર પાડીને ગમે તે રીતે વળતર ઘટાડ્યા અથવા વળતર કે પુનઃસ્થાપન અને પુનઃવસવાટને લગતા આ અધિનિયમની જોગવાઇ કમજોર કર્યા વિના આ અધિનિયમની કોઇ સૂચિમાં સુધારો કે ફેરફાર કરશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડવા વિચારેલ દરેક જાહેરનામાની નકલ મુસદ્દારૂપે એક અથવા બે કે તેથી વધુ ક્રમિક સત્રો પૂરા ત્રીસ દિવસની મુદત માટે હોય તે સંસદના દરેક ગૃહ સમક્ષ મુકવામાં આવશે અને જો તરત મળતા સત્ર કે ક્રમિક સત્રો પૂરાં થાય તે પહેલાં બંને ગૃહો જાહેરનામું કાઢવા સંમત ન થાય અથવા બંને ગૃહો જાહેરનામામાં કોઇ ફેરફાર કરીને સંમત થાય તો જાહેરનામું બહાર પાડવામાં આવશે નહિ અથવા યથાપ્રસંગ સંસદના બંને ગૃહો સંમત થાય તે ફેરફાર કરેલા સ્વરૂપે જ જાહેરનામું કાઢવામાં આવશે.

અસરગ્રસ્ત પરિવારોને

૧૦૮.(૧) જ્યારે રાજ્યનો કોઇ કાયદો અગર રાજ્ય સરકારે ઘડેલી કોઇ

બહેતર વળતર અને પુનઃસ્થાપન અને પુનઃવસવાટનો વિકલ્પ.

નીતિ આ અધિનિયમ હેઠળ જમીન સંપાદન અસરગ્રસ્ત વ્યક્તિઓ અગર તેનો પરિવાર અગર તેના કુટુંબના સભ્ય માટે ગણતરી કરવામાં આવેલ વળતર કરતાં વધારે વળતરની જ જોગવાઇ ધરાવતી હોય ત્યારે પોતાની પસંદગી મુજબ રાજ્ય સરકારના આવા કાયદા અગર આવી નીતિ અંતર્ગત આવું વધારે વળતર અને પુનઃસ્થાપન અને પુનઃવસવાટ મેળવવાનો વિકલ્પ આપી શકે છે.

(૨) જ્યારે રાજ્યનો કાયદો અગર રાજ્ય સરકારે ઘડેલી નીતિ પુનઃસ્થાપનઅને પુનઃવસવાટ માટે આ અધિનિયમ હેઠળ સિવાયના કાયદા અને નીતિ હેઠળની જોગવાઇ કરતાં બહેતર લાભની જોગવાઇ ઉપલબ્ધ કરે ત્યારે અસરગ્રસ્ત વ્યક્તિઓ અથવા તેમનું કુટુંબ અથવા કુટુંબની વ્યક્તિ પોતાની પસંદગીથી આ અધિનિયમ હેઠળ સિવાયના રાજ્ય સરકારના કાયદા અથવા નીતિ અંતર્ગત આવા બહેતર પુનઃસ્થાપન અને પુનઃવસવાટનો વિકલ્પ આપી શકશે.

યોગ્ય સરકારને નિયમો બનાવવાની સત્તા

૧૦૯.(૧) આ અધિનિયમની અન્ય જોગવાઇઓને આધીન રહીને યોગ્ય સરકાર જાહેરનામા દ્વારાં આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવા સારુ નિયમો બનાવશે.

(૨) ખાસ કરીને પૂર્વગામીની વ્યાપકતાની વિપરીત અસર વિના નીચેની તમામ અથવાતે પૈકીની અમુક બાબતોને આવરી લઇને નિયમો બનાવશે. જેમ કે:-

(ક) કલમ ૨ ના પેટા ખંડ (૨) નીચેના પ્રથમ પરંતુકમાં આગોતરી સંમતિ મેળવવાની પ્રક્રિયા;

(ખ) કલમ ૨ ની પેટા-કલમ (૩) ના ખંડ (ક) નીચે ગ્રામીણ અને શહેરી વિકાસમાં જમીનની મર્યાદા.

(ગ) કલમ ૪ની પેટા-પેટા કલમ (૧) નીચે સામાજિક અસરની સમીક્ષાનો અભ્યાસ કરવાની પદ્ધતિ અને સમયમર્યાદા.

(ઘ) કલમ ૬ ની પેટા કલમ (૧) નીચે સામાજિક અસરની સમીક્ષાના અહેવાલ તૈયાર કરવાની અને પ્રસિદ્ધ કરવાની પદ્ધતિ.

(ચ) કલમ ૧૬ ની પેટા-કલમ (૧) નીચે મોજણી હાથ ધરવા માટે તેમજ વસતિ ગણતરી હાથ ધરવા માટેની પદ્ધતિ અને તે માટે જરૂરી સમય.

(છ) કલમ ૧૬ ની પેટા-કલમ (૨) નીચે મુસદ્દારૂપ પુનઃસ્થાપન અને પુનઃવસવાટ યોજના તૈયાર કરવાની પદ્ધતિ.

(જ) કલમ ૧૬ ની પેટા-કલમ (૫) નીચે જાહેર સુનાવણી હાથ ધરવાની પદ્ધતિ.

(ઝ) કલમ ૧૯ ની પેટા કલમ (૨) ના બીજા પરંતુક નીચે જરૂરી સંસ્થા દ્વારા રકમ ડિપોઝીટ કરવાની પદ્ધતિ.

(ટ) કલમ ૩૩ ની પેટા-કલમ (૩) નીચે ચૂકવાયેલ વધારાની રકમની વસૂલાત કરી શકાય તેની પદ્ધતિ અને તે માટેની સમયમર્યાદા.

(ઠ) કલમ ૪૧ ની પેટા-કલમ (૪) નીચે વિકાસ યોજના તૈયાર કરવાનું ફોર્મ.

(ડ) કલમ ૪૩ ની પેટા-કલમ (૨) નીચે વહીવટદારની સત્તા, ફરજ અને જવાબદારીઓ.

(ઢ) કલમ ૪૫ ની પેટા-કલમ (૩) નીચે પુનઃસ્થાપન અને પુનઃવસવાટ સમિતિની કાર્યપ્રણાલિ.

(ણ) કલમ ૪૮ ની પેટા-કલમ (૩) નીચે પુનઃસ્થાપન અને પુનઃવસવાટ સમિતિએ અનુસરવાની કાર્યપદ્ધતિ અને નિષ્ણાતોને ચૂકવવાનાં ભથ્થાં.

(ત) કલમ ૫૦ ની પેટા-કલમ (૩) નીચે રાજ્ય દેખરેખ નિયંત્રણ સમિતિએ અનુસરવાની કાર્યપદ્ધતિ અને નિષ્ણાતોને ચૂકવવાપાત્ર ભથ્થાં.

(થ) કલમ ૫૫ ની પેટા-કલમ (૩) નીચે સત્તાતંત્રની કચેરીમાં રજિસ્ટ્રાર અને અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓને પગાર ભથ્થાં અને સેવાની અન્ય શરતો.

(દ) કલમ ૫૬ નીચે સત્તાતંત્રના પ્રમુખ અધિકારીને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં તેમજ (પેન્શન, ગ્રેજ્યુઇટી અને અન્ય નિવૃત્તિ લાભો સહિતની) સેવાની શરતો અને બોલીઓ.

(ધ) કલમ ૬૦ ની પેટાકલમ (૧) ના ખંડ (જી) હેઠળ બીજી કોઇ બાબતો.

(ન) કલમ ૮૪ ની પેટા કલમ (૨) નીચે ખોટો દાવો કરીને કે કપટભર્યો

ઉપાયો દ્વારા લીધેલા પુનઃસ્થાપન અને પુનઃવસવાટના લાભોની વસૂલાતની રીત.

(૫) કલમ ૧૦૧ નીચે પ્રત્યાવર્તન દ્વારા વપરાશ વિનાની જમીન પરત કરવાની રીત.

(ફ) જેને માટે આ અધિનિયમની જોગવાઇ પૂરી પાડે ત્યાં પ્રકાશનની રીત.

(બ) આ અધિનિયમ હેઠળ નિયત કરવું જરૂરી હોય કે નિયત કરી શકાય તેવી અન્ય બાબતો.

કેન્દ્રસરકારે બનાવેલા નિયમો સંસદ સમક્ષ રજૂ કરવા બાબત.

૧૧૦. આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે બનાવેલા તમામ નિયમોતે બનાવ્યા પછી બને તેટલા જલદી સંસદમાં બંને ગૃહો સમક્ષ, તેની બેઠક કુલ ૩૦ દિવસના સમયગાળા માટે ચાલુ હોય ત્યારે. પછી તે ૩૦ દિવસ એક જે સત્રમાં હોય કે બે કે તેથી વધુ એક પછી એક સત્રમાં હોય; અને જો તે પહેલાં સત્ર સમાપ્તિ થઇ જાય તો તે પછી મળતા સત્રની બેઠકમાં રજુ કરવાના રહેશે. જો બંને ગૃહો નિયમોમાં કંઇ ફેરફાર કરવા સંમત થાય અથવા બંને ગૃહો સંમત થાય કે આવા કોઇ નિયમ બનાવવા નથી; તો તે નિયમો તે પ્રકારના સુધારેલા સ્વરૂપમાં અમલમાં આવશે અથવા અમલમાં આવશે નહિ. તે બે પૈકી જે લાગુ પડતુ હોય તે. પરંતું આવા કોઇ ફેરફારને કારણે અથવા નિયમો રદબાતલ થવાને કારણે આ નિયમો હેઠળ અગાઉ જે કંઇ કાર્યવાહી કરવામાં આવી હશે તેની સચ્ચાઇ વિશે કોઇ પૂર્વગ્રહ રાખવામાં આવશે નહિ.

રાજ્ય સરકારે બનાવેલા નિયમો રાજ્યની વિધાનસભા સમક્ષ રજૂ કરવા બાબત.

૧૧૧. આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે બનાવેલ તમામ નિયમો, તે બનાવ્યા પછી બને તેટલા જલદી, રાજ્ય વિધાનસભાના પ્રત્યેક ગૃહ સમક્ષ (જો તે બે ગૃહોનું બનેલું હોય તો) અને જો તે એક જ ગૃહની બનેલી હોય તો, વિધાનસભાના ગૃહ સમક્ષ રજૂ કરવાના રહેશે.

કેન્દ્ર સરકારે કે અન્ય રાજ્ય સરકારે બનાવેલા નિયમોનું પૂર્વ પ્રકાશન કરવા બાબત.

૧૧૨. આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારને નિયમોબનાવવાની સત્તા, તે નિયમો પૂર્વે પ્રસિદ્ધ કર્યા બાદ નિયમો બનાવવાની શરતને આધીનછે.

અગવડો દૂર કરવાની સત્તા.

૧૧૩.(૧) આ ભાગની જોગવાઇઓને અસર આપવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી ઊભી થાય, તો કેન્દ્ર સરકાર, હુકમ જારી કરીને એવી જોગવાઇઓ કરશે અથવા એવી સૂચનાઓ જારી કરશે જે આ અધિનિયમની જોગવાઇઓની સાથે વિસંગત નહિ હોય અને જે આવી મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી કે આવશ્યક હોય.

પરંતુ, આવી કોઇ સત્તા આ અધિનિયમ શરૂ થયા બાદ બે વર્ષનો સમય પૂરો થયા બાદ વાપરી શકાશે નહિ.

(૨) આ કલમ નીચે કરવામાં આવેલ પ્રત્યેક હુકમ, તેવો હુકમ જારી કર્યા પછી બને તેટલો જલદી સંસદનાં બંને ગૃહો સમક્ષ મુકવામાં આવશે.

લોપ અને અપવાદ.

૧૧૪.(૧). જમીન સંપાદન ધારો, ૧૮૯૪ આથી રદ કરવામાં આવે છે. ૧૮૯૪નો ૧લો.

(૨) આ અધિનિયમમાં અન્યથા જણાવ્યાનુસાર. પેટા કલમ (૧) માં પાછી ખેંચી લેવામાં આવેલ બાબતને કારણે ૧૮૯૭ના જનરલ ક્લોઝીઝ અધિનિયમ. ૧૮૯૭ ની કલમ ૬ અમલ સામે કોઇ પૂર્વગ્રહ રહેતો નથી કે તેને કોઇ રીતે અસરકર્તા નથી. ૧૮૯૭નો ૧૦મો.

## પ્રથમ અનુસૂચિ

(જુઓ કલમ ૩૭(૨)

### જમીન માલિકો માટે વળતર

જેમની જમીન સંપાદન કરી હોય તેમને યોગ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલ પ્રમાણમાં અને કલમ ૩ ના ખંડ (સી) માં દર્શાવેલ ગણોતિયાને આપવાનું લઘુતમ વળતર નીચેના અંગભૂત ભાગોનું બનેલ હશે.

| ક્રમ નં. | અધિનિયમ હેઠળ સંપાદન કરેલ જમીનના સંબંધમાં વળતરની અંગભૂત ભાગો | કિંમત નિર્ધારિત નક્કી કરવાની રીત | કિંમત નિર્ધારિત કરવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જમીનની બજાર કિંમત | કલમ ૨૬ હેઠળ જોગવાઇ કર્યા મુજબ નક્કી કરવી. | |
| ૨ | ગ્રામીણ વિસ્તારમાં બજર કિંમતમાં ક્યાં પરિબળ વડે વધારે કરવો. | યોગ્ય સરકાર દ્વારા જાહેર કર્યા મુજબ શહેરી વિસ્તારમાંથી પ્રોજેક્ટના અંતર પર આધારિત ૧.૦૦ (એક) થી ૨.૦૦ (બે). | |
| ૩ | શહેરી વિસ્તારના કેસમાં બજાર કિંમતમાં ક્યા પરિબળ વડે વધારો કરવો. | ૧ (એક) | |
| ૪ | જમીન કે મકાન સાથેની અસ્ક્યામતોની કિંમત. | કલમ ૨૯ હેઠળ જોગવાઇ કર્યા મુજબ નક્કી કરવી. | |
| ૫ | વળતર રાહતની રકમ. | ક્રમ નં.૧ સામે દર્શાવેલ જમીનની બજાર કિંમતના એકસો ટકા ગુણ્યા ગ્રામીણ વિસ્તાર માટે ક્રમ નં.૨ સામે દર્શાવેલ ઘટક અથવા ક્રમ નં.૪ સામે દર્શાવેલ ઘટક વત્તા ખાના ૨ હેઠળ ક્રમ નં.૪ સામે જમીન કે મકાન સાથેજોડાયેલ અસ્ક્યામતોની કિંમત બરાબર. | |

| ક્રમ નં. | અધિનિયમ હેઠળ સંપાદન કરેલ જમીન સંબંધમાં વળતરની અંગભૂત ભાગો | કિંમત નિર્ધારિત નક્કી કરવાની રીત | કિંમત નિર્ધારિત કરવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૬ | ગ્રામીણ વિસ્તારોમાં આખરી એવોર્ડ | ક્રમ નં.૧ સામે દર્શાવેલ જમીનની બજાર કિંમત ગુણ્યા ક્રમ નં.૨ સામે દર્શાવેલ ઘટક વત્તા ખાના (૨) હેઠળ ક્રમ નં.૪ સામે દર્શાવેલ જમીન કે મકાન સાથે જોડાયેલ અસ્ક્યામતોની કિંમત વત્તા ખાના (૨) હેઠળ ક્રમ નં.૫ સામે દર્શાવેલ વળતર રાહત રકમ. | |
| ૭ | શહેરી વિસ્તારમાં આખરી એવોર્ડ | ક્રમ નં.૧ સામે દર્શાવેલ જમીનની બજાર કિંમત ગુણ્યા ક્રમ નં.૩ સામે દર્શાવેલ ઘટક વત્તા ખાના (૨) હેઠળ ક્રમ નં.૪ સામે દર્શાવેલ જમીન કે મકાન સાથે જોડાયેલ અસ્ક્યામતોની કિંમત વત્તા ખાના (૨) હેઠળ ક્રમ નં.૫ સામે દર્શાવેલ વળતર રાહત રકમ. | |
| ૮ | સમાવિષ્ટ કરવાના અન્ય કોઇ અંગભૂત ભાગો. | | |

નોંધ: ખાના (૨) હેઠળ દર્શાવેલ કિંમત જે તારીખે નક્કી કરવામાં આવે તે તારીખ દરેક ક્રમ નંબર સામે ખાના (૪) હેઠળ જણાવવી.

બીજી અનુસૂચિ

(જુઓ કલમ ૩૧(૧), ૩૮(૧) અને ૧૦૫(૩))

(બંને સંપાદન કરેલી જમીન પર જેમનો જીવન નિર્વાહ પ્રાથમિક રીતે આધારિત છે તેવા જમીન માલિકો અને કુટુંબો) ઉપરાંત તમામ અસરગ્રસ્ત કુટુંબોને પ્રથમ અનુસૂચિમાં જોગવાઇ કરાયેલ છે તે માટે પુનઃસ્થાપન અને પુનઃવસવાટ હકદારીના મૂળ તત્વો.

| ક્રમ નં. | પુનઃસ્થાપન અને પુનર્વસવાટ હકદારીના મૂળ તત્વો | હકદારી / જોગવાઇ | જોગવાઇ કરવામાં આવી કે નહિ (જોગવાઇ કરેલી હોય તો વિગતો આપો) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | બીજે ખસેડવાના કેસમાં આવાસન એકમોની જોગવાઇ | (૧) ગ્રામીણ વિસ્તારનું મકાન ગુમાવવું પડે તો ઇન્દિરા આવાસ યોજનાના વિગત વર્ણન પ્રમાણે બાંધકામ કરેલા મકાનની જોગવાઇ કરવાની રહેશે. શહેરી વિસ્તારમાં મકાન ગુમાવવું પડે તો ૫૦ ચો.મી. પ્લીન્થથી ઓછા લેવલવાળા ક્ષેત્રફળ નહિ તેવા વિસ્તારના બાંધેલા મકાનની જોગવાઇ કરવાની રહેશે.<br><br>(૨) ઉપર વર્ણવેલ લાભો ઘરબારની જમીન વગરનાં અને અસરકારક વિસ્તારના જાહેરનામાની તારીખ પહેલા પુરા ત્રણ વર્ષથી સતત તે વિસ્તારમાં રહેતા હોય અને આવા વિસ્તારમાંથી અનિચ્છાએ ખસેડવામાંઆવ્યા હોય તેવા કોઇ કુટુંબને પણ આપવાના રહેશે.<br><br>પરંતુ, શહેરી વિસ્તારના આવા કોઇ કુટુંબ તેને આપવામાં આવતું મકાન લેવા તૈયાર ન હોય તેને મકાન બાંધકામ માટે એક વખત નાણાકીય સહાય મળશે. જે રૂપિયા એક લાખ પચાસ હજારથી ઓછી નહિ હોય. | |

| ક્રમ નં. | પુનઃસ્થાપન અને પુનર્વસવાટ હકદારીના મૂળ તત્વો | હકદારી / જોગવાઇ | જોગવાઇ કરવામાં આવી કે નહિ (જોગવાઇ કરેલી હોય તો વિગતો આપો) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | પરંતુ, ગ્રામીણ વિસ્તારમાં અસર પામેલું કોઇ કુટુંબ હોય તો બાંધકામ કરેલ મકાનને બદલે તેને મકાનના ખર્ચ જેટલી રકમ તે ઇચ્છે તો આપવાની રહેશે.<br><br>પરંતુ, સંપાદનથી અસર પામેલ કોઇ કુટુંબને આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ એક મકાનથી વધુ મકાન આપવામાં આવશે નહિ.<br><br>ખુલાસો: શહેરી વિસ્તારનાં મકાનો જરૂરી હોય તો બહુમાળી મકાનના સંકુલોમાં પૂરાં પાડવામાં આવશે. | |
| ૨ | જમીનના બદલામાં જમીન. | સિંચાઇ પ્રોજેકટના કેસમાં અસરકારક વિસ્તારમાં ખેતીની જમીન ધરાવતા દરેક અસરકર્તા કુટુંબ અને જેની જમીન સંપાદન કરવામાં આવી હોય કે ગુમાવાઇ હોય અથવા જેને જમીન સંપાદન કે ગુમાવવાને કારણે સીમાંત ખેડૂતને કે જમીન વિહોણાની કક્ષામાં મુકાવું પડ્યું હોય તેને અસરકર્તા કુટુંબ સંબંધમાં હકપત્રકમાં સમાવિષ્ટ દરેક વ્યક્તિનેનામે પ્રોજેકટ માટે જમીન સંપાદન કરાઇ હોય તે સિંચાઇ ક્ષેત્રમાં ઓછામાં ઓછી એક એકર જમીન ફાળવવામાં આવશે.<br><br>પરંતુ, દરેક પ્રોજેકટમાં જમીન ગુમાવનાર અને અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જન જાતિના વ્યક્તિઓને સંપાદન કરેલ જમીન કે અઢી એકર જમીન તે બેમાં જે ઓછી હોય તેની જોગવાઇ કરવાની રહેશે. | |

| ક્રમ નં. | પુનઃસ્થાપન અને પુનર્વસવાટ હકદારીના મૂળ તત્વો | હકદારી / જોગવાઇ | જોગવાઇ કરવામાં આવી કે નહિ (જોગવાઇ કરેલી હોય તો વિગતો આપો) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | વિકસિત જમીન આપવી. | શહેરીકરણ માટે જમીન સંપાદન કરી હોય ત્યારે વિકસિત જમીનના વીસ ટકા અનામત રાખવામાં આવશે અને જમીન ધરાવતા પ્રોજેકટથી અસરગ્રસ્ત કુટુંબને તેમની સંપાદનકરેલ તેમની જમીનના પ્રમાણમાં અને સંપાદનની કિંમત બરાબર કિંમતે અને વિકાસની કિંમતે આપવામાં આવશે.<br>પરંતુ જમીન ધરાવતા પ્રોજેકટ અસરગ્રસ્ત કુટુંબો આ ઓફરનો લાભ લેવા માગતા હોય તે કેસમાં તેટલી રકમ તેને ચૂકવવાપાત્ર જમીન સંપાદન વળતર પેકેજમાંથી બાદ કરવામાં આવશે. | |
| ૪ | વાર્ષિક કે નોકરીની પસંદગી | યોગ્ય સરકાર એની ચોકસાઇ કરશે કે અસરગ્રસ્ત કુટુંબોને નીચેના વિકલ્પો આપવામાં આવ્યા છે કે કેમ?<br>(ક) પ્રોજેકટ મારફત નોકરીઓ ઊભી કરવામાં આવી હોય ત્યાં પ્રોજેકટમાં અસરગ્રસ્ત કુટુંબ દીઠ ઓછામાં ઓછી એક વ્યક્તિને તે વખતે અમલમાં હોય તે કોઇ કાયદામાં જોગવાઇ કરેલ લઘુતમ વેતન જેટલા જ દરે યોગ્ય તાલીમ અને જરૂરી ક્ષેત્રે કુશળતા વિકાસ પૂરાં પાડ્યા પછી રોજગાર માટે જોગવાઇ કરવી અથવા જરૂરિયાત મુજબ એવા અન્ય પ્રોજેકટમાં નોકરી માટે વ્યવસ્થા કરવી.<br>(ખ) અસરગ્રસ્ત કુટુંબ દીઠ પાંચ લાખ રૂપિયાની એક વખત ચુકવણી. | |

| ક્રમ નં. | પુનઃસ્થાપન અને પુનર્વસવાટ હકદારીના મૂળ તત્વો | હકદારી / જોગવાઇ | જોગવાઇ કરવામાં આવી કે નહિ (જોગવાઇ કરેલી હોય નો વિગતો આપો) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | (ગ) વાર્ષિકી નીતિમાં વીસ વર્ષ માટે કુટુંબ દીઠ દર મહિને બે હજાર રૂપિયા ચૂકવાશે અને ખેત મજૂરો માટે ગ્રાહક ભાવની યોગ્ય રકમ બતાવાશે. | |
| ૫ | એક વર્ષ માટે ખસેડવામાં આવેલ કુટુંબ માટે નિર્વાહ અનુદાન. | સંપાદિત કરેલ જમીનમાંથી ખસેડાયેલ દરેક અસરગ્રસ્ત કુટુંબને એવોર્ડની તારીખથી એક વર્ષ સુધી દર મહિને રૂપિયા ત્રણ હજાર જેટલું નિર્વાહ ભથ્થું આપવામાં આવશે.<br><br>આ રકમ ઉપરાંત, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના અસરગ્રસ્ત વિસ્તારમાંથી ખસેડાયેલને રૂપિયા પચાસ હજાર જેટલી રકમ મળશે.<br><br>અનુસૂચિત વિસ્તારમાંથી ખસેડાયેલના કેસમાં, શક્ય હોય ત્યાં સુધી એવા જ પરિસ્થિતવાળા ઝોનમાં ફરી વસાવાશે, જેથી આદિવાસી જાતિઓની આર્થિક તકો, ભાષા, સંસ્કૃતિ અને જીવન ટકાવી શકાય. | |
| ૬ | ખસેડાયેલ કુટુંબોને પરિવહન ખર્ચ. | ખસેડાયેલ દરેક અસરગ્રસ્ત કુટુંબને મકાન સામગ્રી તથા પશુઓને ખસેડવાના પરિવહન ખર્ચ પેટે પચાસ હજાર રૂપિયાની નાણાકીય સહાય એક વખત આપવામાં આવશે. | |

| ક્રમ નં. | પુનઃસ્થાપન અને પુનર્વસવાટ હકદારીના મૂળ તત્વો | હકદારી / જોગવાઇ | જોગવાઇ કરવામાં આવી કે નહિ (જોગવાઇ કરેલી હોય તો વિગતો આપો) |
| --- | --- | --- | --- |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૭ | પશુ છાપરી / પરચૂરણ દુકાન ખર્ચ. | પશુ ધરાવતા કે નાની દુકાન ધરાવતા દરેક અસરગ્રસ્ત કુટુંબને યોગ્ય સરકાર જાહેરનામાં દ્વારા યથાપ્રસંગ મકાન – છાપરી કે નાની દુકાન બાંધવા માટે ઓછામાં ઓછા રૂપિયા પચીસ હજારને આધીન નક્કી કરે તેટલી રકમની નાણાંકીય સહાય મળશે. | |
| ૮ | કારીગર, નાના વેપારી અને કેટલાક અન્યને એક વખત અનુદાન | દરેક અસરગ્રસ્ત કારીગર કુટુંબ, નાનો વેપારી કે સ્વરોજગારી વ્યક્તિ જેણે બીનખેતીની જમીન કે વાણિજ્યિક જમીન, ઔદ્યોગિક કે સંસ્થાકીય માળખું અસરગ્રસ્ત વિસ્તારમાં ગુમાવ્યું હોય અને જેને તેમાંથી જમીન સંપાદનને કારણે અનિચ્છાએ ખસેડવામાં આવ્યા હોય. તેમને જે તે યોગ્ય સરકાર જાહેરનામાથી ઓછામાં ઓછા પચીસ હજાર રૂપિયાને આધિન નક્કી કરે તે મુજબની રકમની નાણાકીય સહાય મળશે. | |
| ૯ | માછીમારના હક | સિંચાઇ કે હિડેલ પ્રોજેક્ટના કેસમાં અસરગ્રસ્ત કુટુંબોને સરોવરોમાં યોગ્ય સરકાર દ્વારા ઠરાવવામાં આવે તે રીતે માછીમારના હક આપવામાં આવશે. | |
| ૧૦ | એકવખત પુનઃવસવાટ ભથ્થું | દરેક અસરગ્રસ્ત કુટુંબને ફક્ત રૂપિયા પચાસ હજારનું પુનઃવસવાટ ભથ્થું એક વખત આપવામાં આવશે. | |
| ૧૧ | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી. | (૧) અસરગ્રસ્ત કુટુંબને ફાળવવામાં આવેલ જમીન કે મકાનની નોંધણી માટે ચૂકવવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી જરૂરીયાતવાળી સંસ્થાએ ભોગવવાનું રહેશે. | |

| ક્રમ નં. | પુનઃસ્થાપન અને પુનર્વસવાટ હકદારીના મૂળ તત્વો | હકદારી / જોગવાઇ | જોગવાઇ કરવામાં આવી કે નહિ (જોગવાઇ કરેલી હોય તો વિગતો આપો) |
|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ |
| | | (૨) અસરગ્રસ્ત કુટુંબને ફાળવવામાં આવેલ ઘર માટે જમીન તમામ બોજામુક્ત હશે.<br><br>(3) ફાળવેલ જમીન કે મકાન અસરગ્રસ્ત કુટુંબના પતિ-પત્નીના સંયુક્ત નામે હશે. | |

## ત્રીજી અનુસૂચિ

(જુઓ કલમ ૩ ૨. ૩૮(૧) અને ૧૦૫(૩))

## પૂર્વ જરૂરિયાતવાળી સુવિધાઓની જોગવાઇ

વસતિના પુનઃવસવાટ માટેની નીચેની પૂર્વ જરૂરિયાતવાળી સુવિધાઓ અને પાયાની ઓછામાં ઓછી સુવિધાઓ નવા ગામમાં કે કોલોનીમાં પુનઃવસાવેલ વસતી સામુહિક જીવનનું યોગ્ય ધોરણ સુનિશ્ચિત કરી શકે અને ખસેડાવાને કારણે ભોગવવો પડેલો માનસિક આધાત ઘટાડવાનો પ્રયાસ કરી શકે તે સુનિશ્ચિત કરવા સંપાદન કરનાર તંત્રના ખર્ચે પૂરી પાડવાની છે.

યોગ્ય રીતે વસવાપાત્ર અને આયોજિત વસવાટને લઘુતમ તરીકે નીચેની સગવડો અને સાધનો મળશે.

| ક્રમ નં. | જમીન સંપાદન કરનાર દ્વારા જોગવાઇ કરેલ / જોગવાઇ કરવાવિચારેલ પૂર્વ જરૂરિયાત સુવિધાઓ ઘટક. | જમીન સંપાદન કરનાર દ્વારા જોગવાઇ કરેલ પૂર્વ જરૂરિયાત સુવિધાઓની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | તમામ પુનઃવસવાટ કરાયેલ કુટુંબો માટે પુનઃવસવાટના ગામોમાં માર્ગો અને પાકા માર્ગોની નજીકની મોસમના માર્ગો. અવરજવરના માર્ગો. પાડોશ હકોની પર્યાપ્તપણે વ્યવસ્થા કરવી. | |
| ૨ | પ્રત્યક્ષ પુનઃવસવાટ કરતા પહેલાં કરવાની યોગ્ય ગટર વ્યવસ્થા તેમજ સ્વાસ્થ્યપ્રદ યોજનાઓ. | |
| ૩ | ભારત સરકારે ઠરાવેલ ધોરણો મુજબ દરેક કુટુંબને પીવાના સલામત પાણીનું એક અથવા વધુ ખાતરીદાયક સાધન. | |
| ૪. | પશુઓ માટે પીવાના પાણીની જોગવાઇ | |
| ૫ | રાજ્યમાં સ્વીકારેલ પ્રમાણસર ચરાણ માટેની જમીન | |
| ૬ | વાજબી સંખ્યામાં વાજબી ભાવની દુકાનો. | |
| ૭ | યોગ્ય હોય તે પંચાયત ઘર. | |

| ક્રમ નં. | જમીન સંપાદન કરનાર દ્વારા જોગવાઇ કરેલ / જોગવાઇ કરવાવિચારેલ પૂર્વ જરૂરિયાત સુવિધાઓ ઘટક. | જમીન સંપાદન કરનાર દ્વારા જોગવાઇ કરેલ પૂર્વ જરૂરિયાત સુવિધાઓની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| ૮ | ગ્રામ કક્ષાની પોસ્ટ ઓફિસ બચત ખાતા ખોલવાની સગવડ સાથેની. | |
| ૯ | જરૂરી હોય તો બિયારણ – ખાતર માટે સંગ્રહ વ્યવસ્થાની યોગ્ય સગવડ | |
| ૧૦ | પુનઃવસવાટ કરાયેલ કુટુંબોને ફાળવેલ ખેતીની જમીનમાં પાયાની સિંચાઇ સવલતો પૂરી પાડવાના પ્રયાસો. સિંચાઇ પ્રોજેકટમાંથી નહિ તો વિકસિત સહકારી મંડળીઓ કે કેટલીક સહકારી યોજનાઓ કે ખાસ સહાય હેઠળ કરવા. | |
| ૧૧ | ખસેડાયેલ વ્યક્તિઓના પુનઃવસવાટ માટે સ્થાપેલા તમામ ગામોને યોગ્ય પરિવહન સગવડ પૂરી પાડવાની રહેશે. જેમાં નજીકના વૃદ્ધિ કેન્દ્રો / શહેરી વસતિ સાથે સ્થાનિક બસ સેવા મારફત જાહેર પરિવહન સગવડનો સમાવેશકરવો જ જોઇએ. | |
| ૧૨ | સ્થળ પર જાતિ આધારિત અને તેમના રીતરિવાજ પર આધાર રાખીને સ્મશાન ગૃહ કે દફન ક્રિયા માટેના સ્થળ કે કબ્રસ્તાન. | |
| ૧૩ | વ્યક્તિગત સંડાસના સ્થળો સહિત સફાઇ માટેની સગવડો. | |
| ૧૪ | દરેક પરિવાર માટે વ્યક્તિગત કે ઇલેકટ્રીક જોડાણ (અથવા સોલર એનર્જી જેવી ઉર્જાના બિનપરંપરાગત સાધન મારફત જોડાણ) અને જાહેર બત્તી માટે વીજળી જોડાણ. | |
| ૧૫ | બાળ અને માતાને પૂરક પોષણ સેવા પૂરી પાડતી આંગણવાડીઓ. | |
| ૧૬ | મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ. ૨૦૦૯ (૨૦૦૯નો ૩૫મો) મુજબ બાળકના અધિકારની જોગવાઇ મુજબની શાળા. | |
| ૧૭ | બે કિલોમીટર વિસ્તારમાં પેટા-આરોગ્ય કેન્દ્ર | |

| ક્રમ નં. | જમીન સંપાદન કરનાર દ્વારા જોગવાઇ કરેલ / જોગવાઇ કરવાવિચારેલ પૂર્વ જરૂરિયાત સુવિધાઓ ઘટક | જમીન સંપાદન કરનાર દ્વારા જોગવાઇ કરેલ પૂર્વ જરૂરિયાત સુવિધાઓની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૮ | ભારત સરકારે ઠરાવ્યા પ્રમાણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર. | |
| ૧૯ | બાળકો માટે રમતગમત માટેનું મેદાન | |
| ૨૦ | દર સો કુટુંબો માટે એક સામુહિક કેન્દ્ર | |
| ૨૧ | અસરગ્રસ્ત વિસ્તાર સાથે સંખ્યાને સુસંગતપરિમાણમાં દરેક પચાસ કુટુંબ માટે વર્કશોપ અને ચોપાલ / ઝાડનો ઓટલા માટેની જગ્યા | |
| ૨૨ | પરંપરાગત આદિવાસી સંસ્થાઓ માટે અલગ જથ્થા સીમાંકીત કરવી જોઇએ. | |
| ૨૩ | શક્ય હોય ત્યાં વનવાસી કુટુંબોને બિનઇમારતી વન પેદાશો અને સહિયારી મિલકતના સાધનો અંગે તેમના પરંપરાગત હકો પુનઃવસવાટની જગ્યાની નજીકમાં ઉપલબ્ધ હોય તો પૂરા પાડવા જોઇએ અને કબજો છોડાવેલ જગ્યાની નજીકના વિસ્તારમાં વન અથવા સહિયારી મિલકતમાં આવું કોઇ કુટુંબ રહેવાનું / પ્રવેશ મેળવવાનું ચાલુ રાખે તેવા કેસમાં તેઓને ઉપર્યુક્ત જીવન નિર્વાહના સાધનો ભોગવવા તેમના અગાઉનાહકો ચાલુરાખવા જોઇએ. | |
| ૨૪ | જરૂરી હોય તો પુનઃવસવાટ માટે યોગ્ય સલામતી વ્યવસ્થા પૂરી પાડવી જોઇએ. | |
| ૨૫ | ધોરણો પ્રમાણે પશુ ચિકિત્સા સેવા. | |

નોંધઃ ક્રમ નં.૧ થી ૨૫ સામે ખાના (૨) હેઠળ દર્શાવેલ પૂર્વ જરૂરિયાત સુવિધાઓના દરેક ઘટકની વિગતો જમીન સંપાદન કરનારે ખાના (૩) હેઠળ દર્શાવવી.

ચોથી અનુસૂચિ

(જુઓ કલમ ૧૦૫)

જમીન સંપાદન અને પુનઃસ્થાપન અને પુનર્વસવાટને લગતા અધિનિયમોની યાદી.

(૧) પ્રાચીન સ્મારક અને પુરાતત્વ સ્થળો અને અવશેષો અધિનિયમ, ૧૯૫૮ (૧૯૫૮નો ૨૪મો).

(૨) અણુ ઊર્જા અધિનિયમ, ૧૯૬૨ (૧૯૬૨નો ૩૩મો)

(૩) દામોદર વેલી કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૮ (૧૯૪૮નો ૧૪મો)

(૪) ધી ઇન્ડિયન ટ્રામવેજ અધિનિયમ, ૧૮૮૬ (૧૮૮૬ નો ૧૧મો)

(૫) જમીન સંપાદન (ખાણ) અધિનિયમ, ૧૮૮૫ (૧૮૮૫નો ૧૮મો)

(૬) ધી મેટ્રો રેલવેજ (બાંધકામ) અધિનિયમ, ૧૯૭૮ (૧૯૭૮નો ૩૩મો)

(૭) ધી રાષ્ટ્રીય ધોરી માર્ગો અધિનિયમ, ૧૯૫૬ (૧૯૫૬નો ૪૮મો)

(૮) ધી પેટ્રોલિયમ અને ખનિજ પાઇપલાઇન્સ (જમીનમાં ઉપયોગકર્તાના હકોનું સંપાદન) અધિનિયમ, ૧૯૬૨ (૧૯૬૨નો ૫૦મો)

(૯) સ્થાવર મિલકત અધિગ્રહણ અને સંપાદન અધિનિયમ, ૧૯૫૨ (૧૯૫૨નો ૩૦મો)

(૧૦) ખસેડાયેલ વ્યક્તિઓના પુનર્વસવાટ (જમીન સંપાદન) અધિનિયમ, ૧૯૪૮ (૧૯૪૮નો ૬૦મો).

(૧૧) કોલસા ધરાવતા વિસ્તારનું સંપાદન અને વિકાસ અધિનિયમ, ૧૯૫૭ (૧૯૫૭નો ૨૦મો)

(૧૨) ધી વીજળી અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો)

(૧૩) ધી રેલવેજ અધિનિયમ, ૧૯૮૯ (૧૯૮૯નો ૨૪મો)

-----

પી.કે. મલ્હોત્રા

ભારત સરકારના સચિવ.

ભારત સરકારના પ્રેસ ખાતે મુદ્રણ નિયામકની કચેરી દ્વારા છાપ્યું.
મિન્ટો રોડ, નવી દિલ્હી અને પ્રકાશન નિયંત્રકે પ્રસિદ્ધ કર્યું, દિલ્હી, ૨૦૧૩.